ચતુર સુંદર

સ્ત્રી વિલાસ.

મનહર રસીક ગરબાવળી.

આઠ ભાગમાં.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. જેશીંગભાઇ મોતીલાલ શાહની કંપની.

ઠે. ઘીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૪૦૦૦

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કીંમત ૬ આના.

શ્રી નાથજી બાવાની કૃપા છે.

ચતુર સુંદર સ્ત્રી વિલાસ.

મનહર રસિક ગરબાવળી.

[illegible] ભાગની.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. જેશીંગભાઇ મોતીલાલ શાહની કંપની.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

આવૃતિ પહેલી   પ્રત ૪૦૦૦

સંવત ૧૯૬૯   સને ૧૯૧૩

કીમત ૪ આના.

અમદાવાદમાં
ધી રત્નસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ
જેશીંગભાઇએ છાપી.
ઠે. ચુડીઓળ—ત્રણ દરવાજા.

અનુક્રમણીકા

ભાગ ૧ લો.

ભાગ ૨ જો.

ભાગ ૩ જો.

ભાગ ૪ થો.

ભાગ ૫ મો.

ભાગ ૬ ઠો.

ભાગ ૭ મો.

ભાગ ૮ મો.

લગનમાં ગવાતાં ગીતો.

ધી રત્નસાગર પ્રિન્ટીંગ પ્રેસ.

અમારા છાપખાનામાં અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, ટાઇપમાં અપીલ, રીપોર્ટ, કેલેન્ડર, સરક્યુલર, પ્રોસપેક્ટસ, લેટરપેપર, નોટપેપર, બીલફાર્મ, ઇનવીટેશન અને વીઝીટીંગ કાર્ડ, એનવેલપ અને દરેક જાતનું વેપારીઓ તથા મીલને લગતું જોબીંગ, લેબલ તથા ફેન્સી કામ, વીગેરે કામ, બાહોશ માણસની દેખરેખ હેઠલ ટાઇમસર કીફાયત ભાવે મનપસંદ છાપી આપવામાં આવે છે. માટે દરેક ગ્રાહકોને એક વખત અમારા મધ્યમ દામ અને સફાઇદાર કામની ખાત્રી કરવાને વિનંતી કરીએ છીએ. અમારૂં છાપખાનું માંડવીની પોળ સામે હતું ત્યાંથી ફેરવી ત્રણ દરવાજે ચુડી ઓળમાં લઇ ગયા છીએ.



સુંદર સ્ત્રી વિલાસ

મનહર ગરબાવળી.

ભાગ ૧ લો.

ઇચ્છારામ કૃત લાવણી.

ચાલો જઇયે દરશન કરવા, ડાકોરમાં ઠાકોર બીરાજે છે;
દીનોનાથ દયાળા દામોદર, દરશનથી દુઃખ ભાગે છે. ૮૬
પહેલું દુઃખ બ્રહ્માનું રે ભાગ્યું, શંખાસુરને મારીને
શંખ નારાયણ બેટમાં બેઠા, વેદ લાવ્યા ચાર વાળીને.
કચ્છપ રૂપે સાગર મથીઓ, ચૌદ રત્ન બહાર કાઢીને;

અમૃત તો અમરોને પાયું, વળિ પાયું વિષ ધારીને.
વરાહ રૂપે પૃથ્વિ લાવ્યા, આદ્ય નિરંજન આજે છે; દીનોનાથ
પ્રલ્હાદજીની પ્રતિ પાળવા, નરહર નરસિંહ રૂપ ધર્યું;
હિરણ્યાકશ્યપુ નખે વધેર્યો, વિધિનું વાચક સફળ કર્યું.
વામન રૂપે બળિને ચાંપ્યો, ઇંદ્રરાયનું કાજ કર્યું;
છળિયો છડીદાર થૈ ઉભા, બળિ રાજાનું ભાગ્ય ભળ્યું.
ફરશી ગ્રહી નક્ષત્રી કીધી, જય કંકણ બિરાજે છે. દીનોનાથ.
અનેક દુઃખ દેવવાનાં ભાગ્યાં, રાજા રાવણ મારીને;
વિભીષણને લંકા આપી, પથ્થર પાણીજ તારીને.
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો, ગોકુળમાં ગા ચારીને;
મોરલીમાં મહા મોહ પમાડ્યા, ત્રણ લોક નર નારીને.
બુદ્ધ રૂપે જગન્નાથજી, જલમગ જ્યોત બિરાજે છે દીનોનાથ
અકળકળા નવખંડમાં વ્યાપી, ઘટઘટમાં તમો રમી રહ્યા;
ડાકોરમાં મંદિર બિરાજ્યા, બોડાણાપર કરી દયા.
ગંગાબાઇના ગુણ વધાર્યા. સવા વાલથી ગોળા થયા;
ભક્તિ જાણી માન્ય પાળ્યું. ગુગળી પાછા ઘેર ગયા.
માખણીઓ આરો છે સારો, લીંબડો મીઠો લાગે છે; દીનોનાથ.
ઊંચું દેવળ ઊંચું શીખર, ધોળી ધજા ફરફરે;
જે દરવાજે નોબત વાજે, રત્નાગર ત્યાં ગરગડે.
ગોમતી તીરે સંગમ તીરે, સંત આવી ત્યાં પડાવ પાડે;
આઠ દહાડે શુકરવારે, વાલમનો વરઘોડો ચડે.
રણછોડ રસિયો સોહાવનિયો, સૌને માથે ગાજે છે; દીનોનાથ.
ઉત્તર દક્ષિણ પુર્વ પશ્ચિમના, લોક દરશને આવે છે;
મોટા મોટા સંઘવી થઇને, સંઘ ડાકોરમાં લાવે છે.

નમણું નિરખું હઇડે હરખુ, રૂપ ઉપર જાઉં બલીહારી;
શંખ ચક્રને પદ્મ બિરાજે, ગદા ધરી છે ગીરધારી;
સાકર માખણ તુળશીની માળા, રાય રણછોડને ચડાવે છે. દીનાનાથ.

આશારામ કૃત પદ

તારી ભક્તિ બોડાણાને ભાવીરે, રણછોડ રંગીલા.
જમણા હાથમાં તુળશી વાવીરે, રણછોડ રંગીલા.
છોડ થાસે તે ઠેઠ નડાદીરે, રણછોડ રંગીલા.
મહા મજલો કીધો મધ્યરાતેરે, રણછોડ રંગીલા.
આવ્યા બોડાણાની સાથેરે, રણછોડ રંગીલા.
દેશ ગુજરાતમાં કરી ફેરારે, રણછોડ રંગીલા.
બાલો ઉમરેઠ આવીને રહ્યારે, રણછોડ રંગીલા;
ત્યાંતો પગલાં પુજાય છે તારારે, રણછોડ રંગીલા.
નગ વીના તે લાગે સહુ ખારારે, રણછોડ રંગીલા.
તાંતો પ્રગટ પારખુ કાઢ્યુ રે, રણછોડ રંગીલા.
શાખા લીમડાંનાં એક ડાળ મીઠરે, રણછોડ રંગીલા.
ભક્તને દરશન થાય છે સારારે, રણછોડ રંગીલા.
જાણ્યુ કાબાો લાગે ખારારે, રણછોડ રંગીલા;
લાભ લેવાને આવ્યા કાબારે, રણછોડ રંગીલા.
કાળા દોડેને ભગત થાય આભારે, રણછોડ રંગીલા,
આશારામને આશરે તારોરે, રણછોડ રંગીલા;
વાલા તારીરે પાર ઉતારોરે, રણછોડ રંગીલા.

શ્રીનાથજીના મહીના.

કારતક મ સેરે કહાનજી, મુકી પરદેશ;
હું છું નારીરે નાંનડી. જોબન બાળેર વેશ:

ગોકુળ આયો શ્રી નાથજી.
માગશર માસેરે માવજી, વશીયા સામીરે તેડ;
પિંજર લાગ્યા ઝરવા, આંખે આંસુંની રેલ; ગો૦ ૨
પોસ સોમેરે દેહડી, તોંય સ્નેહ ન વિસરાય;
આડો હેમાળો ઉલટો, તેથી કંપેરે કાય. ગો૦ ૩
માહા માસેરે સેજડી, બીજી વેરણ રાત;
પેહજી માહેરે ઘેર નહીં. કેમ જાય દિવસ મહારાજ, ગો૦ ૪
ફાગણ ફુલ્યોરે ફુલડે ફુલ્યાં કેસર કેરાં ઝાડ;
તેના છંટાવું છાંટણાં, ઉડે અબીલ ગુલાલ, ગો૦ ૫
ચૈતર ચંપો મોરીઓ, મોરી અરાડે ભાર;
માલણ લાવેરે મોગરા કાચી કળીનો હાર. ગો૦ ૬
વૈશાખેરે વન વેડીયાં, વેડી આંબલીયાંની શાખ;
રસ ઘોળાવુંરે વાટકી, જમીએ કોની સંગાથ. ગો૦ ૭
જેઠે જદુપુરે આવશે, ના આવ્યા શ્યામ શરીર;
બપૈયારે પીઉપીઉ કરે, મારે હૈયે નવ રહે ધીર, ગો૦ ૮
અસાડેરે ઘન ઉલટ્યો, માથે ચડ્યોરે ઘટ ઘોર;
વીજળડીરે ચમકા કરે, બોલે મધુરા શા મોર. ગો૦ ૯
શ્રાવણ વરસ્યોરે સરવડે, નદીએ નીર અપાર;
કોયલડી ટહુકા કરે, બેસી આંબલીયાની ડાળ. ગો૦ ૧૦
ભાદરવારે ભલે ગરજ્યો, વરશે મુશળધાર;
પિયુજી મારા મધુપુરમાં સાલે સોકલડી અપાર. ગો૦ ૧૧
આસોમાંરે દિવાળડી, આવ્યા શ્યામ શરીર;
થાળ ભરૂરે મોતીડે, વધાવું સુભદ્રાના વીર. ગો૦ ૧૨
બારે માસ પુરા થયા કહે છે કાવરે કર જોડ,
માગે તના પુરજો કોડ શ્રી રણછોડ. ગો૦ ૧૩

૨૧

જીવણ પ્રાણના મહિના.

રથ આવ્યા અક્રૂરના, છુટયા નંદ દરબાર;
શબ્દ ભરે છે સુંદરી, વળી જુએ છે વાટ.
રથ જોડીને માધવ ચાલ્યા રે, મથુરાંના તે મારગ ઝાલ્યારે;
વ્હાલો ડોકવાળી જુએરે, નેણુ ભરીને રાધીકા રૂએરે,
મારા બાળા તે પણના બેલીરે, શું જાઓછો માયા મેલીરે,
જીવણપ્રાણ છો આત્મારામ છો. ટેક ૧
કારતક મહીને કંથ સિધાવ્યા, રહી ન શકે નારી;
અંતરજામી નથી અજાણ્યા, હંસ ઉઠયા રહી હારી;
મેંતો શંભુજીની સેવા ન કીધીરે, મેતી થાપણ ઓળવી લીધીરે.
જીવન પ્રાણછો. આત્મારામ છો. ૨
માગશર મહીને મેલી ગયા, જઇ બેઠા જગદીશ;
કોઇ શંદેશો લાવે શ્યામનો, તેને ચરણ નમાવું શીશ;
તેને ચરણે નમાવું શીશરે, કોઇ દેખાડો જગદીશરે;
હું બનાવું રસોઇ બત્રીશરે. જીવણ પ્રાણછો, આત્મારામ છો. ૨
પોષ મહીનાની પ્રીતડી, જોબનની જંજાળ;
જમણ હતા તે જમી ગયા, ઠાલા મેલ્યા થાળ.
હરીએ ઠાલા મેલ્યા થાળરે, એવી જોબન તણી જંજાળરે;
બઇઓ સુખે ભજો શ્રી ગોપાળરે. જીવન પ્રાણછો, આત્મા ામ ૩
મહા મહીનાની ટાઢડી, અતિ રાતે અંધકાળ,
આચનલોચન વહી ગયા હરીને લશ્કર બંધાવું પાર.
મહા વેહની તે વેદના થાયરે, હુંથી એકલડી ન રહેવાયરે;
મારી થરથર કંપે કાયરે, જીવણપ્રાણછો. આત્મારાંમ છો. ૪
ફાગણ ફુલ્યો ફુલડે રમતા રાઘવરાવ;

આ શું કરી સુંદરી, હરી તજી ગયા જમણી આંખ,
વહાલે સોળશે ગોપીયો માંયરે, કાનુડાને કાંઇ ન કહેવાયરે;
વહાલો મુકી ગયા વનમાંયરે, જીવણપ્રાણજી, આત્મારામ. ૫
ચૈતર ચંપો મોરીયો, પીંપળ આવ્યાં પાન,
નાવ્યો નાગર નાવલો, મને તેનું લાગ્યું છે તાન,
મને તેનું લાગ્યું છે તાનરે, મને હરી ભજ્યાની હામરે;
કોઇ દેખાડો શ્રી રામરે, જીવણપ્રાણજી, આત્મારામ છો. ૬
વઇશાકે વાયા વાયલા, મુખનું ઉડ્યું નુર;
તાપ તપે તનડું તપે, હરી ગેલી થયા છે દુર.
એવો આવ્યો છે માયે ઉન્હાળોરે, એવો કપટી કાનુડો કાળોરે;
મને મુકી ગયા મોરલીવાળોરે, જીવણ પ્રાણ છો,
જેઠે જાણ્યું આવશે વેગે વિઠલરાય;
ચંદન પોળ્યું વાડકે, વિંઝણે ઢોળ્યું વાય.
હરીને વિંઝણે દો વાયરે, મારી ઘડી પલક જુગ જાયરે;
મારા કાળજામાં કાંઇ કાંઇ થાશરે. જીવણ પ્રાણ છો. ૮
અશાડ ચમકે વીજળી ઘન ગરજે ઘનઘોર;
આંસુડે ભીંજાય મારી ચુંદડી, નાડલા બોલે મોર;
એવા મીઠડા બોલે મોરરે, કરે બપઇયા કલોલરે.
મારૂં જાગે જોબનનું જોરરે, જીવણ પ્રાણ છો.
શ્રાવણ વરસે સરવડે, નહાતુ નિરમળ નીર;
પહેર્યાં પિતાંબર પોતિયાં, ઓઢણ આછાં ચીર;
હરી ઓઢણ આછાં ચીરરે; આપણ નાહાતાં જમના તીરરે;
એવી રીતે ઢળાં શરીરરે, જીવણ પ્રાણ છો, આત્મા. ૧૦
ભાદરવો ભલો ગાજીયો, પણ નાવ્યા બળવીર;

ચોર હતા તે હરી ગયા મારૂં શાને ઢાંકું શરીર,
મારી પોચે નજર નહી નાંખીરે, વ્હાલે ભરવાડની ગત રાખીરે
સામળીએ ન જોયું સાંખીરે, જીવણ પ્રાણજી આત્મા. ૧૧
આસો માસ ભલો આવીયો, સૌની પુર આશ,
તોરણ બાંધ્યા ટોડલે, એમ ગાય હરિજન દાસ.
ઘેર ઘેર મંગળ ગાયરે, ત્યાં થેઇ થેઇકાર થાયરે;
શ્રોતા વકતા સંકટ જાયરે, જીવણ પ્રાણજી, આત્મારામજી ૧૨

રસીયાજીનો મહીનો રાગ ગરબી.

શ્રી ગુરૂદેવને વલભને ચરણે લાગુરે રસિયાજી.
તેર માસ હરિ ગુણ ગાવા મતિ માગુ હો રંગ રસિયાજી. ૧
કારતક માસે કેમ ગયા છો મુકીરે, રસિયાજી;
પ્રાણજીવન પ્રભુ શી વાતે હું ચુકી હો રંગ રસિયાજી. ૨
ચુકી તોપણ દાસી હોય સમાવોરે રસિયાજી;
મારા સમજો મનમાં કાંઈ લાવો રંગ રસિયાજી. ૩
અબળા જન અમો અવગુણ કરી ખાણુરે રસિયાજી;
તોપણ નાથ નિભાવો ઝાલો પ્રાણ હો રંગ રસિયાજી. ૪
જેવી તેવી કિંકરી કહાવું તમારીરે રસિયાજી;
દાસ દયાના પ્રિતમ લ્યો શુધ મારી હો રંગ રસિયાજી. ૫
માગશર માશે મળવા મન અકળાયરે રસિયાજી;
પ્રીત તણી પીડા કહ્યે ન કહેવાય હો રંગ રસિયાજી, ૬
બાણમું સીડયું પણ અંતર લાગેરે રસિયાજી;
કાળજુ છેદી કંદ્રપના સર વાગે હો રંગ રસિયાજી, ૭
વિરહ વિકળ થઇ કળ ન પડે નિશ દીનરે રસિયાજી;
તાંલાવેલી લાગી માહારે તન હો રંગ રસિયાજી, ૮

દુખ દાનાનળ પ્રગટ્યો કેમ સહેવાયે રસિયાજી,
ધીરજ રાખું પણ ક્યાં લગી રહેવાય હો રંગ રસિયાજી, ૯
નીશ્ચે પ્રાણ જશે તલપી હવે મારોરે રસિયાજી.
દાસ દયાના પ્રીતમ પ્રાણ બચાવો હો રંગ રસિયાજી. ૧૦
પોશ માશે રોશ રૂદેથી મુકયારે, રસિયાજી;
અબળાના આધારે અવસર ચુકયા હો રંગ રસીયાજી. ૧૧
ઘણું શું કહીએ સમજી લેજોરે રસિયાજી;
વિજોગ પામે અવર દંડ કાંઇ દેજો હો રંગ રસીયાજી. ૧૨
સ્ત્રીને દુઃખ નહિ પતિ જો શસ્ત્રે મારેરે રસીયાજી;
તેથી કષ્ટ ઘણું તે મન વિતારે હો રંગ રસીયાજી, ૧૩
એક અદકું હવે તે શું કહીયેરે રસીયાજી;
ચતુર શિરોમણ ચતુરાનું દુઃખ લહીયે હો રંગ રસીયાજી, ૧૪
આ જોબનમાં આવી સુખને માણોરે રસીયાજી;
દાસ દયાના પ્રિતમજી તક જાણો હો રંગ રસીયાજી. ૧૫
મહા માસે તો મારા સમ ઘેર આવોરે રસીયાજી;
આ રતમાં દંપતી લે સુખ લ્હાવો હો રંગ રસીયાજી. ૧૬
પ્રથમ અમો એમાં કાંઇએ નવ લેહેતારે રસીયાજી;
શીખવી સમજાવી શું મ્હેલ્યાં વેહેતાં હો રંગ રસીયાજી, ૧૭
વ્હાલા થઇને વ્હેરશું વાળ્યું આવુંરે રસીયાજી;
આવડું શીદ કર્યું જ્યારે નોતું જાવું હો રંગ રસીયાજી. ૧૮
પ્રેમ પંથમાં કાટો કપટી ન સારોરે રસીયાજી;
પ્રથમ થકી પોંખી હવે શું મારો હો રંગ રસીયાજી, ૧૯
વીરહ વન્હીમ ધીકું છું નીસ દહાડોરે રસીયાજી.
દાસ દયા પ્રીતમજી મુને કહાડો હો રંગ રસીયાજી. ૨૦

ફાગણુ કેસુ ફુલ્યાં હું કરમાણીરે રસીયાજી,
આ વનમાળી પીયુ સિચ્યું ન પુરૂં પાણી હો રંગ રસીયાજી. ૨૧
વસંત રૂતુ તો સહુને વહાલી લાગેરે રસીયાજી,
તમ પાખે મને બાણુ દદેમાં વાગે હો રંગ રસીયાજી. ૨૨
અબીલ ગુલાલને કેસરના રંગે ગોળી રે રસીયાજી;
વિલાસ સુખ નવ લીધું મુજ ફિર હોળી હો રંગ રસીયાજી. ૨૩
સુખની રૂતુ શોક્યની સંગે સોહાયેરે રસિયાજી;
દુસકલડે રોવુ તો રમારે જોઇએ, હો રંગ રસિયાજી. ૨૪
પ્રથમ થકી પ્રભુ શે નવ નાખ્યાં મારીરે રસીયાજી,
દાસ દયાના પ્રિતમ આ ગતિ ધારી હો રંગ રસીયાજી. ૨૫
ચૈત્રે ચંદ્ર કીરણુ સહુને સુખકારીરે રસીયાજી,
એકલડીને લાગે તેહ કટારી હો રંગ રસીયાજી. ૨૬
સુખકારી હતા તે સહુ દુખ દેછેરે રસીયાજી;
જોઇ જોઇ સંભારી સુખ આંસુ વહેછે હો રંગ રસીયાજી. ૨૭
કરે કોપ શું કરમ તણો એ દોષરે રસીયાજી;
સો દરપણુ દોષ હોય રંગ રસીયાજી. ૨૮
આ દહાડા કયાં મુકયા હતા સંતાડીરે રસીયાજી;
જોબન અવસર આજો આપ્યો કહાડી હો રંગ રસીયાજી ૨૯
તમો કહેતાં તે અમો માનતા સાચુંરે રસીયાજી,
દાસ દયાના પ્રીતમ કીધું કાચુ હો રંગ રસીયાજી. ૩૦
વૈશાખે તૃજ સુનુ સઘળું દીશેરે રસીયાજી;
જન ઝાઝા પણુ કોને મન જઈ હીસે હો રંગ રસીયાજી. ૩૧
સરવે સરોવર સુકાં ચાતક લેખેરે રસીયાજી,
ચંદ્ર વિના જેમ ચકોર ઉજ્જડ દેખે હો રંગ રસીયાજી. ૩૨

વીત્યુ હોય તે એ સાચું પરમાણે રસીયાજી;
પીડ પ્રસુતાની શું વંઝા જાણે હો રંગ રસીયાજી. ૩૩
વીરહ વેદના ઘણી કઠણ બહુ દુખથીરે રસીયાજી,
વેઠે તે જાણે ન કહેવાય અમુકથી હો રંગ રસીયાજી. ૩૪
સ્નેહ તણો ઘા મલમ થકી ન રૂઝાયરે રસીયાજી,
દાસ દયાના પ્રીતમથી સુખ થાય હો રંગ રસીયાજી. ૩૫
જેઠ માસે તો સહુ સરોવર સુકાં રહેછેરે રસીયાજી,
મુજ લોચન ધારા નવ સુકી વહેછે હો રંગ રસીયાજી. ૩૬
ગ્રીષ્મરૂતુને તાપે તન અકળાયરે રસીયાજી;
પવન ફુવારાથી તે સઘ સમાય હો રંગ રસીયાજી. ૩૭
ગ્રીષ્મતાપન દીપ વાયુથી વામેરે રસીયાજી;
વિરહવન્હી આ પવને વૃદ્ધિ પામે હો રંગ રસીયાજી. ૩૮
પય ઉભરયું તે છાંટે નીર સમાયરે રસીયાજી;
તાતુ તેલ મળે જળ ભડકા થાય હો રંગ રસીયાજી. ૩૯
પ્રેમ પાવકની પીડ સહુ દુખ ગ અળગીરે રસીયાજી,
દાસ દયાના પ્રીતમ તમને વળગી હો રંગ રસીયાજી ૪૦
અસાડ માસે અતી ઉદુ દુખ સાલેરે રસીયાજી;
પંખીડા પણ મળીને માળા ઘાલે હો રંગ રસીયાજી. ૪૧
કોને કહીયેને કહે અદેખાં ઠરીએરે રસીયાજી,
અંતર આગે ઢાંકયા ધીકી મરીએ હો રંગ રસીયાજી, ૪૨
કીડો કાષ્ટ જેમ ખોખું કરે ખાઇ બાધુરે રસીયાજી,
તેમ વિરહ કીડે કાળજુ કરડી ખાધુ હો રંગ રસીયાજી. ૪૩
ઉપરથી તન સારૂ સહુ કોઇ દેખેરે રસીયાજી,
ભીતર ભડકો પ્રાણુ પોતાનો પેખે હો રંગ રસીયાજી. ૪૪
જે જાણે તે મુરખ કહે એ વાતરે રસીયાજી;

દાસ દયાના પ્રીતમ દુઃખ બહુ ભાત હો રંગ રસીયાજી. ૪૭
શ્રાવણ માસ સરવડે વરસ્યો મેહ રે રસીયાજી,
પાવસઋતુ શોભા થઇ ચંદાવત હો રંગ રસીયાજી. ૪૮
જઇ વળગી વેલ હું, નવ છોડીરે રસીયાજી,
ઇશ્વરે મારી બેલ તો નાંખી તોડી હો રંગ રસીયાજી. ૪૯
એક દીવસ આપણ ત્યાં વાતે વળગ્યારે રસિયાજી,
ઘન વરસ્યો ભીંજ્યા પણ ન થયાં અળગાં હો રંગ રસીયાજી. ૪૯
મેં ગણ રીત સહેવાઇ નહી ઘણું કાપીરે રસીયાજી,
ત્યારે તમે મુજને લઇ રહીયા શું ચાંપી હો રંગ રસીયાજી. ૪૯
સંભારી તે સુખ કાળજડું ફાટેરે રસીયા,
દાસ દયાના પ્રીતમ શામાટે વિસારી હો રંગ રસીયાજી. ૫૦
ભાદરવે ભડ વરસે ચપળા ચમકેરે રસીયાજી,
એક સમે હું આવી પાયલ ઝમકે હો રંગ રસીયાજી. ૫૧
હું આની સુણી ઘન વરસ્યો આકાસેરે રસીયાજી,
પીતાંબર હોરાડી લીધી પાસે હો રંગ રસીયાજી. ૫૨
સઘળુ સુખ કાંઇ પ્રગટ નથી કેહેવાતુરે રસીયાજી,
વિકલ પણ કાંઇ કહું છું નથી રહેવાતું હો રંગ રસીયાજી. ૫૩
પાલવ પાથરી કાલા વાલા કરીનેરે રસીયાજી,
પગે લાગી કહુંછું ફરી ફરીને હો રસીયાજી. ૫૪
વિરહ દુખ નથી સેહેવાતુ હવે આવોરે રસીયાજી;
દાસ દયાના પ્રીતમ શું તલસાવો હો રંગ રસીયાજી. ૫૫
આશ્વિન આવ્યો સહુ માસ સુખકારીરે રસીયાજી
વામ આંખલડી ફરકે છે કાંઇ મ્હારી હો રંગ રસીયાજી ૫૬
રાસ રમણની ઋતુ આવી તમો જાણોરે રસીયાજી;

લાલ બિહારી લીલાનાં સુખ માણો હો રંગ રસીયાજી. ૫૭
શરદ પુનમની નીશે પુરણ શશી પ્રગટયોરે રસીયાજી;
તમથી રમતાં સુખ દુખ મહારાં મટશે હો રંગ રસીયાજી ૫૮
કરૂણાનિધી છો માટે કરૂણા કરશોરે રસીયાજી;
વાહાલાંની વિનતી રૂદેમાં ધરશો હો રંગ રસીયાજી, ૫૯
આનંદ ઉપન્યો ઉરમાં વાલમ વસીયારે રસીયાજી;
દાસ દયાના પ્રિતમજી મુને મળીયા હો રંગ રસીયાજી ૬૦
પુરૂષોત્તમ માસે આશા તમારીરે રસીયાજી.
પુરવ પુન્યે થશે જુઓ મનવિચારી હો રંગ રસીયાજી ૬૧
આતુર જન સંતોષો કરી સનમાનરે રસીયાજી;
અધરામૃત પાઇ આપો જીવતદાન હો રંગ રસીયાજી. ૬૨
આ એક માસતો પુન્યદાનનો દહાડોરે રસીયાજી,
પ્રભુ પધરાવી સેવી કરૂ કર દાહાડો હો રંગ રસીયાજી. ૬૩
અવર દેવ સેવ્યાની શ્રદ્ધા છે નહીરે રસીયાજી;
પુરૂષોત્તમ પરણીને અવર વરે નહી હો રંગ રસીયાજી ૬૪
પ્રાણ જશે તોયે તમ વિના નહી ભજીયેરે રસીયાજી.
દાસ દયાના સ્વામી એમ સમજીએ હો રંગ રસીયાજી. ૬૫

ગોપીઓની સ્તુતિનાં મહીના.

(કારતકે કાજળને તજીયુ એ રાગ,)

કારતકે કોટી કલ્પના કરીએ ગોકુળીઆમાં ઘેલાં થઇ ફરીએ,
સુખ દુઃખ સર્વે સહી રહીએ, ઓધવ મારી સ્તુતી કહે જે;
દુઃખરે મારૂ દીલ મધે લેજો. ઓધવ ૧
માગસરે મેણાં લીધા માથે, જીવણજીએ વચન આપ્યાં હાથે,

કે રજની રમીશું તમારી સાથે, ઓધવ મારી સ્તુતી કહેજો. ૨
પોષે તો ધીરજ મન ધરીએ, કહોનો વાલા વિખડા પીઇ મરીયે,
જીવનુવિના જીવીને શું કરીએ, ઓધવ મારી સ્તુતી કહેજો ૩
માહેતો મીત્રી તોડી મારી વાલે મારે કુબજા કરી નારી;
આશું કીધુ મોહન મોરારી, ઓધવ મારી. ૪
ફાગણ ફીકર કરૂં મનમાં, દીવરા રાત તપે તનમાં;
વખુટી જેમ હરણી ફરે વનમાં. ઓધવ મારી૦ ૫
ચઇતરે ચીત કરે ચાળા, મુકી ચાલ્યા મોરલી તો વાલા;
દરશન તમે દોની નંદલાલા. ઓધવ મારી૦ ૬
વઇશાખે વનમાં કોયલ બોલે, તેથી મારાં ત્રણભોવન ડોલે;
જોબન મારૂં જાય છે જકજોલે. ઓધવ મારી૦ ૭
જેઠે તો જળ ભરીઆં નેણુ, બંધન મારા હરીવરને કહેણે;
ખટકે વાલા નાથ તણે મેણે ઓધવ મારી૦ ૮
અષાડે તો ઇંદ્રધારે વરસે પીઉ વીના મન મારૂ તરસે;
મોહનવર મેહેર હવે કરશે. ઓધવ મારી૦ ૯
શ્રાવણ સાંભળ સાહેલી, નમેરા તો નાથ ગયા મેલી;
ગોકુળીયામાં થયને ફરૂ ઘેલી. ઓધવ મારી૦ ૧૦
ભાદરવે શુધર બેટો હમને ઝાંઝુ હવે શું કહીએ તમને;
વાયદા કરી વાલા અમને. ઓધવ મારી૦ ૧૧
આસો મારો આવી દીવાળી, ઘેરરે આવ્યા મોહન મોરારી;
હળીમળી સહુ સખી લ્યો તાળી. ઓધવ મારી૦ ૧૨
બરેરે મારો રાગે તો કરીયા, દાસ રણછોડના સ્વામી મળીયા
તેથી મારાં જનમ મરણ ટળીયાં. ઓધવ મારી૦ ૧૩

પતીને પરદેશ ન જવા દેવા વિશેના મહિના.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ રાગ)

કારતક મહીને અબળા કહે છે કંથને,

હવે શિઆળો આવ્યો સ્વામીનાથજો;
હીમાળુ વા વાયોરે હલકી ટાઢમાં,
શું શોધો પરદેશ.જવાનો સથજો.
એ મહીને નવ જઇએ પીજી પરદેશમાં. ૧
માગશર મહિને હોંશ ઘણી મન મળરે,
રશીઆ સંગ રમ્યાની ગામ રાતજંન;
ઘુંઘટડો કાઢીરે ઘર આગળ ફરૂં.
પીયુ મેલો પરદેશ જવાની વાતજો
એ મહીને નવ જઇએ પીજી પરદેશમાં. ૨
પોસે જે અબળાને પીયુડે પરહરી,
તે નારીનાં પુરણ મળીયાં પાપજો;
સાસરીએ રહીને તે શાં સુખ ભોગવે,
મૈયરમાં નવ ગોઠે માને બાપજો;
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૩
માહા મહીને નવ કરીએ નાથ મુસાફરી,
ઘરો સાટે જવ લાવો બારી બારજો;
બેઉ ચીને જમશુંરે મારા વાલમા.
જરૂર નહી જાવા દેઉ ઘરથી બહારજંન;
એ મહીને નવ જઇએ પીયુ પરદેશમાં. ૪
ફાગ રમે ફાગણુમાં નરને નારીયો,
ઘેર ઘેર નૌતમ કૌતક નવલા થાય જો;
જે નારીનો નાવલીઓ નાશી ગયો,
કહો તેણે કેમ નજરે જોયું જાયજો.
એ મહીને નવ જઇએ પીયુ પરદેસમાં. ૫

ચઇતરમાં ચતુરને પંથ ન ચાલવુ,.
જો ઘેર નારી સારી ચતુર સુજાણજો;
વાહાલપણે વચનેરે પીઉને વશ કરે,
નીરધાર્યું તે પડયું રહે પરીઆણજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૬
વાવલીયા વાયા તે પીયુ વઇશાખના,
રજ ઉડેને માણેક મેલુ થાય જો;
નથનીનું મોતીરે હીરો હારનો,
કહો પરહાથે તે કયમ ધોયો જાયજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૭
જેઠે નો પરદેશ જાવું દોહલુ,
ઘામ ઘીમેને લાય જેવી લુ વાય જો,
કોમળ છે કાયારે મારા કંથની,
વણુ શીચ્યાં જેમ ફુલડીયાં કરમાયજો.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૮
અંબરઘન છાયોરે માસ અષાડમાં,
મોર બોલેને મેઘ વરસે મુશળ ધારજો;
કચરાને કાદવરે મચી છે મેદની,
પંખી માળા ઘાલે ઠારો ઠારજો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૯
શ્રાવણમાં શીવ પુજીને સુખ માગીએ,
વાલાનો નવ થાજો કદી વિજોગજો;
ઉમીઆના સ્વામીજી આપો એટલું.
સાસુના જાયાનો નીત સંજોગજો.

એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૦
બાદરવો ભરજોબનનો ફરી નહી મળે,
વહી જશે જેમ નદીઓ કેરાં નીરજો;
એવારે દીવસ એળે નવ કહાડીએ,
વાત વિચારી જુઓ નણંદના વીરજો,
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૧
આસોના દીવસ તો અત્તિ રળીઆમણા,
ખાવું પીવું કરવા નવલા ખેલજો;
ભેગાં બેસી જમીએ રમીએ સોગટે,
છાતીમાં બીડીને રાખુ છેલને.
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૨
માસ અધીક અધીકપણે શું કીજીએ,
રોહો જોડીને નેણુ સંગાથે નેણુજો,
જેમ ન છુટે બુટો પાચ બીલોરનો,
દાસ દયાના પ્રીતમ જાણુ પ્રવિણજો;
એ મહીને નવ જઇએ પીઉ પરદેશમાં. ૧૩

ભરથજીના મહીના ચાલ લાવણી.

ચઇતર પીછલે પાક રામનોમીકો જન્મ લીયા,
અવધપુરી સુખધામ સખી મીલ મંગળાચાર કીયા,
ખબર જાય દશરથને પાસરે, ખબર૦
દૈતદાન ગજરાજ ગૌદીન ઘોડેકી બીઆઇ;
સભા સબ ફુલનસે છાઇ,
કરમ લેખ ના મીટે કરો કોઇ લાખ ન ચતુરાઇ; માસ. ૧
લાગતહી વઇશાખ કેકે બાવરી કરડારી,

ધીક જીવન ધીકાર ભયા જઇ તુમસે મા તારી,
દુઃખ તુમ નગરીકો દીનોરે,
તીન લોકકે નાથ રામ તીને બનવાસી કીનો.
કુમત એસી બન આઇ, કરમ૦ માસ. ૨
જેઠ પંચ મીલ કહે, ભરથકુ ગાદી બેઠારો;
ભરત ધરત કાનપર હાથ પંચ નેરી ગરદન મત મારો,
સરે નહી એ બાતન કાજા, હમતો હરીકે દાસ રામ;
અજોધ્યા કે રાજા.
બાત એ સબકે મન ભાઇ, કરમ૦ માસ. ૩
અષાડ આસાગમ મીલનકી, મનમે લાગ રહી,
કોઇ રામ બન મોહી બતાવો ભારથ બાત કહી;
નગર કે નર ઓર સબ નારી, રથ ડોલે ગજરાજ સાજ,
સબ ભારથ સંગ તૈયારી.
નદી જેમ સાગરકુ ધાઇ, કરમ૦ માસ૦ ૪
શ્રાવણુ શીગમેર પુર પહોંચે, ભીડભઇ ભારી;
ભીલન જોર કટક દળ સાજે લડનેકી ત્યારી,
ભરથસે પુછ કરાર કરો, રામ શીયાકે કાજ નીકટ તુંમ.
ગંગા તીર મરો.
ખબર જબ ભરથને પાઇ, કરમ૦ માસ૦ ૫
ભાદો ભીલ ભરથસે ભેટે, ભક્તિ જામી મનમે;
કંદમુળ ફલફુલ ભરતસે ભેટ કરે બનમે;
ભરથને આગે કર લીને, ભરથ રાજ મુની બસે પ્રાગમે
જાય દરસદીને
પ્રાગકી દુનીઆ ઉઠ ધાઇ, કરમ૦ માસ. ૬

કુવારકીએ બીજ માહરા મુની પુછે કુસલાય;
દો કરજોડ અકરમા કરે કઉસલ્યા માતાય;
હમારો જીવાન સુફળ ભય ઇતની બાત સુન મુની સબ
આસરબાદ દીઓ।
ભરતકુ માત સમજાઇ, કરમ૦ માસ. ૭
હારતીક કુચ આગરો કાયો, ચીતકોટ આયે;
અંગ ભભુત માથેપર જટા, રામ લક્ષમણ દોઉભાઈ ૧
ભરથ શીર ચરણો પે લાગે, ચરણુ કિહાંયે હીરદેશે લગાગે
નેન નીર બહાવે.
સીંઘાશન બેઠે રઘુરાઇ, કરમ૦ માસ. ૮
અગહન વારમવાર ભરથકુ રઘુવર સમજાવે;
જાય અજોધ્યા રાજ કરો તુમ મુની સબ સુખ પાવે;
ભરથ તુમ લોટ જાવ ભાઇ, બારાવરસે બીત જાઇગે તે પીછે
હમ આઈ, ભરથકે એસી સમજાઇ કરમ૦ માસ ૯
પોસે આશા રામ મીલનકુ, જીુર ગઇ બીર ધની,
ગુરૂ બશીષ્ટ મુની સમજાવે, કહે અપની અપની,
બીનતી બોત ભાંત કીની રામ કંપાપની ચરણુ ખરાઉં
ભારથકુ દીની.
ભરત તુમ લોટ જાવ ભાઈ, કરમ૦ માસ. ૧૦
મહા મનાયે માન ગયે હે, ભલે લગે એ રામ
જનકપુરકુ ભનખ પોહોચે ભરત અજોધ્યા ગામ.
ખરાઉં ગાદી ધરદીની, રામચંદ્ર અધીક તપસ્યા
ભારથકે કીની.
ભડાઇ ગેઈાસેપાઇ, કરમ૦ માસ. ૧૧

ફાગણુસે સીતા હરીકે રાવણુકુલ વધકીનો;
લંકા મારી ગરદ કરડારી રાજ વીભીક્ષણકુ દીનો:
લોટકે અજોધ્યા આયે શીવ સનકાદીક યાજ્ઞ મુની સબ
દરશનકુ ધાએ;
ગાદી બેઠે રઘુરાઇ. કરમ૦ માસ. ૧૨
નએ શવ ભાંતીક મહીના અગ ભન ગહન પડે;
લાલદાસ બારા ભરોસી કે રામ રમ ઓચરે,
ભરતકી યેહી બારા માસી ગાવે સુને સુનાવે તરે.
કટે જગકી ફાંસી.
એહમે એસી ભગ આશ, કરમ લેખ નામીટ૦ માસ ૧૨

નંદલાલના મહિના.

આવોને નંદલાલ રમવા આવોનેર;
નિરમો થયા છો નાથ, રમવા આવોનેરે. ટેક.
કારતક તો તે કસેટેરે કાહાડયો, ભર દરીએ જેમ જહાજ.
માગસર મહીને મારગડે મેલી, હવે અમારૂ કોણુ છે બેલી
ગીરધર વીના થઇ ઘેલી, રમવા આવોનેરે.
પોષ માસે જીવણ પ્રાણુ તજીશું, લોકડીઆની લાજ લોપીશું.
સંસાર તાજ કરીશું, રમવા આવોનેરે, ૩
માહા મહીને મંદરીયાંરે સુનાં, હરી વિના આસનીયાં સુનાં
વાહાલા વિના જાય છે જોબનીયાં રમવા આવોનેરે. ૪
ફાગણે ફગરગતીરે હોળી, અબીલ ગુલાલે ભરાવુંરે ઝોળી;
વહાલા વિના ખેલે કોણુ હોળી, રમવા આવોનેરે. ૫
ચૈતરે મને ચિંતારે લાગી સુની સેજલડીમાં ઝબકીને જાગી
વાહાલાની લેહે મને લાગી, રમવા આવોનેરે. ૬

વૈશાખે વાવલીયારે વાયા, આંખ ઉઘાડી ચોદશ જોયા.
આંસુ પાલવડે લોઇાં, રમવા આવોનેરે. ૭
જેઠ માસે જગજીવન આવે વૈષ્ણવ સરવે વધામણી લાવે,
વહાલો મારો કાંઇ ન કહાવે રમવા આવોનેરે. ૮
અષાડે હું અબળા નારી, જોબન દરીએ પુર છે ભારી,
પિયુનાં વચનને વિસારી, રમવા આવોનેરે. ૯
શ્રાવણ તો સરવડીએ વરસે, નદીએ નીર ઘણેરાંરે ઢળશે;
વહાલો મારો શા રીતે ઉતરશે, રમવા આવોનેરે.
ભાદરવા ભર દરીએરે ગાજે, નીલાં વન નવ પલ્લવ છાજે;
વહાલો મારો કાંઇ ન લાજે, રમવા આવોનેરે. ૧૧
આસો માસે દેવ દીવાળી, લોક વણે સહુ સેવ સુંવાળી,
વહાલા વિના તે જમે કોણ વાળી રમવા આવોનેરે. ૧૨

શ્રી કૃષ્ણના મહિના.

કારતકે કૃષ્ણ ગયા મેલી, મારે ઘેર આવો વનમાળી.
કુબજા કેમરે ગમે કાળી. આવો હરી રાસ રમો વહાલા ૧
માગશર મારગડે રમતાં, ભેગાં બેશી ભોજનીયાં જમતા;
હવે હરિ કેમ નથી ગમતાં. આવો હરિ૦
પોષે સોસ પડ્યા અમને, તીકમજી શું કહીએ તમને;
દિલાસ સારે દીધા અમને. આવો હરિ૦ ૩
માઘે માહા અંધારી રાત્યો કુલડાંએ બીછાવી ખાટ્યો;
વહાલે લીધી મથુરાની વાટ્યો. આવો હરિ૦ ૪
ફાગણે ફેરા ફરે હોળી, પહેરણ ચરણને ગોળી;
ચુંદડી મારી કેસરમાં રોળી. આવો હરિ૦ ૫
ચૈતરે ચિત્ત કરે ચાળા, મધુવન મોરલીઓવાળા;

દરશન દો ઠાકોર તિરથવાળા. આવો હરિ૦ ૫
વૈશાખે વાતલડી જોતી, ઉભી રહી ધ્રુશકડે રોતી;
પાલવેરે આંસુડાં લોતી, આવો હરિ૦ ૬
જેઠે જગજીવન આવે, વધામણી સહુ લોકો કાહાવે,
વહાલો મારો કશુએ નવ કાહાવે. આવો હરી૦ ૮
અષાડે અબળા રહી ઝાંખી. વહાલે મારે ભરજોબન રાખી;
વિચારો તે વાત થશે વાંકી. આવો હરી૦ ૯
શ્રાવણ તો સરવડીએ વરસે. નદીએ નીર ઘણાં હરશે,
વહાલો મારો શી રીતે ઉતરશે. આવો હરી૦ ૧૦
ભાદરવો ભલીપેરે ગાજે; વહાલા થઇ વિહવળ તમ કાજે,
વહાલો મારો જરીએ ના લાજે. આવો હરી૦ ૧૧
આસો માસે આવી દીવાળી, શેવ વણુ કે સુંવાળી;
વહાલા વીના આ શી દીવાળી. આવો હરી૦ ૧૨

રાધિકાના મહિના.

કહોને સખી કારતક કેમ જાશે, કે વનમાં મોરલી કુણ વાશે;
કે મહીનો દાણી કુણ થાશે, કે જુમનાં જાવાદો પાણી.
કે માગશરે મન મારૂં મળીયું, કે વિખડીઆ ભાવ થકી ટળીયું.
કે જેમ લુણ પાણીમાં ભળીયું, કે જુમનાં૦ ૨
કે પોશે શોસ પડયા અમને, વહાલા મારા શું નમીએ તમને.
કે દીલાસા દીધા ને અમને, કે જુંમનાં૦ ૩
કે માઘે મકર તણે માને કે ફુલડીયાં વેરતી ખાંતે;
કે વાહાલાજી મારા મથુરાંની વાટે, કે જુમનાં૦ ૪
કે ફાગણે ફેરા ફરે હોળી, કે આછા ચરણાને ચોળી;
કે ચુંદડી કેસરમાં રોળી, કે જુમનાં૦ ૫

કે ચૈતરે ચતુરા ચિત ધરતી, વહાલાજીના ગુણ ગાતી ફરતી;
કે તોયે મારે વહાલે કોધી નરતી, કે જુમનાં૦ ૬
કે વઇશાખે વાયા વાવલીયા કે ઘેર પધારો નાવલીયા,
કે દુધડે ધોઉ તમારા પાવલીયા. કે જુમનાં૦ ૭
જેઠે જગજીવન આવ્યા, કે સઉ લોક વધામણી લાવ્યા;
વાહાલાજી મારા કશું એ ના કાયા કે જુમનાં૦ ૮
અષાડે અળળા થઇ ઝુંખી, વહાલે મારે બરજોબન રાખી;
વીચારો હવે વાત થશે વાકી. કે જુમના૦ ૯
શ્રાવણ સરવડીએ વરશે. કે નીર નદીએ ઘણાં ટળશે;
કે ઠેયલડી ટહુકલીઆ કરશે, કે જુમના૦ ૧૦
ભાદરવો ભલીપેરે ગાજે, સહચર ઘેર વલોણું વાજે;
તેતો મારા રૂદીયામાં દાઝે, કે જુમના૦ ૧૧
આશોની રજની અજવાળી; કે શેવ વર્ણ કે સુંવાળી;
કે વહાલા વિના આ દીવાળી કે જુમના૦ ૧૨
કે રાધાના હાથે શોનાની ચુડી, રમતાં દીશે તે રૂડી;
દુઃખરે સરવે ગયાં છે છુટી, કે જુમનાં૦ ૧૩

બહુચરાના મહિના.

ચઇતર ચીત ઘણું વાધુ, નમી નમી બહુચર આરાધુ,
મન મારૂં ગોખે જઇ લાગ્યું, શેવોને શંખલપુર રાણી. ૧
વઇશાખે વાવલીયા વાયા, માજીના ઘટ તળે આવ્યા.
અંબાજીની મોટી છે માયા. શેવોને. ૨
જેઠ તો જુગતી છે સારી, હરીહર બ્રહ્મ કી વારી;
ગોખ ઉપર જાઉં બલીહારી. શેવોને. ૩
અષાડે મેઘ ઘણાં ગાજે. છત્ર શ્રીવ બહુચરરે છાજે;

ચોખલીયાં તો અદભુત વાજે. શેવોને. ૪
શ્રાવણ સરવડીએ વરસ્યો, માજીને ભજશો તો તરશો;
નીકર તમે અથડાતાં મરશો, શેવોને. ૫
ભાદરવો બલીપરે ગાજ્યો, સેવકને સનમુખે થાજ્યો;
મુકતાં બાવલમું સાહાજ્યો. શેવોને. ૬
આસો માસે આવી દીવાળી, આવ્યાં છે આંબાને કળી;
ગરબે રમે મોટાં માહાકાળી, શેવોને. ૭
કારતકે કોયલડી બોલે, ના આવે માજીને તોલે;
તે જોતાં ત્રીભોવન ડોલે, શેવોને, ૮
માગસર માનસરોવર નાહે, ચાચર આવી ગરબા તો ગાયે;
સેવકની મા કરજો સાહે; શેવોને. ૯
પોસે પીત ઘણી ધારી, પાંડવ લીધા ઉગારી;
કૌરવ સરવે ગયા હારી. શેવોને. ૧૦
માહે તો મને નથી ગમતું, મન મારૂં રહે છે ભમતું;
મન મારૂ માજીમાં રમતું. શેવોને. ૧૧
ફાગણે ફેરા ફરતી હોળી, પહેર્યાં માએ ચરણાંને ચોળી;
કેસર બહુ છાંટયાં છે ઘોળી. શેવોને. ૧૨
બાર માસ પુરણ તો કીધા; દહીતને દંડ ભલા દીધા,
દેવતા સહુ ઉગારી લીધા. શેવોને. ૧૩
આસો સુદ બીજે બુધવારે, બારે માસ થયા નીરધારે;
વલભની કેરજો મા સાહાયે. શેવોને. ૧૪

થોભણદાસના મહીના.

કારતકે કાહાન ગ્યારે, શીળી પુનમ કેરા ચંદ્ર વાલા;
રાધા કરે હરીની વિનતીરે, ચરણે રાખો ગોવિંદ વાલા. ૧

માગશર મેલી ગયારે, પીઉ ગયા પરદેશ વાલા;
ભર જોબનમાં બાયનીરે, અબળા બાળેવેશે વાલા. ૨
પોશ માસે પુછામણીરે, સાંભળ સહીયર વાત વાલા;
શ્રીકૃષ્ણ ચાલ્યા દ્વારકારે, સોળસેં ગોપીઓનો નાથ વાલા. ૩
મહા મહીને મન મારૂંરે, ચીતડું વ્યાકુળ થાય વાલા;
શમણાં આવ્યાં શ્રી રામનારે, દીઠા જાદવરાય વાલા. ૪
ફાગણ માસે ફરકીયાંરે, વાગે છે તાલ મન્દંગ વાલા;
મધુરીશી વગાડે વાલો વાંસળીરે, હોળી ખેલે ગોવિંદ વાલા. ૫
ચઇતરે ચિંતામણીરે નાવ્યો નવલખ હાર વાલા;
કોઇ લાવે પીઉની વધામણીરે, આપુ એકાવળ હાર વાલા. ૬
વૈશાખે વન વેડીયાંરે, વેડી છે દાડમ દ્રાક્ષ વાલા;
કોયલડી ટવકા કરેરે. સરવે લાગે એના સાદ વાલા. ૭
જેઠ મહીનાના રણ તપેરે, જેવા ઉનાળાના તાપ વાલા;
લંકામાં જવાળા પરજળેરે, ઉભા રહો રઘુનાથ વાલા. ૮
અશાડ માસ ભલે ઉલટયોરે થાય વીજળીઓના વેગ વાલા;
બલીરે ઉલટી બેની વાદળીરે. વરસ્યા મારે મેઘ વાલા ૯
શ્રાવણ વરસે સરવડીરે, નદીએ નીરમળ નીર વાલા:
ભીંજે તે રાતી પદમણીરે, ભીજાય દક્ષણી ચીર વાલા. ૧૦
ભાદરવો ભલે ગાજીઓરે, શીતળ થયાં શરીર વાલા;
ગોરાદે ભીજાયાં ઘર આંગણેરે, પીઉડો ભીજાય પરદેશ વાલા. ૧૧
આસો માસે દીવાલડીરે; સુંદરી સજે શણગાર વાલ;
લેલાવટ ટીલડી સોહામણાંરે, કંઠે એકાવળ હાર વાલા. ૧૨
બારે માસે પુરા થયારે, આવેલો અધીક માસ વાલ;
આય શીખે ને સાંભળેરે, વિનવે થોભણદાસ વાલા. ૧૩

અંબાજીના મહીના.

કારતક માસે કરૂણા કરો મુજ માતરે મા અંબાજી
અલબેલી અંબા સાંભળ મારી વાતરે મા અંબાજી ૧
તારા દરશનની મને મોટી અંબા આશરે મા અંબાજી
આ અહોનીશ કરજે માર રૂદીએ વાસ મા અંબાજી ૨
માગશર માસે મન મળવા અકુળાયરે મા અંબાજી
તારી ઇચ્છા કરતાં અંબા દીન વહી જાયરે મા અંબાજી ૩
દીન વહી જાયને આશા મુજને મોટીરે મા અંબાજી
તારા રંગમંડપમાં હું નવ આવી લોટીરે મા અંબાજી ૪
પોશ માશે મુજને મળવા સોશરે મા અંબાજી
મુજ રાંક ઉપર શો ધરવો માજી રોશરે મા અંબાજી ૫
રોશ ન ધરીએ તમે દેવી છો દયાળરે મા અંબાજી
જેનુ નામ ધરાવે શેવકજન પ્રતીપાળરે મા અંબાજી ૬
માહા મહીને કાંઇ વન્ત સાંભળ્યા તમારારે મા અંબાજી
મા શું જુઓ છો કુડાં કરમ અમારાંરે મા અંબાજી ૭
કુડાં કરમની કરણી છે મધ્યાનરે મા અંબાજી
તારા દરશનનૂં મને મોટું અંબા ધ્યાનરે મા અંબાજી ૮
ફાગણ માસે ફરી ફરી ઉલટે અંગરે અંગરે મા અંબાજી
રંગ ભર્યાં મનડાં નવ કરશો ભંગરે મા અંબાજી ૯
ભંગ ન કરશો તનડું અમારૂં તલખેરે મા અંબાજી
ચીત અમારૂ ચરણે આવી અટકેરે મા અંબાજી ૧૦
ચઇતર મહીને ચીંતા મુજને ઝાઝીરે મા અંબાજી
જનમ ધરી નવ નીરખ્યાં અંબા માજીરે મા અંબાજી ૧૧
નવ નિરખ્યાં મેં અંબા અકળ સ્વરૂપરે મા અંબાજી

મા વળતાં ક્યાંથી દેખીશ માનાં રૂપરે મા અંબાજી ૧૨
વઇશાખ મહીને વરસ જાય દેહ નાડીરે મા અંબાજી
મા હવે વળતી વેળા રહી છે માડીરે મા અંબાજી ૧૩
વેળા માઠી થાયે મોડું દુખરે મા અંબાજી
વળતી ક્યાંથી દેખીશ માનાં મુખરે મા અંબાજી ૧૪
જેઠ માએ મુજને તેડા દેહરે મા અંબાજી
નહી તેડો તો જીવણુ જાશે વેહરે મા અંબાજી ૧૫
વેહ થાશેને મીથ્યા થાશે જનગરે મા અંબાજી
ભાગ્ય નથી પણુ ઓછાં માનાં કરમરે મા અંબાજી ૧૬
આષાડ માસે અટક ન ધરીયે માનરે મા અંબાજી
તારા દરસન માટે તલસે મારૂ તનને મા અંબાજી ૧૭
તન તલસે ને દયા ન આવે મારીરે મા અંબાજી
મા દયાળુ દીલડી શું મુકો છો કાઢીરે મા અંબાજી ૧૮
શ્રાવણુ માસે સંઘ ભરાય બહુ ભારીરે મા અંબાજી
મા ઇચ્છા હોય તે આવે તમારે પારેરે મા અંબાજી ૧૯
મા સંઘ ભરાયને સઉને ઇચ્છા થાયેરે મા અંબાજી
મા પાપી હોય તે નાશે પાવન થાયરેમા અંબાજી ૨૦
ભાદરવામાં સીદને મન ભમાવોરે મા અંબાજી
તારા દુરલભ દરશન આપી તાપ સમાવોરે મા અંબાજી ૨૧
તાપ સમાવી શીતળ કરજો છાંયરે મા અંબાજી
શીશ નમાવતાં પ્રાશ્રીત પ્રલે થાયરે મા અંબાજી ૨૨
આસો માસે અરજ સાંભળો વેહેલીરે મા અંબાજી
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે મા અંબાજી ૨૩
હેલી કરીને પુરો મનની આશરે મા અંબાજી

શેવકજનને તેડો તમારી પાસરે મા અંબાજી ૨૪
માસ બારે પુરણ કીધા માતરે મા અંબાજી
મા વીશમપરી વીશ્વાસ ન કરશો ખાતરે મા અંબાજી ૨૫
તેરમો મહીનો પુરશોતમ કહેવાયરે મા અંબાજી
મા હરી પ્રતાપે પુરશોતમ સહુ ચાયરે મા અંબાજી ૨૬
આરાસુરમાં નીત આનંદ થાયરે મા અંબાજી
કરજોડીને બાપુ સેવક ગાયરે મા અંબાજી ૨૭

સીતાજીના મહીના રાગ સાખીઓ.

મારા શામ સુંદર શ્રી રામરે તેને આશરે રહીએ,
મારા પલ પલ માની પ્રણામરે, લલના સંગ લઇએ,
ઘર બાર અલગ ધનશ્યામરે. મારા રામ નવ જાઇએ, ટેક.
કારતક કેમ કરી કાઢીએ, જુગ જેની પળ જાય;
નાગશ્રી જેમ તોડીએ, પણ મળવાને મન અકળાયરે. મા. ૧
જોબન દરીઆ ધુધવે, પીયુ દેશાવર દુર,
અણુજાણ્યા અનુભવી, તે શું નીરનું જાણે નુરરે. મા. ૨
માગશરે ઘેર વિજોગણી, પીયુ પરદેશ પ્રયાણ;
ખવાયે અણગુ ખોળીયું જેના પરવશ પડીયા પ્રાણરે. મા. ૩
જળથી જુદી માછલી, રાખો કરી વીવેક;
વારૂ મારા વાલમા, એવા પ્રાણ ન રહે પલ એકરે. મા. ૪
પોશે પ્રીતમ પ્રીતડી, વીરહ બાણ વા વહાય;
એ ઘાયલનો અંત નહી, એનું તન તરફડીયાં ખાયરે. મા. ૫
ખાવું પીવું ખેલવું, ઓઢણુ ને પેરણુ અંગ;
બોલવું ચાલવું બેસવું, એને પોઢવું ન ગમે પલંગ. મા. ૬

આવે મન તલશે ઘણું ઝુરે વીજોગણુ નાર;
લક્ષ વીછીની વેદના, ઉપજે ચીતમાં અનેક વીચારરે. મા. ૭
ફાગણુ હોલી ફાલતી, ફાગ રમે સઉ કોય;
એક હોળી મારે આંગણે, બીજી હૈયે હોળી મારે હોયરે. મા. ૮
ભીતરમાં ભડકા બળે, વધી ઝાળ;
વલખાં મારે વીધવીધે, જેને ડસીઓ વીરહ વ્યાધી વ્યાળરે, મા. ૯
ચઇતર ચકોર ચીતની, શથી વીદેશી શામ;
બરજોબનમાં એકલી, એનો દાઝ્યા ઉપર જેમ ડામરે. મા. ૧૦
સુભાગીઆં જે સાસરા, સજોડ સ્નેહ સહીત;
કયગ કરી વસીએ એકલાં, શાણુા જોયા જનમની એ રીતરે. ૧૧
વા વાયા વશાખના, આંબે આવી શાખ,
ભોગી ભમે વીદેશમાં, થાય હૃદય બળી બળી ખાખરે. મા. ૧૨
મુગાને સ્વપ્નુ થયું, મનમાં રહી મુઝાય;
પ્રીતીનું તો પારખું જે જીભે કહ્યું નહી જાયરે. મા. ૧૩
જેઠ તણા તડકા પડે, લાય જેવી લુ વાય;
સુના મંદીર માળીયાં, સુની સેજડી ખાવા ધાયરે. મા. ૧૪
જાય ન રજની દીન જાતા, રોતા ગયે દીન ન જાય,
વીરહ દુખ મહાદેવના, એતે નજરે જોઇ કેમ જાયરે. મા. ૧૫
અશાડ ઝબકે દામની, ઘન ગરજે મનમાંય,
બપઇયા પીઉ પીઉ કરે, સુણી વિરહેણી વ્યાકુળ થાયરે. મા. ૧૬
દેવ દાનવ પશુ પક્ષી, માનવ તો કોણ માત્ર;
જીવતાં પ્રેમ વીજોગીયું, વિરહ વિરહીજન ગાયરે. મા. ૧૭
શ્રાવણ વરસે શરવડે, નદીએ આવે નીર;
લીલી ભુમી ભાસે ભલી, ગાજે તરવર ઘેર ગંભીરરે. મા. ૧૮

ઘોર અંધારી રાતડી, ઝરમળ વરશે મેહ;
આંખેથી આંસુ ઢળે, જેનો સ્વાના ગયો તજી સ્નેહરે. મા. ૧૯
ભાદરવો ગાજે ભલો, રાજની સઉ વછભોગ;
રંગમાં રઉરવ રોગ એ જેને વાહ્લાલાનો થાય વીજોગરે. મા. ૨૦
ચંપા ચંપેલી મોગરા; નવપલ્વ વન વહાય,
વીરહણી જાત જવાસીઓ, તેતો શોશે સુકાઇ જાગરે. મા. ૨૧
આસો આવ્યાં નોરતાં, રમે જમે નરનાર;
દીવસ દીવાળી દોહલા, તેતો જાણે જગત કીરતાર. મા. ૨૨
દંપતી અંગ ઉમંગમાં, ગાનત્તાન ગીત રંગ,
અંગરાગ અદભુત થયા, જયજયકાર જણાવે અનંગરે. મા. ૨૯
મનમોહન અધીક માસથી, થાય પ્રભુ પરસન,
સંગ સીતા જેમ રાખીયાં, તેમ ટળે વિરહવ્યાધી તનરે. મા. ૨૪

લાલજીના મહીના.

લાલજી કારતક મહીને રથ જાદવરાયે જોતરયા;
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧
લાલજી માગશર મહીને મેહેલી મથુરાં ગયા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૨
લાલજી પોષ મહીને પોપટ બેઠો પાંજરે,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૩
લાલજી માંહા મહીનાની સેજલડી સુની પડી,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૪
લાલજી ફાગણ મહીને ઘેરઇયો ઘેરીઓ,
ઓ લાલ વેહેયા આવજો હો લાલ. ૫

લાલજી ચૈત્ર મહીને ચતરભુજ ચાલ્યા ચાકરીએ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૬
લાલજી વૈશાખ મહીને વાયે હીંડોળા ઝુલતા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ, ૭
લાલજી જેઠ મહીને જુગજીવન ઘેર આવીયા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ,
લાલજી અશાડ મહીને અબળાને સુખ આપજો.
ઓ લાલ વેહેલા આવજો હો લાલ ૯
લાલજી શ્રાવણ મહીને શરવડેથી વરશીઓ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૦
લાલજી ભાદરવો તે ભલી પેહે ગાજીઓ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૧
લાલજી આસો માસે દિવાળી ભલે આવીયા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૨
લાલજી ફુલવાડીમાં રંગી હાલમ રમકડાં,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૩
લાલજી તેનીરે ઘડાવું નવરંગ પાવડીઓ,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૪
લાલજી પાવડીઓ પેહેરીને માહરા મોહોલે આવજો,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૫
લાલજી પાવડીએથી રડયા ખડયા તો ભલે પડયા,
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૬
લાલજી બળતી જળતી બોલું છું પણ વળી ખમા;
ઓ લાલ વેહેલા આવજો હો લાલ. ૧૭

૪૭

વઇરાગના મહીના.

કારતક આવ્યો એ સખી, સજીએ શોળ શણગાર.
ઓઢવાને નવરંગ ચુંદડી, કંઠે એકાવળ હાર
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાગે લેઉ વઇરાગ ટેક;
માગશરે મેલી ગયા મનમાં નઆંણી મેર,
મેલી કરી મથુરાં ગયા, કુબજા શું કીધી લેહેર. ૧
કો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉ વૈરાગ. ૨
પોસ મહીનાની પુનમે સમણાં લાગ્યાં સાર;
શોળ શણગાર પ્રભુ મેં ધર્યાં ના આવ્યા દીનદયાળ. ૩
કો હરી રહું હું એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું જાગે લો વૈરાગ. ૪
માહા મહીનાની સેજમાં, આવી વેરણ રાત;
હેઠડે મારા વીસરી રમશું કાની સંગાથ, ૫
કો હરી કેમ રહું એકલી મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું જાગું લઉ વઇરાગ. ૬
ફાગણ ફુલ્યો ફુલડે, વનમાં કેસર સાગ;
કસ્તુરીનાં છાંટણાં, ઉડે છે અબીલ ગુલાલ. ૭
કો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ,
હવે તો ઘરમાં નથી ગોઠતુ, જાગે લઉ વઇરાગ. ૮
ચઇતર ચંપો મોરીયો, મોરી છે દાડમ દ્રાખ;
કોયલડી ટોકા કરે, ભમર કરે ગુંજાર. ૯
કો હરી કેમ રહું એકલી, મારો શો અપરાધ,
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણે લઉ વઇરાગ, ૧૦

વઇશાખે વાયાં વાદળાં, તપે રાધાજીનું તન;
રાધા ઓલડાં લઈ રડયાં, નથી બોલ્યાનું મન. ૧૧
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણે લઉ વેરાગ. ૧૨
જેઠ મહીને જદુરાયજી છુટી રાધાજીની વેણુ;
રાધા ઓલડાં લઇ રડયાં, નથી બોલ્યાનું મન. ૧૩
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતુ જાણે લઉ વઇરાગ. ૧૪
અશાડ આવી ઉલટયો મેવલે માંડી છે મોર;
ગોરી ભીંજાય ઘર આંગણે, પીઉ ભીજાય પરદેશ. ૧૫
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ,
હવે તો ઘરમાં નથી ગોઠતું જાણે લઉ વઇરાગ. ૧૬
શ્રાવણ વરસ્યો સરવડે, નદીએ નોરમળ નીર;
સુપનાંતરમાં દેખીઆં હરી હળધરના વીર ૧૭
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ,
હવે તો ઘરમાં નથી ગોઠતુ જાણે લઉ વઇરાગ. ૧૮
ભાદરવો ભલે ગાજીયો, ઘણો વરસ્યો છે મેઘ;
વીજલડી ચમકાર કરે, ચોદસ ચાલ્યા નીર. ૧૯
કો હરી કેમ રહુ એકલી, મારો શો અપરાધ;
હવે તો ઘરમાં નથી ગોઠતું, જાણે લઉ વઇરાગ; ૨૦
આસો માસે નવ રાતડી, નવ દહાડા નવ રાત;
સઉ ગોપીઓ ટોળે મળી, માંડવલી મંગળ ગાય. ૨૧
કો હરી કેમ રહુ એકલી મારો શો અપરાધ,
હવે તો ઘરમાં નથી ગોઠતુ જાણે લઉ વઇરાગ. ૨૨

નરસિંહજી મહારાજનો ગરબો.

ગણુપતી સરસ્વતીને સમરૂં, બેઉ કર જોડ રે;
નરસિંહજીનો ગરબો ગાતા, કોઇમાં દેશો ખોડ નરહરી લટકાળા;
ઘણી મહેર કરો મહારાજ, ગુણનીધી છોગાળા. ટેક. ૧
હઝારીપુરે દરવાજે જાતાં, જમણા હાથની ઓળ રે;
રાજેશ્વર શિવાજીના સામી, નરસિંહજીની પોળ. નર૦ ૨
શહેર તણી છે શી કહું શોભા, વર્ણ વસે છે અઢાર રે;
નરસિંહજીના રાજમાં, કોઇને દુઃખ નહીં તલભાર રે. ૩
ટોપીવાળીઆ નાણાવટીને, ગાંધી સરહયા સાર રે;
એક ઓળમાં બહુ છે વસ્તી, સુડગરને કંસાર. ૪
પુર્વ દિશાએ અષ્ટ ભુજાને, ઉત્તર બહુચર ગાજે રે;
પશ્ચિમમાં તો પીર વસે છે, દક્ષિણુ હનુમંત બીરાજે. ૫
ચાર દિશાએ જબરી ચોકી, બીજા દેવ અપાર રે;
શહેર વચ્ચે નરસિંહજી ગાજે, સઉ શતરૂનો ભાંર; ૬
સિંહાસન આસન ઉપર, અલબેલો બીરાજે રે;
મંદિરની શી કહું શોભા, નિત ચોઘડીઆં વાજે. ૭
પીતાંબર જરકશી વાઘા, પાઘ કલંકી પટકો રે;
મોર મુગટને કાને કુંડળ, જોઇ ચિત્તમાં લાગે ચટકો. ૮
હીમ હીરાને માણેક મોતી, શોભાનો નહીં પાર રે;
આભુષણની શોભા દેખી, મન કરે વિચાર. ૯
નીતનીત શોભા નવતમ નેણે, જોતાં પહોચે આશ રે;
જમણે હાથે જોત દીવાની, અખંડ બારે માસ. ૧૦

નરસિંહજીની નીતી કહીયે, ત્રણ લોકથી ઝાઝી રે;
ઘીનાં ટાંકાં ઘેર ભર્યાં પગુ નરસિંહ લોટપર: રાજી. ૧૧
સમે આરતી શોભે કેવી, આનંદ સરખુ થાય
ઘંટની ઘડિયાળો વાગે, ગાન ગુણીજન ગાય. ૧૨
દસરાને દિવસે વહાલો, અંબાડીમાં બીરાજે રે;
અમરાવતીની શોભા દેખી, કામ કોટીક તો લાજે. ૧૩
આઠમ ચઉદશની દીવાળીએ, આનંદ ઓછવ થાય રે;
શ્રાવણ માસની શું કહું શોભા, એ વરણવી ન જાય. ૧૪
શ્રાવણ વદી ત્રીજને દહાડે, હાજમીનો મહીનાય રે;
પાછલી રાતે હીંડોળા ઘરા છુટી જાય.
કારતક માસની શોભા કહીએ, પ્રભુનું સમાજ થાય રે,
શુદ ચઉદશની દીવીયો જોતાં, માત્ર નરમ થઇ જાય. ૧૬
ચઉદશની તો દીવીઓને, પુનમનો વરઘોડો રે;
તુલશી વાડીયે દરશન કરવા, સજન સહુકો દોડો. ૧૭
ચારે પાસે ચમર ઢાળોને, બહુ બોલે છડીદાર રે;
ખમા ખમા સહુ મુખથી કહે છે, શોભાનો નહીં પાર. ૧૮
ઇંદ્રાદિકને નારદ સરવે, અંતરીક્ષ જોવા આવે રે;
ધન બાબુભાઇ ભાગ્ય તારૂં, નીત્ય લાડ લડાવું. ૧૯
ધન નાત ધન માતા તારી. ધન તારો અવતાર રે;
નીત્ય પ્રભુને લાડ લડાવે, ભાગ્ય તણો નહીં પાર. ૨૦
પરણાવીને પાછા વાળ્યાને, આવ્યા રાજ આવાસ
તરેહ તરેહની આતશબાજી, છુટે પ્રભુની ૨૧
ત્યાંથી પ્રભુ આગળ પધાર્યા, આવ્યા મંદીર મોઝાર રે;

દેવ સર્વ વિમાને બેસી, કરે પુષ્પ વૃષ્ટી અપાર. ૨૨
મંદીર સામી શોભા કેવી, દીપમાળાની શોભે રે;
ગોળ મધે મદનમોહનજી, દરશો મન લોભે, ૨૩
દયા કરીને દરશન દેજો, અંગમાં ઉલટ આણી રે;
કષ્ટ મારાં સહુ કાપી નાંખો, દાસ પોતાનો જાણી. ૨૪
રંક પર તો રીસ ન કરવી, મહેર કરો મહારાજ રે;
બાંહેડી મેલો દાસ તમારો, બાંય ગ્રહ્યાની લાજ. ૨૫
નરસિંહજીનો ગરબો ગાયા, ગુણીજન સહુ નર નાર રે;
બેઉ કર જોડી શીવલાલ કહે, પ્રભુ ઉતારો ભવપાર. ૨૬

શ્રી કૃષ્ણના દશ અવતારનો ગરબો.

મારા કૃષ્ણજી રે લોલ, કૃષ્ણ તે કંઈ કેડું ઝુમાખું રે લોલ;
હરી લટક્યા ગેરો હાર મારા વાલારે કૃષ્ણ વગાડે કડી
વાંસળી રે લોલ. ટેક.

મારા કૃષ્ણજી રે લોલ પહેલે રૂપે કાનજી રે લોલ
ધર્યો મચ્છનો અવતાર મારા વાલારે મચ્છે સમુદ્ર ગાળિયારે લોલ
માર્યો તે સંખાસુર દૈત્ય મારા વાલા રે. કૃષ્ણજી૦ ૧
મારા કૃષ્ણજી રે લોલ બીજે તે રૂપે કાનજી રે લોલ
ધર્યો કચ્છ તણો અવતાર મારા વાલારે.
કચ્છે સમુદ્ર મથન કર્યો રે લોલ મેરૂને રવૈયો મારા વાલા રે
સમુદ્રની ગોળી કરી રે લોલ ઘુમે ગોપીનો નાથ મારાવાલારે
શેષનાગનાં નેત્રાં કર્યાં રે લોલ કહાડયાં તે ચઉદ રતન મારા
વાલા રે કૃષ્ણજી૦ ૨

મારા કૃષ્ણજીરે લોલ ત્રીજેને રૂપે કાનજી રે લોલ;
ધર્યો વારાહ તણો, અવતાર મારા વાલા રે
પૃથ્વી લઈ દાઢ ઉપર ધરીરે લોલ પેઠાને ચંપ પાતાળ મારા
વાલા રે. કૃષ્ણજી૦
મારા કૃષ્ણજી રે લોલ, ચોથેને રૂપે કાનજી રે લોલ
ધર્યો નૃસિંહ તણો અવતાર મારા વાલા રે
સ્થંભ ફોડીને પ્રગટ થયા રે લોલ, માર્યો તે હીરણ્યા તે કંશ
દઇત્ત મારા વાલા રે, ઉગાર્યો પ્રહ્‌લાદ ભક્તને રે લોલ
હેવા ભક્તવત્સળ છો નાથ મારા વાલા રે. કૃષ્ણજી૦ ૪
મારા કૃષ્ણજી રે લોલ, પાંચમેને રૂપે કાનજી રે લોલ
ધર્યો વામન તણો અવતાર મારા વાલા રે
ત્રણ ડગલા પૃથ્વી ભરી રે લોલ બળી ચાંપ્યો પાતાળ મારા
વાલા રે. કૃષ્ણજી૦ ૫
મારા કૃષ્ણજીરે લોલ છઠેને રૂપે કાનજીરે લોલ
ધર્યો પરશુરામનો અવતાર મારા વાલા રે, ફરશી ને લીધી
હાથમાં રે લોલ છેદ્યાં ક્ષત્રીઓના શીષ મારા વાલા રે
જનની હાથે હણી રે લોલ, વાળ્યાં પીતાનાં વેર મારા વાલા રે.
કૃષ્ણજી૦ ૬

મારા કૃષ્ણજી રે લોલ સાતમેને રૂપે કાનજી રે લોલ;
ધર્યો રામચંદ્રનો અવતાર, મારા વાલા રે સીતા લેઇ વન
નાસર્યો રે લોલ સેતુ બાંધ્યા છે પહાણ મારા વાલા રે રણ
માં તે રાવણ રોળીયો રે લોલ, આપ્યાં વીભીષણ રાજ
મારા વાલા રે. કૃષ્ણજી૦ ૭

મારા કૃષ્ણજી રે લોલ આઠમેને રૂપે કહાનજી રે લોલ
ધર્યો કૃષ્ણતણો અવતાર મારા વાલા રે, મથુરામાં હરી
પ્રગટીયા રે લોલ, ગોકુળ કીધો છે વાસ મારા વાલા રે;
માર્યો તે મામા કંસને રે લોલ, ગોપી લડાવ્યાં લાડ મારા વાલારે
માતા પીતા છોડાવીયા રે લોલ, આપ્યાં ઉગ્રસેનને, રાજ,
મારા વાલા રે. કૃષ્ણજી૦ ૮
મારા કૃષ્ણજી રે લોલ, નવમેને રૂપે કાનજી રે લોલ, ધર્યો બુદ્ધ
તણો અવતાર મારા વાલા રે, જપ માળા કરમાં ધરી રે
લોલ લીધું છે મુનિવ્રત મારા વાલા રે. કૃષ્ણજી૦ ૯
મારા કૃષ્ણ રે લોલ દશમને રૂપે કાનજી રે લોલ ધર્યો
કલંકી અવતાર મારા વાલા રે ત્રણ પગલે ઘોડો હીંડે રે લોલ,
પૃથ્વી તો રસાતાળ મારા વાલા રે. કૃષ્ણજી૦ ૧૦
મારા કૃષ્ણ રે લોલ, ગાય શીખે ને સાંભળે રે લોલ પામે
તે વઇકુંઠ વાસ મારા વાલા રે મહેતો નરસઇ વીનવે રે લોલ;
રાખો ચરણ કમળની પાસ વાલા રે. કૃષ્ણજી૦ ૧૧

અંબાજીનો ગરબો.

(ગોરમાનો ગરબો રાગ.)

હુંતો ગણપત લાગુ પાયકે ગાઉં ગરબો આરાસુરી તણો રે લોલ;
આરાસુરમાં બેઠી માતકે મહિમા અતિ ઘણો રે લો. ૧
માને પારે આવે લોકકે દુર બહુ દેશથી રે લોલ;
આવે બાળ જોબનને વૃદ્ધકે અતિ ઘણું હેતથી રે લોલ. ૨
આજી દીવસમાં ત્રણ રૂપકે ધરે અતી શોભનાં રે લોલ;

જોબન બાગ અને વળી હૃદકે આયુધ ઓપતાં લોલ. ૩
માને છત્ર સોનાહે છાજે કે રત્ન જુગ્ય છે રે લોલ;
ફરતી હીરાની કોરકે છત્ર અમુલ્ય છે રે લોલ ૪
કેશરી ઉપર બેઠી માત સહુ આયુધ ધરીરે લોલ;
કોટી સુરજ ઝબકા થાય કે લલાટ આડ કરી રે લોલ. ૫
માને શોભીતા શણગાર કે શોભા શી કહું રે લોલ;
મને શેષ ન પામે પારકે હું તે શું લહું રે લોલ. ૬
માને કંઠે એકાવળ હાર કે શોભે અતિ ઘણો રે લોલ;
માને બાહે બાજુબંધ કે ચુડો સોનાતણો રે લોલ. ૭
હીરા રત્નતણી કંકણીઓ કે ચુનીઓ મઢિ અતિ ઘણી રે લોલ,
સાચા મોતીના ગુજબંધ કે મધ્યે છે મણી રે લોલ. ૮
માને કાને કલાફુલ કે નાકે વાળી શોભતી રે લોલ;
માને સેંથો પુરો અનુપ કે દામણી ઓપતી રે લોલ. ૯
માને દશે આંગળી વેઢ તે ઝાંઝર ઝમઝમે રે લોલ;
કડાં કાંબી ને તોડા કે ઝાંઝર ઝગ ઝમે રે લોલ. ૧૦
માને ચણીઆ ચોળીને ચીર કે ઓઢી ચુંદડી રે લોલ;
માના ચોક વચ્ચે સહુ નાર કે ફરે ફુદડી રે લોલ. ૧૧
માને ઘીની બળે છે જ્યોત કે જોઇ રવી શોભીયો રે લોલ;
માનુ તેજ જોઇ મન માહે શું તો લોભીઓ રે લોલ. ૧૨
માના દરશનથી દુઃખ જાય કે પાપ સહુ બળે રે લોલ;
શું કહું મંડપની શોભાય કે મુખમાં અમી ઝરે રે લોલ. ૧૩
માને માનસરોવર સાર કે માંહી અમૃત ભર્યું રે લોલ;
તેમાં જે કોઇ જઇને નાહ્ય કે તેનું કામ સર્યું રે લોલ. ૧૪

શું કહું સ્થાનકની શોભાય કે કામ મીનાતણું રે લોલ;
માનો પુનમ સંવ ભરાય કે શું વરણુન કરૂં રે લોલ. ૧૫
ફરતી બંગલાને બેઠકો કે અતિ ઘણું આપની રે લોલ;
માનો સતસુખ છે એક વાગ્ય સુંદર શોભતી રે લોલ. ૧૬
ત્યાંથી ચાલ્યા ઉતર માંય કે મંદીર બાગ છે રે લોલ,
શું કહુ આરાસુરની શોભાય કે રગના અથાગ રે લોલ. ૧૭
માને સુરીજન મુનીજન સેવે કે બ્રહ્મા ધ્યાન ધરે રે લોલ;
માને નીશદીન સતસુખ કે સ્તુતિ કરે રે લોલ. ૧૮
માનો ગરબો જે કો ગાય કે નીત્ય પાઠ કરે રે લોલ;
કોટીક પાપ પ્ર થાય કે તે સહેજે તરે રે લોલ. ૧૯
માજી શેવક જાંણી તંને કે કરૂણા કીજીએ રે લોલ;
માજી દીન શેવકની વીનતી કે ઉરમાં લીજીએ રે લોલ. ૨૦
માજી ગુણ ગાવા નીશદીન કે બુદ્ધિ આપજો રે લોલ;
સુણી રણછોડદાસની વીનતી કે શરણે રાખજો રે લોલ. ૨૧

બહુચરાજીનો ગરબો.

સરસ્વતી માતને વિનવું, કરજોડી કહુ છું; હાંહાંરે કરજોડ
મેહેર કરો મુજ દાસને તમ શરણે રહું છું, હાંહાંરે તમ ૧
શેહેર ને વિરજ ક્ષેત્રના શોભા છે સારી; હાંહાં,
વરણ અઢાર વાસો વશે વસ્તી છે ભારી. હાંહાં૦ ૨
ધર્મરાજ ગાયકવાડકે લાગે છે સારૂં હાંહાં
સહુવસે સુખચેનમાં જોઇ મન દીસે મારૂ. હાંહાં૦ ૩
ઇનસાફ કરે એ રીતથી નહીં વા'લો વેરી; હાંહાં

બ્રાહ્મણુ સહુ આશીષ દીયે છે ને શેરી શેરી. હાંહાં૰ ૪
સહુને સુખ આ રાજમાં છે સોસો ઘણેરૂં; હાંહાં
પ્રભુ અખંડ રાખ આ રાજને શું કહું ઝાઝેરૂં. હાંહાં૰ ૫
બ્રાહ્મણુને બહુ પ્રેમથી દે દાન અતીશી, હાંહાં
શ્રાવણુ અધીક માસમા નવ કરવા દે હિંસા* હાંહાં૰ ૬
સદા વાસ એ રાજમાં પ્રભુ આપો હમને હાંહાં
શેહેરમાં સ્થાનક દેવનાં શોભા શી કહીએ, હાંહાં૰ ૭
એક એકથી અતી ઓપતા જોઇ વિસ્મે થઇએ. હાંહાં
ચું'વાળથી બહુંચર માવડી ત્યાં આવી રહ્યાં છે, હાંહાં૰ ૮
સુખ આપે દુઃખ કાપીને બહુ કષ્ટ ગયાં છે, હાંહાં

* શ્રાવણુને અધિક માસમાં મ્હલ્હારરાવ ગાયકવાડ હિંસા કરવા દેતાનહીં.

શેહેર સુતીપે સ્થાન છે માનુ ઉત્ર દશાએ હાંહાંરે,
દીવસના નવ વાગતાં શોભા બહુ થાએ હાંહાં૰ ૧૦
ધુપ દીપે થાય આરતી સહુ દરશને આવે. હાંહાં
ઘણા લોકને નીમ છે. કંઇ આવે ભાવે. હાંહાં૰ ૧૧
બહુ લોકને એમ છે દરસન નવ થાયે હાંહાં
તે દીવસ અપવાસ કરે ને અન્ન ન ખાયે હાંહાં૰ ૧૨
એવો નીયમ રાખી ને જે દરસને આવે. હાંહાં
માજી ચીંતા રાખીને પુરે આશા બાયે, હાંહાં૰ ૧૩
શણુગાર માના શોભીતા રચના છે સારી હાંહાં
હીરા રત્નને હેમના માંહી ચુનીઓ ભારી. હાંહાં૰ ૧૪
કંઠે એકાવળ આરોપીઓ દીસતો રૂડો હાંહાં

બાહે બાજુબંધ બેરખા માંહી સોનાનો ચુડો   હાંહાં૦ ૧૫
હીમ રત્નની કાંગની માંહી માંહી ચુનીયો ઝળકે.   હાંહાં
ખસ મોતીના મળીઆ માંહી હીલમ લટકે   હાંહાં૦ ૧૬
કાને કળાફુલ શોભીનાં નાકે છે વાળા   હાંહાં
મોતીની બાંધી દામણી મહી મણીઓ ભારી.   હાંહાં૦ ૧૭
આંગળીએ વેંઢ વીંટીયો છલે ઘુઘરી ઘમકે.   હાંહાં
પાયે તે કલ્લા કાંબીયો તોડા ઝાંઝર ઝમકે.   હાંહાં૦ ૧૮
જગ મોતાનુ કાપડુ લલાવટે ટીકડી ચોડી.   હાંહાં
પાંચ પટાનો પાઘરાને સાડી કસબી ઓઢી.   હાંહાં૦ ૧૯
પાછળ બાંધ્યો ગોરણો મહીં ઘુઘરી ઝાઝી   હાંહાં
આયુધ શણગાર સરવે સજી બેઠાં છો માજી.   હાંહાં૦ ૨૦
ઝોતો બે ધીની બળે જો રવી સોમ શોભે.   હાંહાં.
તેજ જોઇ મણીયાતણુ મારુ મનડુ લોભે.   હાંહાં૦ ૨૧
તેજ ન મળે ત્રણુ લોકમાં રવી ઝાંખો થાયે   હાંહાં
અકળ સ્વરૂપ બીજ પ્રકાશીયુ બહુચરી માયે   હાંહાં૦ ૨૨
વીરક્ષેત્રમાં વાશો વસ્યાં સહુ સુણજો સુણજો કાને. હાંહાં૦
બહુ લાવે વધામણી મસ માનતા માને.   હાંહાં૦ ૨૩
દુખ કાપી સુખ આપો છો મા દીનદયાળી.   હાંહાં
વિશ્વક્ષેત્રની રક્ષા કરો મા બહુચરી બાળી.   હાંહાં૦ ૨૪
સેવક પોતાનો જાણીને મા રાખે. પાસે.   હાંહાં
અરજ સાંભળી તેવની મા પુરજો આશે.   હાંહાં૦ ૨૫
દીન સેવકની વીનતી હૃદીયામાં ધરજો.   હાંહાં
ભીડ પડે ત્યાં બહુચરી આવી સંકટ હરજો.   હાંહાં૦ ૨૬

ગરબો શીખી સાંભળી નીત પાઠ કરશે. હાંહાં
કોટીક પાપ પ્રલે થશ તે સેજમાં તરશે. હાંહાં૦ ૨૭
રણછોડદાસ તો વીનવે બેઉ કર જોડી, હાંહાં
સાહાય કરો મુજ દાસને બુદ્ધિને થોડી. હાંહાં૦ ૨૮
ભુલ ચુક હોય માહરી તે માફ કરજો. હાંહાં
વિનતી સુણી આ દાસની તે કાને ધરજો. હાંહાં૦ ૨૯
વાસ તે વિરક્ષેત્રમાં રાવપરામાં રહું છું. હાંહાં
રાત દીવસ રક્ષા કરો કર જોડી કહું છું. હાંહાં૦ ૩૦

ગોરમાનો ગરબો

ગોરમા ગણપત લાગુ પાય કે, વીધાત્રાને વીનવું રે લોલ;
ગોરમા ઘરડોને ભરથાર કે, આપો શું મને રે લોલ,
ગોરમા ટીક ધીક અવતાર કે, શું કહું તને રે લોલ;
ગોરમા રણ સંબંધી મુજ તાત કે, મા મારી પાપણી રે લોલ
ગોરમા સંસાર કીધો સરપ કે, સેજે થઈ સાપણી રે લોલ;
ગોરમા હું કહું છું નાનું બાળ કે, પીઉ ઉંટીઓ રે લોલ,
ગોરમાં દીઠે પડે છે ફાળ કે, મુરખ છે બુઢીઓ રે લોલ;
ગોરમા મારૂ થયુ જોબન કે પીઉ ઘરડો થયો રે લોલ,
ગોરમા હું કર કોકીલ શબ્દ કે પીઉ તો સુઈ રહ્યો રે લોલ;
ગોરમા મને થયાં વરસ સોળ કે પીઉને એંશી થયા રે લોલ,
ગોરમા દીઠે જાણું જક્ષ કે મુખ સઘળી ગયા રે લોલ;
ગોરમા શિયાળાની રાત કે સરદ શોહામણી રે લોલ;
ગોરમા વરઘ પીયુની જાત કે, દીસે બીહામણી રે લોલ,

ગોરમા રજની રમવા ઇચ્છું રે આંગુ આંબડીરે લોલ;
ગોરમા ચેન કરતો બોલે કે કરચલી લાકડીરે લોલ,
ગોરમા શિયાળાની રાત કે સ્વાદ ભોગ અતિ ઘણોરે લોલ;
ગોરમા રજની વિતિ એક કે, આજ મા આંખડીરે લોલ,
ગોરમા કંટક તમને ખડક કે, ડોહો કેમ સરેરે લોલ;
ગોરમા પીઉની ઘરડી જાત કે, અરથ કયાથી સરેરે લોલ;
ગોરમા નવરાત્રીના દીન કે, સરદ શોભામણીરે લોલ,
ગોરમા દુરબળ મારો કંથ કે, દીન જાય દોહ્યલારે લોલ;
ગોરમા વિજયા દિન કે, સહુ શણગાર સજેરે લોલ;
ગોરમા મારો ઘરડો કંથ કે, બીક આવનારને લોલ,
ગોરમા સહુને મન દિવાળી કે, મારે મન હુતાસણીરે લોલ,
ગોરમા મારા કરમના ભોગ કે હું નિસાસણીરે લોલ,
ગોરમા રાત દીવસ નવ દેખું કે, જાણું દવ બળેરે લોલ;
ગોરમા મુજ સરખો પુરૂષ દેખુ કે, મન મારૂ બળેરે લોલ,
ગોરમા મારા કાળા કેશ કે, એના ધોળા થયારે લોલ;
ગોરમા હું થઇ જોબન વેશ કે, તન મારૂ બળેરે લોલ,
ગોરમા મોઢે આવે લાળ કે, નેત્રે નિર ઝરેરે લોલ;
ગોરમા હું નારંગી જેવી કે, તન મારૂ બળેરે લોલ,
ગોરમા સેજ બિછાવે પુરૂષ કે, તે દેખો ડરેરે લોલ,
ગોરમા સાસ ઉધરસને પીડ કે, ઉંધા સુવેરે લોલ;
ગોરમા આભુષણ પહેર અંગ કે, વસ્ત્ર બહુ ભાતનારે લોલ.
ગોરમા મીથ્યા થયો અવતાર કે આવી જાતમારે લોલ;
ગોરમા શું આપો અવતાર કે નાગરી નાતમારે લોલ,

ગોરમા સુખ ન પામી એક કે, દુખ બહુ ભાતનારે લોલ.
ગોરમા જેને જોબન કંથ કે, પુન્ય કીધાં હશેરે લોલ,
ગોરમા મેં કીધાં બહુ પાપ કે, હું વૃદ્ધની વહુરે લોલ.
ગોરમા ઓરીયો ન વિત્યો એક કે અપરણીની રીતનોરે લોલ,
ગોરમા પુરૂષ ન દીઠો એક કે પુરી પ્રીતનોરે લોલ.
ગોરમા શીવજી પુજ્ય સદાય કે પામુ જોબન ધણીરે લોલ,
ગોરમા મન મારૂ વ્યાકુળ કે, એનુ કેમ બળ્યુરે લોલ;
ગોરમા હું થઇ જોબન વેશ કે, એનું હામ ગળ્યુરે લોલ,
ગોરમા કાચી દેજો કંથ કે, ભય લાગે સહુરે લોલ,
ગોરમા નહોતી સાસુ નણંદ કે તો જીવતી હજુરે લોલ,
ગોરમા પેઉજી આવે ઘેર કે હુ ભમતી ફરૂરે લોલ;
ગોરમા લાવ્યાં એકજ વસ્ત્ર કે હું તો શું કરૂરે લોલ,
ગોરમા દુઃખતાં વાગ્યાં ઝાડ કે મુકયાં પાળવારે લોલ;
ગોરમા હું સંપુરણ કુંભ કે મારી જાળવેરે લોલ,
ગોરમા લોક રાચે કરૂ હોંશ કે મા મારી વારતીરે લોલ.
ગોરમા જમતા દેતી ફાંસી કે, ભીખ દેતા મારતીરે લોલ.
ગોરમા પીઉજી પોહોંચ્યા બહાર કે જાણે થઉ સતીરે લોલ
ગોરમા હવે મરૂ સત્ય કે જે કરમની ગતીરે લોલ;
ગોરમા વિનતી કરૂ છું એક કે જે કરમ તણી રતીરે લોલ,
ગોરમા કરજોડી લાગુ પાય કે સમરથ દેજો પતીરે લોલ;
ગોરમા વિનતી કરૂ છું એક કે, આજ મુકી આંબળોરે લોલ,
ગોરમા સઉને દેજો જોડ કે, માતા કરૂણા કરીરે લોલ,
ગોરમા કામી દેજો કંથ કે વલ્લભ કહે કરગરીરે લોલ,

બાળ લીલાનો ગરબો.

કુંવરને વારોને વ્રજ રાણી ટેક.

સરે વ્રજરનાર મળીને આવી શ્રી યશોદાજી ધામેરે.
લાડકરાયો પુત્ર કરયો કેમ, વસિગે ગોકુળ ગામ. કુંવર ૧
એક કહે ભરવા જાઉં ત્યારે ઘરમાં પેસે ગીરધારીરે
માનશો નહી પણ માડી કહું તમે, સાંભળો ગતી મારી ૨
સાન્યુ સંતાડયું હોય જે માફ તે તણું શોધી કહાડેરે.
પોહોંચે નહી તો પીઠો માંડીને તેથી ન પહોંચેનો પાડે. ૩
ત્યા માતાજી એમ બોલ્યા તમે ચતુર થઇ કાં ચુકોરે,
જ્યાં એની દ્રષ્ટે પડે નહી વસ્તુ ત્યાં અંધારે મુકો. ૪
યશોદા શું વિનતી કહે વાણી, મુકી જેયુ અંધારા માહેરે
એની શી ચીંતા થાય અજવાળુ જઇ ઉભી રહે જ્યાંરે ૫
કૃષ્ણ માતા એનીપેરે બોલ્યાં ઘેલી ગોપી શીદ શોભે
મહિ માખણ ઉંચું શીકે મુકો ત્યાં બાળક ના પહોંચે ૬
તવ બોલી એક બાળા આવો, હું શીકાની ગત દેખાડુંરે
આણાં સુતનાં જુઓ પરાક્રમ, થાય અંતર ટાઢું. ૭
લાકડી લઇ ઉખલપર ચઢીને; શીંકેથી લઇ સહુ ખાયરે,
સખાને આપે તેથી વધે તો માંકલડાંને પાય. ૮
માતા કહે એ બળથી પહોંચે, એવુ ઉંચુ તમે બાંધોરે;
નહી તણ મુખ વસે બાંધી સોયે દોકડે સાંધો. ૯
હજુ તમો પણ લક્ષણ લાડકવાયાનાં ન જાણો માતરે
ઘરમાં ગરીબ એ બારણે બીજે વિતે તે જાણે વાત. ૧૦
એક સખાની ખાંધે ચઢીને અતી ઉંચુ પણ ચાખેરે.

તેથી ન ફાવે તો દાણી કરે કાણી, ધાર નજો મુખ રાખે ૧૧
ત્યાં માતાજી કહે બાળકને તું કેમ રીતે બાળરે,
મહી માખણ મુકી મજુસમા દાની ત્રિયા તમે તણું ૧૨
એક કહે માડી કહે તો થાયછે બમણુ જાનરે
ખાવા ન પામે ત્યારે ખીજી દે ગાળો ભાગે પાત્ર બહુકાન
કંઈ ન ચાલે તો છોડે વાછરડાં વેળા વના સવરાંવરે:
સૂતા બાળકને જઈને જગાડે ચુંટીઓ દેઈ રડાવે. ૧૪
એવું સુણીને કહે રાણીજી હસી શામળા બાળરે,
મંદિરમા પેઠા દેખો તો લાવજો એને સાહી. ૧૫
અરે માત મેં એક દીવસ તો સુંતાઈ આવતો હેયેરે,
પેઠો સદનમાં ખાવા વળગ્યો, એટલે જઈને ગેયાં. ૧૬
મેં કહ્યું ચોર આજ આવ્યો હવે નહી જાવા દઉં અરીશરે
મરડી મુછ એણે કહ્યું મુજને, હું જઈશ તું જોઈ રહીશ ૧૭
કરી કળા અપતો પછી બરગુ મુખ એટલે જઈમે ઝાલ્યોરે,
ફર્યો કાગળો મારી આંખમાં હું ચોળવા રહીએ ચાલ્યો ૧૮
એક કહે મેં ઝાલ્યો તો આજ તો પણ એ નવ ગાંઠ્યોરે
તોડી મુજ મુકતાફળમાળા, હું વીણવા રહી વાહાલો નાઠો. ૧૯
એટલામાં એક અગળા આવી, કહ્યું જુઓ લાવી ઝાલીરે.
છેડો ઉપાડે તો પુત્ર પોતાનો લજરાણી પડી હાલી. ૨૦
એવે યસોદાજી બોલ્યા હાનાં સાચાં સહુ હોશોરે
મારો વાળો મારા ઘરમાં પોઢ્યો; આવશે જાગીને જોશો. ૨૧
એવું કહેતાં પ્રભુ આંગણે આવ્યા, નીંદ્રામાંથી ઉઠીરે
યશોમતી કહે જુઓ આ મારો બાળક યુવતી તમે સર્વ જુઠી.
એમ કટાક્ષ કરી લઙ્ક કામની સામુ શ્રી કૃષ્ણે જોયુ રે.

લોક પોર થઇ ગઇ સહુ લક્ષનાં, પ્રીતમાં મન પરોવ્યું ૨૩
સામા સામા લોચન મળના કરી સમસ્યા છાનીરે.
સરવે કહ્યું ગોવાળને મારે મંદીર, મોહને લીધુ માની, ૨૪
ગોપી ગોવીંદની મન ન્યારી, શુ જાણે સમારરે;
હૈયે હેતને વદે વદનથી કોણ લહે તેનો પાર ૨૫
શીખે સાંભળે ગાયે ગરબો શ્રી કૃષ્ણ બાળ ચરીત્રરે
કહે દો પ્રભુ પ્રસન થાયનેં, જીવન થાય પવિત્રરે. ૨૬

મુંબાઇ સુરતનો ગરબો.

સારૂ સારૂ સુરત શેહેર મુંબાઇ અલબેલી
માંહી બાલાજીની મેહેર મુંબાઇ અલબેલી.
સાત માળની મેડી ચણાવી માંહી બેઠા શેઠાણીરે
આકર મેહેના ભરજરે ચાલે, વાણીઆની બાયર રાણી મું. ૧
મુંબાઇ રાણી સહુ ઠકરાણી ભરે બેડ ન પાણીરે
કાવડીયા તો પાણી આણે, પીવે પાણી શેઠાણી મું. ૨
મુંબાઇમાં ડહેલાં સાંકળાં કાંટલીનો નહી પારરે,
મુંબાઇ શહેરના શાહુકારોને દેવાળાની શી વાર. મું. ૩
સુરતની તો સાડીઓને ઉપર કસબી કોરરે
મુંબાઇ શહેરમાં કાપડીયાને કોઇમાં દેશો ખોડ મું. ૪
મુંબાઇ શહેરમાં ઘણી ગાડીઓ બગીઓનો નહી પારરે
સાંજ ફજર સઉ ફરવા નીકળે, વાડી લાડી લઇ બહાર. મું. ૫
મુંબાઇની તો મારકીટમાં સુખડીયો વેચાયરે
તેથી દીવનો હલવો સારો, સઉ લેવા મન ચહાય. મું. ૬
મુંબાઈ તો સરવે સુખ પણ ચણ પાંતીનું દુઃખરે.

બાડું મોઢું બળતણુ મોઢું બંદર જાવું મુખ્ય. મું. ૭
મુંબાઈનાં પાનબીડામાં સોપારીનો કટકોરે.
સાઠ વરસની ઘરડી ગાડર તોય ન મુકે લટકો. મું. ૮
અમદાવાદી કરામજાદી, ખંભાતી ઘોઝારીરે.
વડોદરાની વાંકી નારી સુરતની બલીહારી. મું. ૯

વડોદરા શહેરનો ગરબો.

ધન ધનરે વડોદરૂ શેહેર રૂપે રંગીલું. ટેક
રૂપે રંગે છેલ છબીલું, અલબેલું અપારરે;
વડોદરાનું વર્ણ કરતાં, સુણજો નરને નાર. ૧
બહારપરાની વસ્તી ભારે શોભાનો નહી પારરે;
વીનવતામાં વરપજ વીતે પરાં બાર બજાર. રૂપે. ૨
આકુતપર અડાણિયુ ને કાલુપરમાં ગફખાનુરે
ફોગટીયા સફ ફતેપરામાં દેવાળીયાનું ઠેકાણું રૂપે. ૩
સરશીયાની પાળજ ઉપર જેઠીનો અખાડોરે,
અષ્ટભુજા અલબેલી ઉભાં પાછળ ગોસાઇવાડો, રૂપે. ૪
સરસનાથ છે સામી પોળે વાયડા વાડી ત્યાંપરે,
અજબ તળાવની પાળે થઇને ચાલ્યા અખાડામાં જાય રૂપે ૫
લાલ દરવાજે બંબાખાનું વાંદરીયો બુરજરે,
ત્યાં ગણપતની વાડી જાણુ ઝળકી રહ્યો સુરજ રૂપે ૬
હાથીયા ખાણુને દરવાજે, કાંઇ હઠીલો હનુમાનરે,
સુર તળાવની પાળ ઉપર રામેશ્વર ભગવાન રૂપે ૭
ચાંપાનેર દરવાજે થઇને સીંધાવીએ જવાયરે.
અજારાજાના દરવાજા રાણી ચોખંડી કેહેવાય. રૂપે ૮

મરદા બારએ થઇને આવ્યા કાજરે,
લકડપીઠું મદન ઝાંપો. ગોમાઇજી મહારાજ. રૂપે ૯
શીવનાથના દરશન કીધાં આળી ગેવી પોળરે,
ચોરતે બેઠા ગરદન મારે બેસાણુ ભાગોળ. રૂપે ૧૦
બહુ પડ છે બાવાજીનું ડાંડીયુ અન્તદરે;
શકર કુઇનો ઝાંપે રૂડો. લાલ નામ સરદાર. રૂપે ૧૧
આનંદપરામા આવીયાંને રાજપરાને ઝાંપે
દાન દક્ષણા રૂડી થાએ ગણપતરાવ ત્યાં આપે. રૂપે ૧૨
ઉભા બજારની શોભા મારી આવી બારા વાવરે;
સત્યરૂપ છે રગે રૂડુ સુરસાગર તળાવ રૂપે ૧૩
વડી વાડી ધોનેકાટે નાગરવાડો વિખ્યાતરે:
આદીતવારે દરશન કીજે બેચી બહુચર માત. રૂપે ૧૪
ઉભે ચોકે લીમડી બજારે રૂડી શોભા થાયરે
મૃદંગ વાગે નાર નાચે ઝીણે કંઠે ગાય, રૂપે ૧૫
નીજામપુર ભુતડીને ઝાંપે રોકડીયા હનુમાનરે
સુરશાગર ગોચાટને દરવાજે વાગુ જછે કમાન. રૂપે ૧૬
શેહેરની ત્યારે રચના દીઠી શોભાનો નહિ પારરે
હાથીઘોડા પાલખીઓ વાકડીયા અસ્વાર. રૂપે ૧૭
ચારે દિશાના ચારે ચોટાં વચ્ચે માંડવી ચોકરે,
ઉચા મેહેલ મેડીને અટારી છજા ઝરૂખાને ગોખ રૂપે ૧૮
માંડવીએ કમાન ચોપાસ, ચતુર કરે વેપારે,
કાછીઆ દુકાનો માંડે, ઉભી હાથી લાર. રૂપે ૧૯
ચાપટ જેવા ચારે રસ્તા સરખા સરખી એ.
પાણીને દરવાજે બેઠા વાસ્ત કરે કલોલ. રૂપે ૨૦

રાજે તળાવની સુંદર શોભા જોતામાં મન મોહેરે;
નારી સઉ જળ ભરવા જાએ નઉતમ રચના હોય; રૂપે ૨૧
સમપરા દરવાજે કહીએ જોયુ છે સનમુખરે;
પરમેશ્વરનાં દરશન કરતાં જાય જનમનાં દુઃખ રૂપે ૨૨
સંહરીપુરાની લેહેર સહુથી શોભા છે ભરપુરરે,
સુરસાગર રતનાંગર જેવું વાગે બહુ ચતુર. રૂપે ૨૩
ચોથો દરવાજે ગાંપાનેરી શરસીયાની વાટરે;
વિસ્તારીને વર્ણન કીં ચોકપોળને હાટે. ૨૪
નગર નીરખ્યું મન હરખ્યું પ્રભુ થાય પ્રસનરે;
નરસીંહજીની પોળમાં નરહરીનાં દરસન, રૂપે ૨૫
રાજ રાજે રણછોડજીને મહાલક્ષ્મી મુજ માનરે;
ગોરધનનાથ બળદેવજી ચાલો પુંડરીનાથ. રૂપે ૨૬
બક્ષતખાનુ જનાનખાનું દીવાનખાનુ પાસરે;
ધરમતણી તો ધ્વજા ફરે છે ઉંચા મેહેલ અવાસ રૂપે ૨૭
ઘણી કારીગરી કચેરીમાં જાત જાતના રંગરે;
નઉતમ નારી નાચ કરે છે, કોમળ તેના અંગ. રૂપે ૨૮
તરેહવારનું ટંકારખાનું ગોવીંદરાવનો મેહેલરે;
ગાયકવાડના રાજ આગળ શોભા સઘળી સેહેલ. રૂપે ૨૯
દાદાસાહેબ ને નાનાસાહેબ બાપાસાહેબ માહારાજરે;
ગણપતરાવ ઘણુ જીવજોને અખંડ રહો આ રાજ. રૂપે ૩૦
લાડ માડ શીગોડ નાગર દશા વીશા વણીકરે;
સોની સાળવી સુતાર છીંપાં દરજી ઠીકા ઠીક. રૂપે ૩૧
પુના સતારા મુંબઇ જોયું પુર્વ પશ્ચિમ દેશરે,

મારવાડમાં ઉદેપુર જોયું પૃથ્વીના નર શા. રંગે ૩૨
જુનાગઢ દીઠું હાથી ને ગઢ ગીરનાર ગીરનારરે;
સુરતને અમદાવાદ જોયું; કઠણ કિલ્લો ધાર. રંગે ૩૩
બલીહારી હું વડોદરાને, ધનધન નરને નારરે;
નીરક્ષેત્ર જોગે જોડી નદી, તેનો એવો ગયો અવતાર. રંગે ૩૪
બાંકી નગરી વડોદરાની, મહારાજાને રાંકરે;
નગ્યાનેણીને વરણાગીયા, નગીનો આંડો આંક. રંગે ૩૫
શાહુકારોની દુકાનો બારે, સ્વરગ નમો અવતારરે.
ખુશાલચંદ શામળ બેહેચર, લલુભાઈ શાહુકાર. રંગે ૩૬
ચેતનજી કાનદાસ કહીએ, બાંધી પુનમની પાળરે:
હરીભકિતનો મહીમા મોટો, બીજા બાકી મેરાલ. રંગે ૩૭
રંગીલો જે ગરબો ગાશે, રંગીલા નરનારરે;
રંગીલા તો લાહાણીઓ લાવે રંગભેર શોભા થાય. ૩૮
સંવત ઓગણીસ પાંચમા ને સતરમે ગાનેરરે;
નવરાત્રીમાં વર્ણન કીધું, વડોદરૂ જે શેહેર; ૩૯
કહે સહુ કવિને કરું વિનંતી, કાવ્યમાં હોય ખોટરે;
વડોદરાની રક્ષા કરજો. રેવા ને રણછોડ ૪૦
ભગવત વાણી સાચી જાણી, મનમાં આણી ભાવરે;
વડોદરાનો ગરબો ગાતાં, સહુજન સુખીયા થાય; ૪૧
શીવજાની મન ગમતી કરવા, જાય શોણી જનરે;
મસ્તુભાગનો અંગતો જાણે ઇંદ્રનું સિંહાસન. ૪૨

મહાકાળીનો ગરબો.

તું પાવાની પટરાણી કે, કાળિ મારમારે બોલ.

મા તારે ડુંગરરે ચડવું તે અતિ ઘણું દોહલુંરે લોલ.
મા તારી પ્રદક્ષણા કરી કે, વરણન શું કરૂંરે લોલ,
વિશ્વામિત્રે તપ કરવા બેઠાં કે, દેવ મુની સ્થારે લોલ;
આવું રૂડું ચડિડું ચાંપાનેર કે, ચડિડે ચડિડ મળ્યારે લોલ,
ત્યાં કુંજ ગાતાતા ગરબા કે, માજી આવીઆરે લોલ;
રાજાજીએ છેડવો સાહવો હાથ કે, માજી પ્રસન્ન થયાંરે લોલ,
માગ્ય માગ્ય ઘોડાની ઘોડાર કે, હાથી ઝુલતારે લોલ;
માગ્ય માગ્ય કુટુંબ કુશળ ક્ષેમ કે, ધંનનર આવી ઘણીરે લોલ,
માગ્ય માગ્ય દલિતુ સરખા દેશ કે, કિલ્લા અતિ ઘણારે લોલ,
માગ્ય માગ્ય ગુજરાત સરખી ગાદી કે, ભદ્ર બેસણુંરે લોલ;
માગ્ય માગ્ય નવેખંડના રાજ્ય કે, ચાંદો સુર્ય તપેરે લોલ,
માગુ માગુ એટલું વરદાન કે, મારે મોહોલે પધારીએરે લોલ,
ફટ ફટ પતના રાજા કે, એ શું માગીયુંરે લોલ;
આજથી છેડેત છ માસે કે, મુગ જશેરે લોલ,
એમ કહી માતા થયાં અલોપ કે, પાવા હાથ ધરી રહ્યોરે લોલ,
મુગલ બાદશાહ છે કોજ કે, પાવાગઢ ઘેરિયોરે લોલ,
દરવાજે ઉભા દરવાન કે, કોણે પુછીયુંરે લોલ;
રાજાજીએ ખોદાવીયું તળાવ કે, પાણી નવ નિસર્યુંરે લોલ,
મુગલ ખોદાવીયું તળાવ કે, જળ દુધે ભર્યુંરે લોલ,
માજીનો એવો છે મહિમાય કે, કવિ નવ કહી શકેરે લોલ.

બહુચરાજીનો ગરબો.

બાળાહારી બહુચર માત જોવાને જઈએ. ટેક.
જોવા જઈએ સુખિયાં થઈયે, આરાસુરમાં રહિયેરે;

આરાસુરમાં અંબા બીરાજે, પાવાગઢ માહાકાળી. જોવા ૧
માને પારે હવન થાયને, ચાર ચુંદડી હોમાયરે;
બ્રાહ્મણ બેઠા વેદ ભણે છે માતની મંગળ ગાય. જોવા. ૨
માને પારે જે કોઇ જાએ, તેની પુરે આશરે;
કરજોડી જન વલ્લભ કહે મા, હું છું તારો દાસ જોવા. ૩

રેલવે ગાડીનો ગરબો.

ગાડી આવી ગુજરાત, અગનકેરી ગાડી આવી;
ગાડી આવી હિંદુસ્તાન, અગન કેરી ગાડીરે આવી,
પાણી ઝારે દસો દામ. છાંટતાં તો ચાળા કરે છે;
દીવા બળે સારી રાત, સીપાઇઓ તો ચોકી કરે છે. ૧

સાખી.

સરસ્વતી સ્વામીને વિનવું ગણપત લાગુ પાય;
ટોપીવાળા તારા રાજમાં, તારું કાંકરીયું ફરી બંધાય,
અગનકેરી ગાડીરે આવી. ૨
ગાડી તારાં બેશણાં, ઇંદ્ર તણાં વેમાન;
આંકડે આંકડો મેળવ્યો, તેનો ઘડનારો ચતુર સુજાણ.
અગનકરી ગાડીરે આવી. ૩
ગાડી આવી ઘંટ વાગીયો, ટીકીટ કરવા જાય;
ઘડી એકનો વિલંબ પડે, તો તો ટીકીટ વીના અથડાય,
અગનકેરી ગાડીરે આવી. ૪
સ્ટેશન આવે ઘણાં, બરફી પેંડા વેચાય;
મોટાં ઘરની શેટાણીઓ, તે તો ગાડીમાં ખાય.
અગનકેરી ગાડીરે આવી. ૫

સ્ટેશન ઉંચાં ઘણાં, દુર થકી દેખાય;
બાગ વચ્ચે એક બંગલો, તેની શોભાનો નહીં પાર;
અગનકરી ગાડીરે આવી; ૯
અમદાવાદની દીકરી, મુંબાઈ તેનું મોસાળ;
સુરત તેનું સાસરૂં તેનો સાંજે સંદેશો જાય.
અગનકરી ગાડીરે આવી. ૧૦

અમદાવાદ શહેરનું વર્ણન.

લાવ લાવ સખી એક કાગળ લખીએ હરીનેરે એ રાગ.

અમદાવાદ નામે આજ શેહેર છે સારૂંરે;
રાજા કુંપની કેરૂં રાજ, પ્રજાને પ્યારૂંરે,
ચૌટા વચ્ચે માણેકચોક, શોભા છે સારીરે;
વસે લક્ષપાત બહુ લોક, વડા વેપારીરે. ૨
નદી સાબરમતી વહે નીર, સેહેર સમીપેરે;
દેવતાઓનાં તેને તીર, દેવળ દીપેરે. ૩
એવી જુગતીઓ જાતા અનેક મન લાગે મીઠું રે,
પણ અચરત મોટું એક દ્રષ્ટિ દીઠુંરે. ૪
તીથી તેરસ પહેલે પક્ષ અસાડી આવેરે;
તારે ગોર પુજાનો લક્ષ છોડીઓ લાવેરે. ૫
દીન પાંચ લગી એક અન મોળું જમેછેરે;
મોટા હર્ષ ધરીને મન, રોજ રમેછેરે. ૬
પુજે વાવી જવારા ઘેર, ગોર રીઝાવારે;
જાએ પ્રીતે બહુ પેર, નદીએ નાહાવારે. ૭
અન્યો અન્ય કરે ઉજમાત નઠારૂં બકેછેરે;
અઇ ગોરપુજાની વાત, છાકી છેકેછેરે, ૮

જેવી હોય હોળીની લેર, એથી અતીશેરે;
બોલે ભડવાની પુત્રીઓ પેર દુષ્ટતા, દીસેરે. ૯
તેના માત પીતાને જાત; પુરા હશે પાજીરે,
જ્યારે સાંભળતા હશે વાત, થતાં હશે રાજીરે.
કોપ સાહેબ એવી વાતે, દેખે એવી રીતેરે,
તેના માત પીતાની જાત, પુછેછે પ્રીતેરે. ૧૧
નારે કેવી વધે છે લાજ, મહા સાબાશરે;
એવી નીરલજ લોકો આજ, શહેરના વાશીરે. ૧૨
કરૂ વિનતી મગાચાર શ્રવણે ધરજોરે;
તેનાં નામ લખી સરવ પત્ર, જાહેર કરજોરે. ૧૩
ધણી નીદાના લખજો શ્લોક, દેખાડજો નીતરે,
જેથી લાજ પામે તે લોક, તજે તે રીતરે. ૧૪
હવે કહુંછું જોડીને હાથ વાંચકોને ગમતારે,
એવી નીર્લજ છોડીગાસા હાથ, ન જાવું રમવારે. ૧૫
લઇ ગોરપુજાનું નામ, કામ એ કરવુંરે;
મોટું પાપ ઠરે એ કામ, દીલમાં ડરવુંરે. ૧૬
ધરી બેટા હરખ મનમાંહી વ્રત દીન જે તારે,
પણ કુટવા રોવાનું કાંઈ ન કરવું તે દારે. ૧૭
છોટપણમાં પડે જે ટેવ ટળે નહી ટાળીરે,
માટે નીતી શીખે તતખેવ બોલો સંભાળીરે. ૧૮
કદી પુરીએ નહી કોઈ કામ, સાહેદી જુઠીરે;
લઇએ પરમેશ્વરનું નામ, પ્રભાતે ઉઠીરે. ૧૯
પતી માત પીતાની સેવ કોડે કીજેરે,
જેથી દલપતનામનો દેવ, દીલમાં રીઝેરે.

ભાગ બીજો.

(બજરંગી હનુમાનનો ગરબો.

અંજનીનો જાયો હનુમાનરે, સમરૂ બજરંગી;
એને ચડે છે તેલ સીંદુરરે, સમરૂ બજરંગી,
મારા રામ તણા રખવાળરે, સમરૂ બજરંગી.

સાખી.

શનીવારે કરૂં તમારી સ્થાપના, ને ભામે કરૂં ભાવન;
કપુરે ઉતારૂ તમારી આરતીરે, એવા સકળ સ્વરૂપ હનુમાનરે. ૧
માતાજીનાં વચન સાંભળીને, બાપના પાળવા બોલ,
અજોધ્યાનું રાજ મુકી રામલક્ષમણજીરે, ભોગવીયાં વનવાસરે. ૨
રામે રથ જોડીઆને, સીતાને લીધા સાથ;
વનમાં વનફળ પેહેરીયારે, સાથે ચાલ્યા છે લક્ષમણ વીરરે. ૩
વનમાં જઇ મજા કરીને ત્યાં પુર્યો છે વાસ;
લક્ષમણ સરીખા બંધવા નહી મળેરે, તમને ફળનું લાવી આપનાર કોણરે, ૪
રામ ગોરે તલાવડીને લક્ષમણ બાંધે પાળ,
સોના કેરે ઘડુલેરે સીતા ઉમગને ભરવા ખાનરે ૫
સીતાની વાડીમાં ઉમરોને મૃગનેરે, ચરીચરી જાય;
કાલે મરાવું પેલા મૃગનેરે, મારાં કાચાં વનફળ ખાયરે. ૬
મૃગ મારી કારમોને; તેની પડાવું છાલ.
તેનો શીવડાવું કંચવોરે, હું તો હીંડુ ચમકતી ચાલરે. ૭

મરીચી મૃગ થઇને આવીયોને, રાણીને લાગી રાડ;
હો માના રામજીરે, કંથ કાંચલડી લાવદોરે. ૮
સુતર ભરેલો કંચવોરે, ચાંળડાની શી રદ;
આપણા સ્વાર્થને કારણેરે, પેલા પશુના શીદ લેવા પ્રાણરે. ૯
સીતા કહે હું નહી પીયરીને નહિ માને મોશાળ;
નથી માહારે કંથ કયાબરાને, મારા મનનીતે કોણ પુરે આશરે ૧૦
બાથાબાથી બાણ ઠાટીયાને, રામજીએ લીધા હાથ;
મૃગ મરતાં પોકારીઓરે, ધાજે ધાજે લક્ષમણ વીરરે. ૧૨
સીતા કહે તમે સાંભળોને, બોલાવે તમ વીર;
લક્ષમણ કહે ખોટી વાત છેરે, કંઇ કપટ કેરી વાતરે. ૧૩
કપટ છે તમ દીલના વીશે ને, હું સમજી આ વાર;
ભીડ પડી બંધવને વનવાશેરે, તમે બેઠા કરો વિચારરે. ૧૪
કુદની મુજપર તમ નજરીને, તેમાં નહીં સંદેહ,
જાણ્યા તમને લક્ષમણ દીયરારે, આવાં પાપ તમારાં આજરે. ૧૫
સીતાનાં વચન વાગ્યાં ઉરે વિષેને, ચઢી લક્ષમણને રીશ;
વાડીને ફરતી ચોકી મુકીનેરે, ચાલ્યા ત્યાંથી તેતો બારરે. ૧૬
ધુપ પડે ધરતી તપેરે, જોગી ઉભો બહાર;
સત્ય પાળવાતે કારણેરે, ભીક્ષા આપોહો રામ કેરી નાર. ૧૭
આપની હોય તો આપો મનેરે નીકર મુખે કહો નાર;
વાર થાય મનેરે ઘણીરે, મારો સંગ કેદારનાથના જાયરે. ૧૮
ઉચી મેડી આકાશમાંને, નીચાં સરોવર ઘાટ;
સીતાને રાવણ હરી ગયોરે, પછી મઢીમાં કુડે છે કાગરે. ૧૯
રાવણને જોઇ સીતા સતીરે, કરતાં ઘણો વિલાપ;
ન કહેવાના વચન લક્ષમણને કહ્યાંરે, લીધું પાપ માથે અમાપરે. ૨૦

સત વચની સત બાંધવો ને, સતનો ચાલનહાર;
આગળ બુધી મારી પોચી નહીરે, ઘણા કર્યા તીરસ્કારરે. ૨૧
નીચ બુધી સ્ત્રી જાતનીને નહીં મનમાં કાંઇ વીચાર;
પોતાના સ્વાર્થને કારણેરે, હરે પુરૂષને ખુવારરે; ૨૨
મૃગ મારી રામ આવીઆને, આડો ઉતર્યો સાપ,
આ મારા બંધવારે, આજે વિપ્રીત દીસે હાજરે. ૨૩
મનુષ મેલ્યા ઢુંકડાંને, બાંગળ મેલ્યાં બહાર,
એ મારા લક્ષ્મણ બાંધવારે ગયા સકળનીજ નારરે. ૨૪
મેં જાણ્યું લક્ષ્મણ રણીકલો, ને સારાં કરશે કામ.
ના માયો વનમાં મૃગલોરે, નવ રાખી સકળ વીરનારરે. ૨૫
કુવા ઢાંકણુ ઢાંકણુંને, ખેતર ઢાંકણુ વાડ;
બાપનું ઢાંકણુ બેટડોરે, ઘરનું તે ઢાંકણુ નારરે. ૨૬
રામ રૂવે લક્ષ્મણ રીઝવેને; ના રોશો મારા વીર,
બીજી પરણાવીશું સુંદરરે, તેનું નામ ધરાવીશું શીતાનારરે. ૨૭
જળ જળ કમલ ના નીપજે, વન વન ચંદન નવ હોય,
સતી સીતા એક છે રે, એવી ઘેર ઘેર સીતા નાર હોયરે. ૨૮
રામ રૂવે લક્ષ્માણ રૂવેને, રૂવે પંખી જન;
તો રૂવે હનુમાન એટલારે, એમને સીતા લાવેયાની ઘણી હામરે.
રામે બીડા આપીઆને હનુમાને લીધા હાથ;
આજ્ઞા હોયતો ઉડીનેરે તેડી લઇ આવું સીતા માતરે સ૦ ૩૦
ત્યાંથી હનુમાન ઉડીયાને, પડયા લંકાની માંય;
જોયા ચોરાશી ચકટાંને જોયાં બાવન બજાર, પછી જોયું રાવણ કેરૂ રાજરે. સમરૂ૦ ૩૧
જોઇ રાવણની રાણીયો ને જોયા રાવણના મેહેલ;

એક રાવણુના ભેડીયોરે પછી આવ્યા તે વાડી મહાંયરે ૩૨
વાડીમાં જઇ વનફળ લાવતાને તેના કરતા આહાર;
લીલીવાડી સુકી કરીરે, પછી દીઠાં છે સીતા માતરે. સ૦ ૩૩
ક્યાંથી તમે અહીં આવીયાને, શું છે તમારૂં નામ;
કોણે તમને મોકલ્યારે અહીં શું છે તમારે કામરે સ૦ ૩૪
રામે હમને મોકલ્યાને; હનુમાન મારૂં નામ,
પંચવટીથી હમે આવીયારે, મારે શોધ લેવાનું કામરે ૩૫
આગળ દરીયો જળ ભરીઓને ત્યાં રાક્ષસનો ભાય;
શી રીતે તમે આવીયારે સાથી પહોંચી તમારી હામરે. ૩૬
સાત સમુદર સુકા કરને રાક્ષસના વાળુ કેર;
આગ્ના હોય તો ઉડીએ ઘઇ જવું માતાજી ઘેરરે. સ૦ ૩૭
વળી સઘળી ઉજડ કરીને, લગાડી લંકામાં લાહાય,
અક્ષ આદી કુંવર મારીયારે, વરતાવ્યો લંકામાં વાસરે. ૩૮
ત્યાંથી હનુમાન ઉડીયાને આવ્યા રામજી પાસ,
રામને સમાચાર આપીયારે કુશળ છે સીતા માતરે સ૦ ૩૯
ત્યાંથી રામ ચાલીયાને આવ્યા લકાની મોઝ;
પથર કેરી પાર બાંધીનેરે સેન ઉતાર્યું પેલી પારરે. સ૦ ૪૦
લંકાગઢ રામ પહોંચીયાને, રાવણુને થઇ છે જાણ;
ઇંદ્રજીત યુધે ચડયોરે, ત્યારે લક્ષ્મણુને મુરછા થાયરે. ૪૧
કડવી હોજો લીંબડીને, શીતળ હોજો છાંયા,
બંધવ હોય બોલકારે, પણ અંતે સહાય પોતાની બાંયરે. ૪૨
સુખમાં સાંભળે સુંદરીને દુઃખમાં સાંભળે રામ;
વનમાં સાંભળે બંધવારે મારી ભાગી તે જમણા હાથની બાંયરે
નવ મહીના ઉદરમાં રાખીઆને નવ જાણી માની વાત,

બાળપણામાં જેતા ના મરેરે, તેને ચૌદશના વાયરા વાયરે
દુઃખના બેલી બંધવાને, માડી જાયા વીર;
તેની તોલે કોઇ ન હોવરે, એતો સુખ દુઃખમાં સાથેરે. ૪૫

લાવણી.

અજોધ્યા નગરથી ચાલવું તેની ચાલ દો જન બાઇરે,
એકતો મારી જોડ ખંડીત થાય, એ દીન દોહલા કેમ જાય;
લક્ષગણુ જાગ્યાને હોજરે બંધવ બોલદો એકવાર.
માય વીના સુની બેટડીને ભાઇ વીના સુની બેનરે
એવા ગોળ વીના મોળો કંસાર, તેનો સુનો થયો સંસાર,
આવ્યાતાં ત્રણુ જણાંને જઇશું એકાએકે;
માતા ને મારી પુછશે ત્યારે શો ઉતર દઇશું. લ૦ ૪૮
ચૌદ વરસ વન વિષે રહ્યા નવ જાણી સુખ દુખની વાતરે;
અંતે મને દગો કરીને, તમે ચાલ્યા ગયા મુજ ભ્રાત. ૪૯
બ્રહ્મચરીય વ્રત તમે પાળાયુંને તજી નિંદ્રાને આહારરે;
રાત દીવસ ચોકી કરી હમ તણી, રહી ઘર બાહાર લ૦ ૫૦
પુત્ર વિના પરીવાર સુનો સ્ત્રી વિના સુના ઘરબારરે,
બંધુ વિના બેલ નહી કોઇની મિત્ર વીના શો વીચાર. લ૦ ૫૧
ભરથ શત્રુઘ્ન મને પુછશે કયાં ગયો લક્ષમણુ ભાઇરે.
આવી વાત તમારી સાંભળીને રોશે સુતીત્રા માઇરે, લ૦ ૫૨
ઉઠો બધવ વાર થાય છે, મારવો રાવણુ રાયરે;
પછી જઇએ અવધપુર વીરો સાથે લઇ સીતાય. લ૦ ૫૩
રામના વીલાપ જોઇને રૂવે સેના તમામ,
ધનવંતરી વઇદે ઉપાય શોધીનેરે, દીધી હનુમાનને આજ્ઞારે.

હનુમંત મન હીમત ધરીને દ્રોણાચળ લેવા જાય
પલક એકમાં પાછા આવીયારે, વળી લક્ષમણની મુરછા ગઈરે.
કુંભકરણ ઇંદ્રજીતને માર્યા બહુ ગણીયા કુમાર
જમાઇ મરાયા સઘળા રાવણનારે, પછી રાવ કરે વિચારરે.
આહી મહી મીત્ર પોતા તણાને તેડાવ્યો રાવણ સાર
રામ લક્ષમણને ચોરી ગયારે, મહીકાવતી નીરધારરે. સ૦ ૬૦
પ્રભાને શોધ કીધા સેનાગણે, નવ દીઠા લક્ષમણ રામ,
સેના રોવા લાગી બંધી રામનીરે, રોવા લાગ્યાં અષ્ટ પ્રધાનરે.
હનુમાને પગલાં કહાડીયાને, આવ્યાં સમુદ્ર તીર
મકર ધ્વજને ત્યાં બાંધીઓરે, એતો ગયા છે પેલી પારરે. સ૦
દેવી દેરામાં પેસીને ત્યાં દેવી ગયા તતખેવ,
રામ લક્ષમણ ત્યાં આવીયારે, એમજે કીધી છે હનુમંત સેવરે.
મહી રાવણનું માન મોડીને તેને પણ માર્યો ઠાર;
તેની રાણીને વરદાન આપીયોરે, પછી આવ્યાં તે લંકા મોઝારરે.
લંકામાં યુદ્ધ કરીને છેદયાં રાવણનાં દશ શીશ,
અસુરનો અંત આણીયોરે, પછી હરખ પામ્યા જુગદીશરે. સ૦
રાણી કીધી મંદોદરીને, આપ્યું વિભીક્ષણને રાજ,
સીતા લઇ રામ સંચર્યારે, આવ્યા અજોધ્યા મોઝાર સ૦ ૬૪
માતાએ મોતીડે વધાવીઆને, હઇડે હરખ ન માય;
મોતી કેરા ચોક પુરીયારે, લીલા નકુતમ ત્યા પાયરે. સ૦ ૬૫
છોડાવી અધરમ નગર તણાંને, ટાળ્યા પ્રજાના દુઃખ,
લાડ પાળ્યાં માતા તણાંરે, લવલેશ રાખી નવ ભુખરે. સ૦ ૬૬
રૂડો ગરબો બજરંગી તણોને વાંચો નીત્ય નરનાર;
હનુમંત કરો પ્રતાપથીરે, છોટા કહે ઉતરો ભવપારરે. ૬૭

સાત વાર.

આદીતે આનંદ સહીયર કહું છું રે,
મારે ગિરધરશું ઘરવાસ વ્રજમાં રહું છું રે;
સોમે પામ્યા સુખ શીવજી ફુળીઆરે,
આ નંદજીનો લાલ મુજને મળીયારે.
આ મંગળે મને હેત હરીશુ લાગ્યું રે,
આ હૃદયકમળનું બાણુ હૃદયે વાગ્યું રે;
આ બુધ આવ્યો મુખ જોવા જદુરાયેરે,
આ છાના કરીએ સેજ વહાલાં થઇએરે.
આ બ્રહ્મરુપી ગુરુ પ્રતાપ સુખ છે સહુનેરે,
આ સખી ઘણો આનંદ રાધા વહુનેરે;
શુક્રના સરવ બોલ સહુને ગમનારે,
આ લેતા તાળી હાથ રજની રમતારે.
આ શનીશ્ચરે સંદેશો હરીને કહાવ્યોરે.
આ જોગ બન્યો છે આજ રમવા આવોરે.
આ સાત વારે જે ગાય નરને નારીરે,
તેનો વૈકુંઠ વાસજ થાય દેવ મોરારીરે.

આઠ વાર.

(કારતકે કાળજાને દીજ્યુ એ રાગ.)

આદીતે અકળ કળા તારી, જાણું રે હું તો વદનકમળવારી;
ત્રીકમજીરે હું તો છું તારી, આવોને ઘેર જસોમતીના જાયા;
મને તારી લાગી છે માયા. આવોને. ટે. ૧
શોભે તો શોભે સોહાગી, મને તો તારી લેહે લાગી;

કટારી કાળજડે વાગી. આવોને. ૨
મંગળે તો મન વીચાર કરીએ, ધીરજ તો કઇ પેરે ધરીએ;
દીવસ રાત રોઇ રોઇને મરીએ. આવોને. ૩
બુધે તો બુદ્ધિ વિચારો, દુઃખરે મારું દીલ મધે ધારો;
મને તો વિરહાગ્નિમાં શીદ બાળો. આવોને. ૪
ગુરૂવારે ગુણ ગાઉં તારા, અવગુણ શા છે હમારા;
આંખે વહે છે આંસુની ધારા, આવોને. ૫
શુકરે શું કરીએ હેલી નમેરા તો નાથ ગયા મેલી;
હવે મારૂં કોણ થશે બેલી. આવોને. ૬
શનીવારે શામળીઓ આવ્યા થાળ ભરી મોતીડે વધાવ્યાં;
ગોપીના સુખસાગર કરયા; આવોને. ૭
સાતે વાર સમજીને ગાશે, તેના સહુ દુઃખ દારિદ્ર જાશે;
કવિ કહે સુખ સંપત થાશે. આવોને. ૮

પંદર તિથીઓ.

પડવે આવી પકડો મારી બાંયરે, છોગાળા એ રાગ.
પડવે પ્રિતમ પ્રીત તજી કેમ ચાલ્યારે, ગીરધારી.
આનીતિ કુબજાને મોહોલે માહાલ્યારે, હો ગીરધારી. ૧
બીજે બંસીવટમાં વાટયુ જોતીરે, ગીરધારી;
કોઇ મળે મથુરાં વાટ પુછી લેતીરે, હો ગીરધારી.
ત્રીજે ત્રીકમ તન મારાં તરફડતાંરે, ગીરધારી;
ગોકુળીઆમાં ગેલાં ગેલાં ફરતાંરે, હો ગીરધારી; ૩
ચોથે ચતુરભુજ શરણે રાખોરે, ગીરધારી;
હરી સુખ દુઃખ કેરી વાત અમશું ભાખોરે, હો ગીરધારી. ૪

પાંચમે પુરૂશોતમ કેમ વીસારીરે, ગીરધારી
પ્રિત કરી કેમ મુકી વ્રજજની નારીરે, હો ગીરધારી. ૫
છઠીને દીન છોમાળો જ્ને આવેરે, ગીરધારી
વાંસલડીના શબ્દે વન બોલાવેરે; હો ગીરધારી ૬
સાતમે સાંભળીઆ વીણુ, નવ ગમતુરે, ગીરધારી
રહે મનડું મારૂ હરીવર પાછળ ભમતુરે, હો ગીરધારી. ૭
આઠમે અવએલા અતરજાનગીરે ગીરધારી
ગો કાશીની સંભાળ ગરૂડગામીરે, હો ગીરધારી. ૮
નોમે નોતમ બેઠ કરે બ્રાજગામીરે ગીરધારી,
ન ગોડે ગોવિંદ બેઠ રહુ ઉદાસીરે હો ગીરધારી. ૯
દશમને દીન સરવ સજે શણગારરે, ગીરધારી,
પણ હરી વીણુ લાગે આગ તણા અંધારરે હો ગીરધારી. ૧૦
એકાદશીને ઓછવ તે નવ ગમતોરે, ગીરધારી,
અલબેલો કામણગારો રહે છે દામનોરે, હો ગીરધારી. ૧૧
બારશે બહુ નિધરશી બેસે ગીરધારી
શા કર્યું મુકી ગયા મને ગોવાળીઆરે હો ગીરધારી. ૧૨
તેરશે આ તનડું ધ્રટકી જાયેરે, ગીરધારી,
વાહન વીનાનો મહેર ખાવા ધાયરે, હો ગીરધારી. ૧૩
ચઉદશે ચીંતામાં ગઇ છું ચુકીરે, ગીરધારી
માત પિતાની લજ્જા ગેંનો મુકીરે, હો ગીરધારી. ૧૪
પુનમને દીન પુરણ પ્રગટે ચંદરે ગીરધારી,
પણ સામળીયા વીણુ કરૂં અતિ આક્રંદરે હો ગીરધારી. ૧૫
આ પંદર તિથી હરિ વિયોગ દુ;ખની ગાશેરે, ગીરધારી,
ગોવરધનનો સ્વામી ત્રસત થાશેરે, હો ગીરધારી. ૧૬

૮૧

પંદર તિથીઓ.

પડવાની પણ પ્રીત ગટમટ ભુલી રે,
મારા હરી વિના એક વાત સરવે સુની રે. ૧
બીજે બાળે વેશ રહી છું બાળી રે,
આ ઘરમા કેમ રહેવાય વાગે તાળી રે. ૨
ત્રીજે ત્રિભોવનરાય મંદીર પધારો રે,
હરી આવોને આપણે ઘેર હેત વધારો રે. ૩
ચોથે ચંચળ નાર ચતુરા ચાલે રે,
પેલો વડોદરાનો વખ્દ દુખડાં ટાળે રે. ૪
પાંચમના પડદા હરીશું રાખ્યા રે,
મારે પ્રેમરસ પીવા કાજ હરી રસ ચાખ્યા રે. ૫
છઠ્ઠીના લખોકા લેખ તે કેમ ટળશે રે,
મારે પેલા ભવની પ્રીત આવી મળશે રે. ૬
સાતમના સંતાપ હરીશું અમને રે,
આ શું કહીએ મહારાજ લાજ નહી તમને રે. ૭
આઠમે ઓચ્છવ થાય હરી હોય હેલી રે,
મારે સોળે ગોપીઓનો સાથ રમવા ઘેલી રે. ૮
નોમે નમેરા નાથ નગણા ન થઇએ રે,
આ ગોકુળીયુ મેલી મથુરા ન જઇએ રે. ૯
દશમે દિનરાત દેહી મારી દાઝે રે,
ઘેર નાવલીઓ રીસાય તે ઘણું સાલે રે. ૧૦
એકાદશીના વ્રત મારે કરવાં રે,
શ્રી જમનાજીના ધ્યાન મારે કરવાં રે. ૧૧

દ્વાદશીને દહાડે દરશન અમને દેજો રે,
મારા સામળીયા ભગવાન સનમુખ રહેજો રે. ૧૨
તેરશના તો દન અમારા ફુટયા રે,
આ હરી હરી કરતા હોઠ હમારાં સુકા રે. ૧૩
ચઉદશે તો ચતુર નર શું વાહાયા રે,
ઘેર રાધા સરખી નાર શું રીસાયા રે. ૧૪
પુનમે તો પંદર તથો થઇ કહાવે રે,
સુને સેજડીએ સુતાં નીંદ્રા ન આવે રે. ૧૫

પંદર તિથીઓ.

હરી હઠ મેલ રે રાધે, મેરી સંગ બોલને રાધે;
અબોલા બોલાને રાધે, ઘુંઘટડા ખોલને રાધે;
કહ્યા મેરા માનને રાધે.
પડવે મોરી સાહેલડી, પિયુજી વાડીએ જાય;
પિયુજી લાવે દાડમ, ગોરી છોલેને પિયુજી ખાય;
હરી હઠ મેલને રાધે. ૧
બીજે મોરી સાહેલડી, બાળોજ ઉગ્યો ચંદ;
દાડમ કેરે દતડે, ગોરી આ શો માંડયો ફંદ;
હરી હઠ મેલને રાધે. ૨
ત્રીજે મોરી રાંકેલડી, તરીઆજ વારોવાર;
આ શું ભુલી સુંદરી, ભુલી કંકુને કાજળ ભાર;
હરી હઠ મેલને રાધે. ૩
ચોથે ચમકતી મેં સુણી, નેમન બાજે વેશ;
બાર જોબનમાં એકલી, જેના પીયુ ગયા પરદેશ;

હરી હઠ મેલને રાધે. ૪
પાંચમે મોરી સાહેલડી, પંથ પલંગ કંથ દુર;
ભર જોબનમાં એકલી, મારૂં જોબન જાય ભરપુર;
હરી હઠ મેલને રાધે. ૫
છઠે મોરી સાહેલડી, છઠીજ વાગે વાગ;
પરદેશી રાજ પધારશે, આપણે બેસીશું હારોહાર;
હરી હઠ મેલને રાધે ૬
સાતમે મોરી સાહેલડી, સાતેજ કીધા સ્નેહ;
ચોમાસાની રાત ચીકણી, ઝીણા ઝરમર વરસે મેહ;
હરી હઠ મેલને રાધે. ૭
આઠમે મોરી સાહેલડી, આઠજ જોડાજોટ;
પરદેશી રાજ પધારશે, આપણે બેસીશું મોડામોડ;
હરી હઠ મેલને રાધે. ૮
નોમે મોરી સાહેલડી, નવલાંજ પહેરૂં ચીર;
દીપક લેઇ મેડે ચઢું, મારે નયણે વછુટયાં નીર;
હરી હઠ મેલને રાધે. ૯
દશમે મોરી સાહેલડી, દશરા પુજવા જાય;
પુજ્યા તે પાર પામીયા, મારા રાયજાદા ભરથાર;
હરી હઠ મેલને રાધે. ૧૦
અગીઆરમે મોરી સાહેલડી, મેં કીધી શીવરાત;
સોહીએ ઉઠી પારણા કરૂં, મને કૃષ્ણ જોવાની ઘણી ખાંત;
હરી હઠ મેલને રાધે. ૧૧
બારશે મોરી સાહેલડી, બારજ બાંધ્યા બંધ;
કસનારા નર કસી ગયા, એ તો કદીએ ન છુટે બંધ.

હરી હઠ મેલને રાધે. ૧૨
તેરશે મોરી સાહેલડી, વાદળ વાપ્યો રંગ;
ઓસડની ગુળી એક છે, મને ડશીયા કૃષ્ણ ભોરંગ;
હરી હઠ મેલને રાધે. ૧૩
ચઉદશે મોરી સાહેલડી, પાસા લીધા હાથ;
મેં જાણ્યું પડશે પાધરા, એ તો પડીયા છે બારેવાટ;
હરી હઠ મેલને રાધે. ૧૪
પુનમે મોરી સાહેલડી, પુરીજ કરજો આશ;
મેં જાણ્યું હરી આવશે, હવે થઇ બેઠી છું નિરાશ;
હરી હઠ મેલને રાધે. ૧૫

પંદર તિથીઓ.

સખી પડવે તે પંથે ચાલ્યારે, મહા વનના તે મારગ ઝાલ્યારે;
સાથે સીતાને લક્ષમણ બાળા, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે, ૧
સખી બીજે મહીમા બીરાજેરે, જેવાં નદીઓતણાં નીર ગાજેરે;
રામ મેલી ગયા રૂડું રાજ, રઘુપતિ૦ ૨
સખી ત્રીજે તે વન કેરી ઝાડીરે. દશ ફળ મંગાવછે દહાડીરે;
સારી શોભે સીતાજીની વાડી, રઘુપતિ૦ ૩
સખી ચોથે કેવડીનો મહેકરે, ફાલ્યો ફુલ્યો તે મોગરો લેહેકરે;
એવી લીલી લતાઓ લેહેકે, રઘુપતિ૦ ૪
સખી પાંચમે પોપટ પાળ્યોરે, પાંખ લીલીને કાંઠલો કાળોરે;
મુખે રામ ભણંતો ભાળ્યો, રઘુપતિ૦ ૫
સખી છઠે છેતરવાને આવ્યોરે, કુડો કપટી રાવણ સાથે લાવ્યોરે;
એ મુખનો મારગ બતાવ્યો. રઘુપતિ૦ ૬

સખી સાતમે શ્રી હરી સમર્યાંરે, વાડી બેરી ઉરાડયા ને ભમરારે;
રૂખ સાહિને ઉપાડયા ડમરા, રઘુપતિ૦ ૭
સખી આઠમે એને નિહાળ્યોરે, ધનુષ ધારીને મૃગલો માર્યોરે;
મૃગ મરતી વખતે પોકાર્યો, રઘુપતિ૦ ૮
સખી નોમે તે નાંખ્યો તીરરે, જઇ વાગ્યો છે મરમ શરીરરે;
વારે ધાજો લક્ષમણ વીર, રઘુપતિ૦ ૯
સખી દશમે કહે લક્ષમણનેરે. બેઠી વીરો બોલાવેછે તમનેરે;
આડી આણ દીધી છે અમને, રઘુપતિ૦ ૧૦
સખી એકાદશી અપવાશીરે, લંપટ લેવાને લાગ તપાશીરે;
રાવણ સીતાને લઈ ગયો નાશી, રઘુપતી૦ ૧૧
સખી બારસે હનુમાન બળીઓ, ઘેકી સમુદ્ર પાર નિકળીયોરે,
જઇ જોગમાયાને મળીયો, રઘુપતી૦ ૧૨
સખી તેરશે ત્રંબાળુ ગાજેરે, હાક હનુમાન કેરી વાગેરે,
લાહાય લંકા તે ગઢમાં લાગે, રઘુપતી૦ ૧૩
સખી ચોદશે ચિત વિચારીરે, ફોજ વાંદરાની રચી સારીરે,
રામે રાવણ નાંખ્યો મારી, રઘુપતી૦ ૧૪
સખી પુનમે પ્રભુજી આવ્યારે, થાળ ભરી મોતીડે વધાવ્યા;
માતા કૌશલ્યાને મન ભાવ્યા, રઘુપતી૦ ૧૫
સખી પંદર તથો થઇ પુરીરે, એમાં એકે નથી અધુરીરે;
આત્મારામની વાણી મધુરી, રઘુપતી૦

પંદર તીથીઓ.

સાંભળ સૈયર વાતડી, મુજ દિલની આજે;
હાંહાંરે મુજ દીલની આજે. ટેક.

સ્યામ સખી તજી ગયા, જુદુ દીવસને રાતે;
હાંહાંરે જુદ દિવસને રાતે. ૧
પડવે પ્રીતિ મેં કરી, પાતળીયા સાથ. હાંહાંરે;
પડવે પ્રીતિ મેં કરી, પાતળીયા સાથ. હાંહાંરે,
દુઃખ દરીઆમાં મેહેલીને ગયા મુજને નાથ. હાંહાંરે. ૨
બીજે અંતર બીડીયું તપે વહેને તાપે. હાંહાંરે;
ગેબી ઘા મને મારીયો, કહીયે કો આગે. હાંહાંરે. ૩
ત્રીજે કેમ તજી ગયા શો વાંક હમારો; હાંહાંરે;
કુબજાશું રંગે રમો, ઘટે તોલ તમારો. હાંહાંરે. ૪
ચોથે ચીતમેં જાણીયું, હરી આવી મળશે. હાંહાંરે;
સુખ સઘળી સહુને થશે, દુઃખડાં દુર ટળશે. હાંહાંરે. ૫
પાંચમે પીંડ હું જાણતી, કરતી નવ પ્રીતી; હાંહાંરે;
કાળજુ કોરી નાંખીયું, કરી દુશમન રીતી. હાંહાંરે. ૬
છઠે છળ કરી છેતરી, ગયા ગોકુળ મેલી હાંહાંરે
વીહે અગ્નિ આંચમાં, મુકી મુજને ઠેલી હાંહાંરે. ૭
સાતમે સહુ સખીઓ મળી, વિચાર શો કરવા, હાંહાંરે.
જીવણ જો આવે નહી, આ દેહ નથી ધરવા. હાંહાંરે. ૮
આઠમે ઓધવ આવીયા, તેણે જોગ બતાવ્યો હાંહાંરે.
બહુ રીતે સહુ સમજાવીયાં, ગોપી મન ન ભાવ્યો, હાંહાંરે. ૯
નોમે નમી ઓધવ કહે, તમ પ્રેમે હું રાચું, હાંહાંરે.
પ્રેમ ભક્તિ મુજને મળે, હરી પાસે હું જાચું. હાંહાંરે.
દસમ દીન મથુરાં વિશે ઓધવજી આવ્યા, હાંહાંરે
આવતાં હરીએ પુછિયું સમાચાર લાવ્યા. હાંહાંરે.
એકાદશી હરી બોલીયા, મુજ ગર્વ ટળ્યો છે. હાંહાંરે.

ગોપીના પ્રેમ આગળો જોગ ઝાંખો પડયો છે. હાંહાંરે
દવાદશી દીને દવ બળે, જે રીતે વનમાં હાંહાંરે
તે રીતે વહ વ્યાપીઓ, ગોપીના તનમાં. હાંહાંરે
તેરશે મન વીચારીયું, પ્રભુએ મનમાંહી, હાંહાંરે
ગોપી સહુને સુખ દેઉં, જાઉં ગોકુળ માંહી. હાંહાંરે ૧૪
ચઉદશ દીન ચીંતા કરે સહુ પ્રીતની પ્યાસા હાંહાંરે.
હજુ સુધી નવ આવીયા, સખી નંદલાલા. હાંહાંરે. ૧૫
પુનમ દીન પ્રભુ આવીયા, આનંદની હેલી હાંહાંરે.
થાળ ભરી શગ મોતીએ, ગોપી થઇ છે ઘેલી. હાંહાંરે. ૧૬
પંદર તિથીઓ પ્રેમની, સહુ સુણજો કરણે હાંહાંરે
રણછોડ કહે છે કરગરી, પ્રભુ રાખજો શરણે. હાંહાંરે. ૧૭

પંદર તીથીઓ.

પુનમે અમને પુરણ દરશન દેજોરે છોગાળા.
દયા કરી મારી દેહીનાં દુખડાં ખોજોરે. મોરલીવાળા. ૧
પડવે આવી પકડો મારી બાંહ્યરે, છોગાળા.
કોઇ સતગુરની શીતળ રાખો છાંયરે. મોરલીવાળા. ૨
બીજે મારી બાળક બુદ્ધી કાપોરે, છોગાળા.
દયા કરીને શીતળ સુખડાં આપોરે. મોરલીવાળા. ૩
ત્રીજે હું તો તત્પર થઇને બેઠીરે છોગાળા.
કુબ્જની વાણી મુજને લાગી મીઠીરે. મોરલીવાળા. ૪
ચોથે ચતુરા શું ગયા છો ચુકીરે, છોગાળા.
કાંઇ લેહ લાગી મેં લાજ સરવની મુકીરે. મોરલીવાળા. ૫
પાંચમે પુરણાવરતી કેહેવાયરે, છોગાળા.

મુજથી હરિ વિનાનો ઘડીએ ના રહેવાયરે. મોરલીવાળા. ૬
છઠીના લખ્યા લેખ તે કેમ ટળશેરે. છોગાળા.
મુજથી પ્રતિજ્ઞાના કારજ કરવા પડશેરે. મોરલીવાળા. ૭
સાતમે હું ગુણ તમારા ગાતીરે. છોગાળા.
આ મોરલીને શબ્દે હીંડુ છું માતીરે. મોરલીવાળા. ૮
આઠમે અવતરીઆ અંતરજામીરે છોગાળા.
જાદવકુળમાં જનમ્યા છો અંતરજામીરે. મોરલીવાળા. ૯
નોમે કરવા નરપતીનાં કામરે, છોગાળા.
મુજ મંગળવાશી ગયાં મથુરાં ગામરે. મોરલીવાળા. ૧૦
દશમે દાવાનળ આવી કાપ્યોરે છોગાળા
કાંઇ મામો કંસ મારીને રણુસ્થંભ કાપ્યોરે. મોરલીવાળા, ૧૧
એકાદશીના પડદા આવી ખોલોરે છોગાળા
કાંઇ અંતરજામી અમ સંગાથે બોલોરે. મોરલીવાળા. ૧૨
બારશે વંદ્રાવન રસ્તો ઝાલોરે છોગાળા
મુજ અપુરા જીવને શું મેલો છો વીલોરે. મોરલીવાળા. ૧૩
તેરશે કાંઇ ચરણ કમળ ચિત લાગ્યુરે છોગાળા
કંઇ જનમોજનમની ભક્તિ તમારી માગુરે. મોરલીવાળા ૧૪
ચઉદશે ચરણકમળની દાસીરે છોગાળા
મુજ મંગળવાસી ગયા મથુરાં નાશીરે. મોરલીવાળા ૧૫
અમાશે કાંઈ ધરણીધર કહેવાયરે છોગાળા
કાંઇ નરશીહમેહેતો ગુણ તમારા ગાયરે. મોરલીવાળા ૧૬

પંદર તીથીઓ.

પડવે પાતળીયા ગીરધારી મારે ઘેર આવજોરે લોલ

બીજે બાળક એહુ બાહાર કે, મેં સમજાવીયુંરે લોલ
ત્રીજે ત્રણ ભુવનનો નાથ મોતીડે વધાવીએરે લોલ
ચોથે ચંચળ બોલી નાર મથુરાની વાટમાંરે લોલ
પાંચમે પગમાં ભરજો કેમ કે મારે ઘેર આવજોરે લોલ,
છઠે છોગાળા ભગવાન કે ભગવાન ભગતને તારજોરે લોલ
સાતમે સરદ કરે એકાકારકે ગોકુળ ગામનીરે લોલ
આઠમે અવતરીયા ભગવાનકે ત્રિભુ નાથનેરે લોલ
નોમે તરત કરે એક નારકે ગોકુળ ગામનીરે લોલ
દશમે માર્યો મામો કંસ કે મથુરાંની વાટમાંરે લોલ.
એકાદશી પુરણ લાવ્યા નાર કે સતભામા ખરીરે લોલ-
બારશે બહુ બળીયા ભગવાન કે દશોદીશ વાપીયારે લોલ.
તેરસે ધન પુને એક નાર કે ગોકુળ ગામનીરે લોલ
ચઉદશે બનસીબટને ચોક કે રાશ રમાડજોરે લોલ
પુનમે પદર તયો થઇ પુરી કે હરી ગુણ ગાઇ રવીરે લોલ.

મલાવરાવનો રાસડો.

પિતળ લોટા જળે ભર્યાંરે દાતણ કરતાં જાવરે મલાવરાવ
શેહેરનો સુબો કયારે આવશેરે. ટેક.
દાતણ કરશું વાડીએરે ફરતી ફિરંગીની ફોજરે મલાવરાવ. ૧
ચીની તે પ્યાલા તેલ ભર્યાં મરદન કરતા જાઓરે મલાવરાવ
મરદન કરશું વાડિયેરે ફરતી ફિરંગીની ફોજરે મ૦ ૨
તાંબા તે કુંડીયો જળે ભરીરે નાહાવણ કરતા જાઓરે મ૦
નહાવણ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મ૦ ૩
રાંધી રસોઇયો એન રહીરે, ભોજન કરતા જાઓરે મ૦

ભોજન કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મ૦ ૪
પાન સોપારીને એલચીરે, મુખવાસ કરતા જાઓરે મ૦
મુખવાસ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મ૦ ૫
સોના તે કેરા સોગટાંરે, રમત રમતા જાઓરે મ૦
રમત રમશું વાડીએરે, ફરતી ફિરંગીની ફોજરે. મ૦ ૬
ઢીંચણ સામો ઢોલીયોરે, પોઢણ કરતાં જાઓરે મ૦
પોઢણ કરશું વાડીએરે, ફરતી ફીરંગીની ફોજરે મ૦ ૭
કયાંથી આવ્યા પીટયા જંગલારે, માથે ટોપીને ભુરો દેશરે મ૦
રાણી રવે રંગ મહોલમાં, દાશીઓ રવે દરબારરે મ૦ ૮
હાટ રવે હાટ વાણીયારે, ચોરે રવ ચારણ ભાટરે. મ૦
શેહેર છોડી સુબો નીસર્યોરે લીધી નડીયાદની વાટરે. મ૦ ૯

ભાગ ૩ જો.

અભેમન્યુનો ચકાવો

સરસત સામીને વિનવું રે, ગણપત લાગુ પાય રે;
અજોધ્યાનગરીમાં દહીતનો વાસો તેના તે મસ્તક છેદોરે;
દહીત કાજે કૃષ્ણે કળઓ રે માંડયો.
દહીનોમાંથી દહીતાણી નાં ગયાં ગયાં વનમાં ગયાં રે,
વનમાં જઈ અધલોચન જન્મ્યા
સોના કામદડીને રૂપાના ભાલા, અધલોચન રંખા નીસર્યા રે;
જઈ રહ્યા વગડા રે વચે,
વનરે વગડામાં એક પંખી જનાવર,

જનાવર અહલોચને માર્યા, ડોશી ને મેણાં બોલારે,
બહુ છે બસીયો બહુ બળવંતો,
એવા છે તો તારા બાપનું વેર લેને
ત્યાંથી અહલોચને ઝાળો લાગી, આવી રહ્યા ઘર આગળે રે,
કે મારી મા મારો બાપ કેણે માર્યો
બારે બારે વર્ષે દીકરા બાપ કેમ સંભાર્યો,
ડોશી ને મેણાં બોલી રે,
તારો તે બાપ કાળા કૃષ્ણએ માર્યો
ખંભે કોડો લેઇ અહલોચન ચાલ્યા, જઇ રહ્યા વન વચેરે,
વનરે વગડાનાં લીલાં વૃક્ષ રે વાઢ્યા
ડાળાં ડાળાં પડ્યાં રે મુક્યાં; થડમાં ઉપડ્યાંરે.
લાકડાની બાંધી ભારીરે-
ત્યાંથી અહશોચન સુતારી ઘેર આવ્યો
ભાઇરે સુતારી તું મારો વીરો, પેટી ઘડી મને આલરે
બોંતેર ખાનાને એકજ કોઠો
ત્યાંથી અહલોચન લવારી ઘેર આવ્યો
ભાઇરે લવારી તું મારો વીરો, આ મને પેટી જડી આલરે;
બત્રીશ તાળાં ને બત્રીશ કુંચીઓ પેટી જડી આલરે,
ત્યાંથી અહલોચન ચીતારા ઘેર આવ્યો
ભાઇરે ચીતારા તું મારો વીરો, પેટી ચિતરી આલ સારીરે
ત્યાંથી અહલોચન દરજીડા ઘેર આવ્યો.
ભાઇરે દરજીડા તું મારો વીરો, આની મને ચાંદી સીવી આલરે
પેટી ઉપાડી અહલોચન આવ્યો.
જઇ રહ્યો જઇ રહ્યે, વગડારે વચે, વડની છાયે પેટી મુકીરે

બ્રાહ્મણને વેશે કાળો કૃષ્ણજી આવ્યા
ક્યાં જાઓછો મારારે જજમાન; કૃષ્ણનું ઘેર વાળવા જાઊરે.
કહો ગોરજી કાળા કૃષ્ણ કેવારે હશે
તુજ સરખાને તારારે જેવા; દેહીનૂં પ્રમાણું આણોરે
લ્યો મારા ગોરજી દેહીનું પ્રમાણું.
ત્યાંથી અઇલોચન પેટીમાં સમાણા, કાળા કૃષ્ને તાળાં અડકાડ્યારે
ગોર મારા ગોર મને બાહાર કઢો
કોણ તારો ગોરને તું કોનો જજમાન, હું છું કાળો કૃષ્ણરે,
પેટી હતી તે આકાશે ઉડાડી.
આકાશના દેવતારે જગાડ્યા, આ જુદ્ધ કોણે માંડ્યાંરે;
અઇલોચન ને કાળા કૃષ્ણએ માંડ્યા.
પેટી હતી તે પાતાળે પછાડી, પાતાળના શેષનાગ ડોલ્યારે
આવું તે જુદ્ધ કેણે માંડ્યું,
અઇલોચનને કાળા કૃષ્ને માંડ્યું, તેનો થયો ખડભડાટરે
ત્યાંથીરે અઇલોચન મૃત્યુંરે પામ્યા.
ખભે પેટીને કાળો કૃષ્ણજી ચાલ્યા, જઇ રહ્યા દ્વારકાં ગામરે;
પેટી હતી તે સુભદ્રાને આપી.
જોજોરે બેની આ પેટી ઉઘાડતાં સાચવી રાખજો પાસેરે
નણંદ ભોજાઇ બે માથાંરે જુએ.
નણદલ તમારા ભાઇ શું લાવ્યા, એ મુજને દેખાડોરે
પેટી હતી તે સુભદ્રાએ ઉઘાડી
ભાઇનું કહ્યું સુભદ્રાએ ન માન્યું, શ્વાસમાં વાસ સમાઇ ગયોરે.
પેહેલોરે માસ એળે ગયો
બીજાને માસે સૈયરને સંભળાવ્યું ત્રીજાનો મરમ ન જાણ્યારે

ચોથે માસે માતાને સંભળાવ્યું.
પાંચમ માસે બાંધેને રાખડી, છડે તે કઠીયલ દુધર,
સાતમેને માસે ખોળો ભરાવો.
ખોળો ભરાવીને મહીયર વળાવ્યાં, આઠમાંના મરમ ન જાણ્યોરે
નવમેને માસે અભેમન્યું જનમ્યા;
સોનાની સળીએ નાળ વધેર્યો, પાણી માટે દુત્તડે નવરાવ્યારે,
ચીર ફાડીને બાળોતીયાં કીધા
જાદવનારે પારણાં બંધાવ્યાં ચોખા સાટે મોતીડે વધાવ્યાંરે;
સાત પાંચ વરસના અભેમન્યુ થયા.
લેઇ પાટીને ભણવારે ગયા, ભણીગણી નવચંદા થયારે;
પોતાના કાકા સગાઇયોરે લાવ્યા.
ઓતરા અભેમન્યુ તારીરે નારી, વધરાટની કુમારીરે;
લીલાને પીળા વાંસ વઢાવો, નવરંગી ચોરી ચીપુરાવીરે
ત્યાંથી અભેમન્યુ પરણવાને ચાલ્યા, સારા તે શુકન થાયરે
ત્યાંથી અભેમન્યુ સરોવરીએ આવ્યા, સુકાં સરોવર લીલાં થયાંરે
ત્યાંથી અભેમન્યુ ભાગોળે આવ્યા, ભાગાળે ભેળો વગડાવોરે
ત્યાંથી અભેમન્યુ ચકટામાં આવ્યા, ચકટામાં ચમર ઢોળાવોરે.
ત્યાંથી અભેમન્યુ જાનીવાસે આવ્યા, સાસુજી પોંખવા આવ્યારે
ત્યાંથી અભેમન્યુ તોરણે આવ્યા, મામાજી કન્યા પધરાવોરે.
ત્યાંથી અભેમન્યુ ચોરીમાં આવ્યા, મામાજી દો કન્યાદાનરે
પેહેલુને મંગળ હરતું ને ફરતું, દાદાજી દો કન્યાદાનરે
દાદાએ આપ્યાં ગોડીલાના દાન,
બીજુને મંગળ ચોરીમાં વરત્યું માતાજી દો કન્યાદાનરે
માતાએ આલ્યાં ગાવડીઓનાં દાન.

ત્રીજું ને મંગળ ચોરીમાં વરત્યું વીરાજી દોરે કન્યાદાન
વીરાએ આલ્યાં વેલડીઓનાં દાન.
ચોથું તે મંગળ ચોરીમા વરત્યું ભાભીજી દો કન્યાદાનરે
ભાભીએ આલ્યાં ઝોટડીયાનાં દાન
ત્યાંથી અભેમન્યુ પરણીને ઉઠ્યા માતાને પાએ લાગ્યારે
પોતાની માએ આશીશરે આલી.
ઘણું જીવો દીકરા ઘણો આવરદા ઓતરા તારી નારીરે
જોજે અભેમન્યુ તારીરે ગોરી ગોરી છે ગુણવંતીરે
અમારા તે કુળમાં એવીરે રીતો વર સાથે કન્યા ન હોયરે
પેહેલેરા પોહોરનાં શમણારે વાગ્યાં
આરે શમણામાં કોરા કાંકણ નીંધા
એરે શમણામાં દીકરી આળપંપાળ તારાં શમણાં પડો સુકે લાકડેરે.
બીજેલા પોહોરનાં શમણાંરે લાગ્યાં
આરે શમણામાં કોરાં ઘરચોળાં પહેર્યાં
આરે શમણાં દીકરી આળપંપાળ શમણાં પડો રાંક રેંડીએરે
ત્રીજેરા પોહોરનાં શમણાંરે લાગ્યાં
આરે શમણામાં શયકો આભેરે આવે
આરે શમણાં દીકરી આળપંપાળ શમણાં સમુદ્ર એટમાંરે,
ચોથેરા પહોરનાં શમણાંરે લાગ્યાં
બાળુડો અભેમન્યુ જુદ્ધે ચડે છે, ઓતરાને આણાં આવ્યાંરે
ઓતરાના બાપની ઉંચી હવેલી
સોના કાચોલાં ને રૂપાના દોરા ઓતરા માથલાં ગુંથેરે
હીરૂડી વીરૂડી સાંઢે રતનો રબારી વેગે આવનો દીકરે

મારીરે માતા. તમે પોઢેલાં જાગો મા મારે આણેલાં આવ્યારે
ઘણુંરે જીવો દીકરી એ શું બોલ્યાં
બારીએથી રહી ઓતરાએ પુછયું
કયાંથી આવ્યા વીરા કયાં તમે જાગો
બાળુડા અભિમન્યુ જુદ્ધ ચડે છે ઓતરાને આણે આવ્યોરે
બારીએથી ઓતરા પડતાંરે મુકયાં ના રહી સુધને સાનરે;
ઓતરાના દાદાએ ડોસીડા જગાડયા ચુંદડી કાઢ આજ સારીરે
સારી સારી કાઢેને નુકશાન નીસરે,
દાદે ડોશીડાને મારવા લીધો,
ઓ મારા દાદા શીદને મારો છો ઓતરાના કરમનો વાંકરે;
ઓતરાંને દાદે સોનીડા જગાડયા વાળીઓ કાઢ આજ સારીરે
સારી સારી કાઢ નંદાએલી નીસરે
દાદે સોનીડાને મારવા લીધો,
ઓ મારા દાદા શીદને મારોછો ઓતરાના કરમનો વાંકરે.
ઓતરાના દાદે માળીડા જગાડયા,
ગજરા કાઢને મોંઘા મુલનારે;
ખીલો કાઢેને કરમાએલાલ નીકળે
દાદે માળીડાને મારવા લીધો,
ઓ મારા દાદા શીદને મારોછો ઓતરાની કરમનો વાંકરે
ઓતરાને દાદે મોચીડા જગાડયા,
મોજડીઓ કાઢે મોંઘા મુલનીરે,
રાતી રાતી કાઢેને કાળી કાળી નીકળે,
દાદે મોચીડાને મારવા લીધો;
ઓ મારા દાદા શીદને મારોછો, ઓતરાના કરમનો વાંકરે.

ઓતરાને દાદે શરઇયા જગાડયા, સારૂ સારૂ કંકુ કાઢેરે,
કંકુ કાઢેને કાજળ નીસરે,
દાદે સરઇવાને મારવા લીધો,
ઓ મારા દાદા શીદને મારોછો ઓતરાના કરમનો વાંકરે
દાદે સાસરવાસે ઓતરા વળાવ્યા રાયકા તેડીને જાયરે.

વળામણાં.

કે મને મારીને રથને રથડા ખેડરે,	બાળા રાજારે,
કે મને યુધ્ધે તે સાથે તેડરે,	બાળા રાજારે,
કે મને યુદ્ધ જોયાના રસ કાડરે,	બાળા રાજારે,
કે આપણ સરખા સરખી જોડરે,	બાળા રાજારે,
કે લાવ હું ધરૂં હથીયારરે,	બાળા રાજારે,
કે કરૂં કઉરવનો સંહારરે,	બાળા રાજારે;
કે છોડી યુદ્ધ વળો ઘેરરે,	બાળા રાજારે;
કે તમને આપું મારા બાપનું રાજરે,	બાળા રાજારે,
કે નારી કેશ સમુળા કાઢરે,	બાળા રાજારે,
કે રથ ઉપર દેહ પછાડેરે,	બાળા રાજારે,
કે રથ હાંકોછો રામજીની આણુરે,	બાળા રાજારે,
કે રથ ખેડોતો કાઢુ મારા પ્રાણુરે,	બાળા રાજારે,
કે મારા વગડામાં રથડા રોકયારે,	બાળા રાજારે,
કે મારા સસરા મેણા બોલ્યારે,	બાળા રાજારે,
કે વહુ આવતી બભરારીરે,	બાળા રાજારે,
કે મેતો નથી દીઠી પગની પાનીરે,	ઓતરા રાણી
કે તારૂ દેખી યુધ્ધે ન ચડતરે,	ઓતરા રાણી
કે મેતો નથી દીઠી નાકની દાંડીરે,	ઓતરા રાણી

કે આવ્યા કૃષ્ણનો જાદવે વંશ૦, ઓતરા રાણી
કે મને પાટા બાંધીને પરણાવ્યોરે, ઓતરા રાણી
કે મને સમરથ સાસરી દેખાડરે, બાળા રાજારે,
કે મને સાસરી જોયાંનો રસકોડરે, બાળા રાજારે,
કે મારા કાંકણ દોરા છોડાવરે, બાળા રાજારે,
કે મને સમરથ સસરો દેખાડરે, બાળા રાજારે,
કે મને ઘુંઘટ તાણ્યાના રસ કોડરે, બાળા રાજારે,
કે મને દીયર દેવડો દેખાડરે, બાળા રાજા
કે મને હોળી રમ્યાના રસકોડરે, બાળા રાજા
કે મને નાનીશી નણદી દેખાડરે, બાળા રાજા
કે મને ઢીંગલે રમ્યાના રસકોડરે. બાળા રાજા
કે મને સમરથ સાસુજી દેખાડરે, બાળા રાજા
કે મને પાય પડયાના રસ કોડરે, બાળા રાજા
કે મને જોડની જેઠાણી દેખાડરે, બાળા રાજા
કે મને જોડ હીંડયાના કોડરે, બાળા રાજા
કે મને વાદલી વેરાણી દેખાડરે, બાળા રાજા
કે મને વાદ લીધીના રસ કોડરે, બાળા રાજા
કે મારૂ માથું વાઢીને દડો ખેલરે, બાળા રાજા
કે તારી કેડની કટારી મને આલરે, બાળા રાજા
કે જમણી કુખ ધર્યો સુરરે, બાળા રાજા
કે તારી જમણી કુખ ના ધરેસરે, ઓતરા રાણી
કે તારી કુખે મોતીમર દીકરોરે. ઓતરા રાણી
કે સરી દેશે રામનું નામરે, ઓતરા રાણી
કે સારી રાખશે બાપનું નામરે ઓતરા રાણી

કે તેથી સરસે નમારૂં કામરે, ઓતરા રાણી
કે તારી ઢોલડીના ઓઠે મને રાખને, ; બાળા રાજા
કે તારાં આવતાં ઝીલેલે બાજુરે, બાળા રાજા
કે ઝાલી ઝાલી ઘોડલીયાની વાગરે, બાળા રાજા
કે મેલો મેલો ઘોડલીની વાતરે, ઓતરા રાણી
કે મારા ચડયા શા બાઇબંગ દેખરે. ઓતરા રાણી
કે મેતો ધાવતાં બાળ વછોડયારે બાળા રાજા
કે મને તેનાં પ્રાશ્રીત લાગ્યારે, બાળા રાજા
કે મેંતો ધાવતાં ધેન વછોડયાંરે, બાળા રાજા
કે મને તેનાં પ્રાશ્રીત લાગ્યાંરે, બાળા રાજા
કે મેતો છાણે છાણુ ભાગ્યુ રે, બાળા રાજા
કે મને તેના પ્રાશ્રીત લાગ્યું બાળા રાજા
કે મેઆ દીવે દીવો કીધોરે, બાળા રાજા
કે મને તેનાં પ્રાશ્રીત લાગ્યાંરે, બાળા રાજા
કે હુંતો પથરે પાનીઓ પીનીરે, બાળા રાજા
કે મને તેના પ્રાશ્રીત લાગ્યારે બાળા રાજા
કે મેતો વેલી નાંકે દીધો પગરે બાળા રાજા
કે મને તેનાં પ્રાશ્રીત લાગ્યાંરે બાળા રાજા

ગરબી ૧ લી.

ગીરધારીરે વાલમ વાત વિચાર મનમોહન આંખ ન મારો
મનમોહનરે મુકો મારગ માવા કેમ રોકો જુમના જાવા ટેક
હરીયાજીરે પ્રીત તમારી જાણી મારી ભાગશે હદીની દાણી
કહુ વિઠ્ઠલરે રહેજે અગથી આગો રોદ મને જાનાં વગશો

ઝુલ.

નવ પાલવડો મુજ તાણોરે જુગતીની રીત નવ જાણોરે
હુ જાનુ જદુવિર શાણોરે કહું કેશવરે મુકો કાના હાથ
કેમ રોકો જુમના જાવા ૧

નહી આપું હાથ હાથીનું આજે નથી લાવી તમારે કાજે.
મુકો પાલવ શાટે ચુંદડી મારી હું સમજી વાતો તારી

ઝુલ.

મુકો મહી મારાં ઢોળાશેરે મારી ચીર ચુંદડી ભીંજાશેરે
હમો હાથ હસતાં થાશેરે પ્રભુ હમશુરે ફંદ કરો કેમ આવા
કેમ રોકો જુમના જાવા ૨

હજી જાયછેરે સાથ મૈયરનો મારો મેં જાણ્યો તુને ધુતારો
ન'િ સરશેરે અરથ હરિવર અમશું કહું છું મોહન સાચુ તમશું

ઝુલ.

નવ કરો નયનનો ચાળોરે હામો હસશું જદુવિર ગાળોરે
હઠવાળો કામણગારારે શામળીઆ શીખ કહુ સમજાવા
કેમ રોકો જુમના જાવા ૩

નવ નાખો છાતીએ હાથ હઠીલા કહુ વચન તો પડશો વીલા
મુખ પલકેરે ચુંબન કરવા કાજે એવી વાત જવાદો આજે

ઝુલ.

મુકો હાર હૈયેથી તુટેરે મારી ચોળી કસ વછુટેરે;
વળી મહીનું મોરશ ફુટેરે ગોરધનનારે સ્વામી બને કેમ આવા
કેમ રોકો જુમના જાવા ૪

ગરબી ૨૭.

રાગ હાર પ્રમાણે

મેં જાણ્યુંરે જીવણ તારી પ્રીતી નવ સમજે સ્નેહની રીતી ટેક
વનમાળીરે વનમાં વાત જે કીધી મારી સાસુએ સમજી લીધી
વળી નણદીરે કાનો કહી બોલાવે મને મેણાં દઈને ખીજાવે.

ઝુલ

મારો પરણ્યો મને દુખ દેછેરે વળી વચન વિશેકીક કહેછેરે
તેથી અંતર બળતું રેછેરે પણ તોડી નથી પ્રિતમ તુજ પ્રિતી
નવ સમજે સ્નેહની રીતી ૧

સામળીયારે હાક મને શીદ મારો ના સાન કરી સમજાવો;
સહુ જાણેરે વાત તારી મારી કહે કેમ ગીરધારી

ઝુલ

કહો કેમ શામળીઓ આવેરે વળી શીન કરી બોલાવેરે
કરી સાન થકી સમજાવેરે માટે કહુંછુરે મોહન મારી રીતી
નવ સમજે સ્નેહીની રીતી ૧

કહે સાસુરે વહુજી રહેજો ઢંગે કેમરેજાઓ, સામળીઆ સંગે
વહુ કાલેરે વાર લાગી કેમ વાટે મળ્યો મોહન જમુના બારે

ઝુલ.

શાણે ચુડી મંદાય તારીરે કેમ નંડી કંદુટી નારીરે
વાત જાણુંછું સારી નઠારીરે તમે જોકીરે પાતળીયા શું પ્રીતી
નવ સમજો સ્નેહીની રીતી

માટે મોહનરે આવવું નહી મારે હું આવીશ જમુનાં આરે
બેશીસુખ દુઃખરે વાત કરીશું વનમાં કો નવ જાણે જન ગોકુળમાં

ઝુલ

નથી જુદા હું તમથી પ્યારારે નવ રહેશો મુજથી ન્યારારે
છોજી પ્રાણજીવન તમો મારારે કહે ગોરધનરે કામકીધું નવખીટી
નવ સમજો સ્નેહીની રીતી.

ગરબી ૩ જી નરસીંહજીની

રાગ ઉપર પ્રમાણે

નરસીંહજીરે વડોદરના વાશી તુજ ચરણે કોટીક કાશી ટેક
અવનીમારે ઉગ્રમ નામ નમાઈ આવ્યા છો ભક્તને સારૂં
નમે માર્યોરે હીરણ્યાકસ્ય વારૂ પ્રહલાદ ઉગારણ સારૂ

ઝુલ

કાપ્યુ મોટુ કાગમોરારી,, બહુ બહુ ભકત જનોને તારી
વસ્યા વડોદરે ગીરધારી તુજ ભજન કરે મટશે શોક ઉદાશી.
તુજ ચરણે. ૧

બળતીછેરે જ્યોત અખંડીત મારી, ભર્યાં ટાંકાં ઘીનાં બારી;
કારતકનીરે શુદ ચૌદશ જે વાર, મળે મંડળી જન અપાર.

ઝુલ

તહાં ભરાય લોક હજારોરે, મળે માલ લેનારને સારોરે,
નહીં આ દર્શનનો વારોર, ત્યાં રહીછેરે જળહળ જ્યોત પ્રકાશી
તુજ ચરણે. ૨

તુળશી વાડીએરે પ્રભુ પુનમે જાય, બહુ ભીડ લોકની થાય,
તહાં ઓછવરે રૂડો કરે હરીભજ કરે ભાવીક સહુ દર્શન.

ઝુલ.

પ્રભુ ધરતા નવા શણગારરે, વરઘોડો શોભે અપારરે
સુખપાલે બેશે મોરારરે તુળશીશુરે લગ્ન કરે સુખવાશી.
તુજ ચરણે ૩

મધરાત્રેરે પરણીને આવે વાલો, ચોટામાં ચતુર રૂપાળો,
ભલુ વિધથીરે વાંજા ઉત્તમ વાજે, પ્રભુ સુખપાળે બીરાજે.

ઝુલ.

છૂટે છે આતસબાજી, ઝુંડ જોઈને થઈએ રાજી,
રહયો શબ્દ શ્રવણુમાં ગાજી, બલીહારીરે ગોવરધન હું દાશી.
તુજ ચરણે કોટીક કાશી. ૪

ગરબી ચોથી રણછોડજીની,

રાગ ઉપર પ્રમાણે.

લટકાળારે શ્રી રણછોડ રૂપાળા, મન મોહન મોરલીવાળા ટેક
સામળીયારે સુંદર રૂપ તમારૂં, દેખી મન ગોહે મારૂ;
અણીયાળીરે આંખલડી અલબેલા છો કાન કુંવર વર ઘેલા

ઝુલ.

મંદીરતો ગગને ગાજેરે, દરવાજે દુંદભી વાજેરે;
પ્રભુ ડાકોર માંહી બીરાજેરે, ભક્ત તણા પ્રતીપાળા,
મન મોહન મોરલીવાળા. ૧

ગુણવંતારે ગોવરધન કર ધાર્યો કાળજવાર કંસને માર્યો
બંધનથીરે માતાપીતા છોડાવ્યાં વળી ગોરધન ઢોર ચરાવ્યા,

ઝુલ.

છે અકળકળા અવિનાશી તમે મારી પુતના મારી માસી,
વળી થયા મથુરા વાસી ગોકળમાંરે બનીઆ આપ ગોવાળા
મન મોહન ગોરલીવાળા ૨

દેવળમાંરે સિંહાસન શુભ છાજે તે ઉપર શામ બીરાજે,
મુરતીમાંરે રૂપ અલોકીક ભાસે જ્યાં જળહળ જયોત પ્રકાશે

ઝુલ.

સુખ સજ્જા સુખમય સારીરે, રેશમ ગાદી બહુ ભારીરે;

મંદીરની શ્રી બલીહારીરે, શોભોછોરે સુંદર ત્યાં રહીયાળા.
મન મોહન મોરલીવાળા ૩

મુસ્તકપરરે મુગટ મણીમય શોભેજોઇ ભક્ત તણા મન શોભે;
કેશરીઆરે ધરીયા વાઘા ભાલે ચંદન કીધું પ્રભુ ભાલે;
કર મધ્યે મોરલી ધારીરે, સામે ઉભા ગીરધારીરે,
જાઉં ગોવરધન બલીહારીરે પાયે લાગુરે જસોદાજીના બાળા
મન મોહન મોરલીવાળા ૪

ગરબી ૫ મી અંબાજીની.

રાગ ઉપર પ્રમાણે.

ધન્ય અંબારે આરાસુર પટરાણી, ત નેવિશ્વ બધાએ જાણી
મા અંબારે ધારી ત્રીશુળ પાણી, ગોખ મધ્યે બીરાજે રાણી

ઝુલ.

ચો બ્રહ્માંડે તને જાણીરે, તારી કીરતી જગે ફેલાણીરે,
ગો લોકે તને વખાણીરે, આદ્ય શક્તિ વેદ વદેછે વાણી.
તને વિશ્વ બધાએ જાણી ૧

માતુ છોરે સર્વે તણી સુખદાતા તારી ગતી ન જાણે વિધાતા
નારદજીરે વીણાધરી ગુણ ગાતા, તુજ દરશનથી સુખ સાતા.

ઝુલ.

માને સેવક ઝાઝુ ચાહાતારે, ગુણ મંડપ માંહે ગવાતારે,
જય જય શબ્દ વિહાતારે, મા ગુણોરે ગાતા પ્રેમની વાણી.
તને વિશ્વ બધાએ જાણી. ૨

મા ત્રિપુરારે તારી બણી બલીહારી વાઘ ઉપર કીધી અસવારી
કર લીધીરે હાથ કટારજ ધારી મા શોભા બની બહુ સારી

ઝુલ.

માનુ ચંદ્ર વદન સુખકારીરે, વારે વારે લેઉ ઓવારીરે,
તારી અકળ ગતીછે ન્યારીરે જુગતંબારે નયન રૂપ વખાણી,
તને વિશ્વ બધાએ જાણી. ૩

મુમાયારે તું છે ભવમ ભોળી પેહેરી કુંકમ વરણુ પટોળી
કેશરીરે રંગ ભરેલી માની જોડ ન જડે ખોળી,

ઝુલ.

મા મેયાસુર રગદોળીરે, ચંડમુંડને નાંખ્યાં ચોળીરે,
દઇતને પાડયાછે ઢોળીરે શ્રમ લીધાં છે સેવક કાજે શાણી.
તને વિશ્વ બધાએ જાણી. ૪

ભવાનીરે ભજતાં ભાવટ જાશે, પાપ તાપનો સર્વ પળાશે,
સુણુવંતીરે મેહેર હશે તો અવાશે ગુણ ચાચર માંહે ગવાશે

ઝુલ.

માના દરશન થકી દુખ નાસેરે, પ્રેમ ધરી આગરઓ ગાશેરે
મા પરસન તેને થાશેરે ચંદ્ર ગાએરે સેવકને લો તાણી
તને વીશ્વ બધાએ જાણી. ૫

માળાની ગરબી ૧ લી.

આઇ કામણુગારો કાન માળા ચોરીરે;
જ્યારે પુછશે સાસુ પેર સઇઅર મોરીરે
જો ઉઠીને છેડલો સહુ તો વિપ્રીત ભાસે આજરે;
માણુસને શું મહોડે કહીએ, નીરલજને શી લાજ મા. ૧
ગોળ પોતાનો ચોરી ખાઇએ, રહીએ સણગટ વાળીરે.
સ્વારથ મુજ સામુ જુવે, વરણાગીઓ વનમાળી મા ૨
સાસુ મ રી છે અતિ સાપણુ, નણદલ નાર ઠગારીરે;

ફુલ પહેલાં ચોસર ગુંથે કેડ ન મેલે માલી. મા. ૩
પરણ્યો અમારી પેર ન જાણે, નહિ રમવાનો હામરે;
રામકૃષ્ણ પ્રભુ રંગનો રસીયો, શરણું રાખજે શામ. મા. ૪

ગરબી ૨ જી.

મારી સાસુ પુછશે વાત ગાગર ક્યાં ગઈરે,
વહુ કાલની તારે ટકે, મેં દીઠી નથીરે. મા.
લાડકડી વહુ ગાગર તમારી, મેં કાનને કરે દીઠાર,
આવડી કાળી તેને કેમ કરી, વાણી વાત કરે છ ગીતી. મા
શા માટે તેને આપી છે ને મો ફાંસ ઉપાયોર
શા માટે માગ મંદિર પધારે મોહન કામણગારે મા
હરી સગાથે હસતાં દેખી, હઠતા મારાં હૈડાં,
હાણુ થવાનું દુઃખ નથી પણ, હરી સંગે ને મારરે
રામકૃષ્ણ પ્રભુ રંગનો રસીયો, કદીયે ન છુટે નાથ. મા

ગરબી ૩ જી,

મારી બહાઈજી છે માનમાન મન હું મારા'સરે
મારી નણદલને ગમે તો મહીયર જાય છે,
બહેરૂ બુપ રના મે મારા, ટોડા એ બગાડીરે,
બેસી થઈ ઘર કામકાજ લાગ્યું વગતી નિગત ન માની. રા.
શું સમજી આકાશેથી આવી ગગને મોર આધાર,
વૃંદાવનમાં ગઉ ચરાવતાં ગોવિંદેને સાથ લીધી,
એમે વાદળ્યારૂ નામ નાટે બોલતાં મુખ બીજેજ
મોહનનું મુખ મોઠું કરાવી મારા ગાળી લેવ. રા.
. પેરપેર પુછ્યા જોજનને બોલ્યુ ન પડે ગાઢારરે,
રામકૃષ્ણ પ્રભુ રંગનો રસીયો સઉની લે સંભાળ રા.

ગરબી ૪ થી.

મારે નણદલ બોલી વાત સમ શા ખાગોરે,
જ્યારે આવશે મારો શ્યામ સાચાં થાશોર,
કહેવા દો મારા બાપને એને કાનુડો બાળ વાયોરે,
મોહનને કાચો કુડા મીગોકો માગ અગાઉ થાયો. સમ.
કે હલાડાનું કરણકુન તે કાંય આવી વિસારીરે,
તે મેં ટ્હાનને કાને દીઠું સાખ્ય છે શામળ મારી. સમ.
હરીને નીત પ્રાતે નીરખ્યા વિના વહુ ખાન ન ભાવેરે,
સામળીયો સાડેરો થઈને વહુજી માટે ગાવે સમ.
વહુને આતી ઘણો વહાલો છે શામળીઆ શામળારણુરે,
રામકૃષ્ણ પ્રભુ રંગનો રસીયો મળીયો ભગવાન. સમ.

પ્રેમની ગરબીઓ.

ગરબી ૧ લી

કહેવા દેને કાન તારી માને કહેવા દેને કાન,
વઢે છે, રતી નગમે ખાણું ના. ૧
વિવરામાં તે વાંજી નારી નારી ખટકે છે આરગપહાણુ ના. ૨
મધુવનની કુંજગલીમાં હલકું પીપળીયાનું પાન ના. ૩
બાઈ મીરા કહે પ્રભુ ગીરધર નાગર વાગ્યાં અમારા બાન

ગરબી ૨ જી

કાન માગ્યો દો જસોદાજી કાન માગ્યો દો ટેક
આજની રજની રંગભેર રમતા,
પ્રભાતે પાછો લો. જસોદાજી. ૧
દશા કાળીને બાજુવટ વિધુરા,

હાર હૈયાના લો   જશોદાજી. ૨

હસ્તિને ઘેડા માલ ખજાના,

વહેલ સનજુતી હયો.   જશોદાજી. ૩

મિરાંબાઇ કહે પ્રભુ ગિરધર નાગર,

ચરણ કમળ ચિત લગો   જશોદાજી. ૪

ગરબી ૩ જી

લીધુંરે લટકે, મારૂં મન લીધુંરે લટકે   ટે:

વંદ્રાવનમાં વેણુ વગાડે,

વાંસ તણે કટકે મારૂં મન લીધુંરે લટકે,   મા૦ ૧

ગાતા અંગ કર્યા ગીરધારી,

અમને માયા છે ઝટકે.   મારૂં ૨

પાસ પીતાંબર હરીએ પહેર્યા,

મોતી હુતો પીળુડે પટક.   મારૂં ૩

મીરાંબાઇ કહે પ્રભુ ગિરધરના ગુણ,

ચરણ કમળ ચિત અટકે.

ગરબી ૪ થી.

મહી ઢળશે મારૂં, મોહનલાલ મહી ઢળશે મારૂં.

લાખ એ લાખનું માટ નંદાશે શોભિતું સારૂ   મો. ૧

તમે વનમાળા ન કરો આળી અમે વહુવારૂ   મો. ૨

ફુલ પડે તેની ચાદર ગુંથે લોક બોલે ન્યારૂ   મો. ૩

મીરાંબાઇ કહે પ્રભુ ગિરધરના ગુણ ચરણ કમળ વારૂ   મો. ૪

ભાગ ચોથો.

ગરબી ૧ લી.

(હાંરે ચાલો ડાકોરમાં જઈ વશિએ એ રાગ.)

હારે મારા સગ મોહન મળજે,
હારે મારી આશા પુરણ કરજેરે, મા । ૧
હાંરે મારે ઘેર આજ નથી વાલા,
હારે મારા ઘર ભાગી વળજેરે, મારા. ૨
હારે હું આડી પણ આપ આવ્યા નહી,
હા કહો કયારે હવે મળશોરે. મારા. ૩
હારે હરીભટના હરી છો રંગ રશિયા,
હારે મળી વહેલે દુઃખ મારૂ હરજેરે. મારા. ૪

ગરબી ૨ જી.

હારે લટકાળો ગીરીધર ધારી,
હારે મને મારો નેન કટારીરે લટકાળો ગિરિધર ધારી
હારે આજ ભાળ્યારે વહાલો જમુનાની તીરે,
હારે એની રૂપ રસીક છબી ન્યારીરે. લટકાળો ૧
હારે શામળીએ કહ્યું સાનમાંરે,
હારે મારા પ્રાણ થકી ઘણા પ્યારારે. લટકાળો ૨
હારે હરીભટના હરીએ કર્યું કામણ,
હારે મારી શુધબુધ સરવે વિસારીરે. લટકાળો ૩

ગરબી ૩ જી

હાંરે મારા સમ કાલે મળજો,
હારે પેલું વચન બોલ્યા તે પળજોરે મારા. ૧
હાંરે રસ્તે આળ ન કરીયે વહાલા,
હાંરે મારી સાચી વાત સાંભળજોરે. મારા. ૨
હાંરે ઘણી પ્રીત કર્યા પછી ગીરધર,
હારે પેલા લોક ડગાવ્યા ન ડરજોરે. મારા. ૩
હાંરે હરીભટના હરી છો હજુ કાચા,
હાંરે તે માટે પાછા વળજોરે મારા. ૪

ગરબી ૪ થી.

હાંરે જુમનાની તીરે વહાલો,
હાંરે જીવણને જોવા ચાલોરે. જુમ. ૧
હાંરે જુમનાની તીરે વાહાલો ધેન ચરાવે,
હાંરે મોરલી બજાવે નંદલાલોરે. જુમ. ૨
હાંરે ઘણે દહાડે ઘેર આવ્યા નહીંરે જાવા દેઉ
હાંરે મટે મનખા દેહીનો લાવોરે. જુમ ૩
હાંરે હરીભટના હરી છો રંગરશીયા
હારે માટે ઘેરીને ઘરમાં ઘાલોરે. જુમ. ૪

ગરબો ૫ મી.

હાંરે ચાલો ચતુર કાંઇ લાજો,
હાંરે તમે આવી અમને શું બાઝોરે. ચાલો ૧
હાંરે વળગ્યા જુગી ન કરો વહાલા,
હાંરે તમે શોર કરો શીદ ઝાઝોરે. ચાલો ૨
હાંરે હવે દુરીજન થાઓ સમજાણા,

હાંરે અમે લાલજીએ ને તમે લાજોરે,
હાંરે હરીભટનાને હરીને કરીએ હુંકારા;
હાંરે માટે દુઃખ ઘણેરાં અમને દાઝોરે. આલો ૪

ગરબી ૬ ઠી.

હાંરે મોહન મળતા નથી હમને,
હાંરે વાલા આન શું આવ્યું તમનેરે મોહન ૧
હાંરે હું તો ઘેલી થઇ ઘર ધંધો ભુલી,
હાંરે આ તનમન શોંપ્યુ તમનેરે. મોહન ૨
હાંરે પ્રભુ પટે આગળે વ્યાકુળ થઇ છું
હાંરે માટે મળજો તાતના અમનેરે મોહન ૩
હાં હરીભટના હરી મળો તે
હાંરે હવે પ્રાણુ તજુ હું પલમેરે. મોહન ૪

ગરબી ૭ મી.

હાં વિઠલમાં વળગો હમનેરે,
હાંરે પ્રભુ લાજ નથી કંઇ તમનેરે. વિઠલ ૧
હાં સઉ સખીયો ગઇ મુજને રોકી,
હાંરે રહો પરા કહું હું તમનેરે, વિઠલ ૨
હાંરે ઘેર જઇ સહુ સખીઓ કહેશે,
હાંરે તેની બીક ઘણી છે હરી મનમાંરે વિઠલ ૩
હાં હરીભટના હરી આજ જવાદો,
હાંરે વાલા કાલે મળીશ તમનેરે. વિઠલ ૪

ગરબી ૮ મી.

હાંરે મોહનની મોરલી વાગી,
હાંરે હુંતો ભરનિંદ્રાથી જાગીરે. — મોહન. ૧

હાંરે હું તો ઘરમાં હતી નીંદ્રામાં સુકયાં,
હાંરે ગઢ શશિના મગન નેનાડ જાગીરે, મોહન ૨
હાંરે વાલા પ્રેમ ધરીને રાસ રમાડયા,
હાંરે મારા ભવના ભાટ ભાગીરે. મોહન ૩
હાંરે હરીભાઇના હરીએ દીધાં દરશન,
હાંરે મારી જુગની વેદના [illegible] ભાંરે મોહન ૪

ગરબીઓ.

ગરબી ૧ લી.

મારા મન ગમતા મહારાજ, મારે ઘેર આવોરે,
હું તો તલસું તમારે કાજ, હરીને બોલાવ રે. ટેક.
વાલમ ન કરશો વિલંબ રે, આવો અમ ઘેર આજ
પેનપેરના પકવાન પકવું, શીદમ તારે કાજ. મારે ૧
મનમાં હતું જે માવજીરે, મુખથી કેમ કહેવાય,
આવી શંકાતો આવજોરે, નાથ જોતાંમા જોબન જાય. મારે. ૨
આ જોને આંગણીયે ઉભા, રંગીલા રણછોડ,
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, પુરો મારા મનના કોડ. ૩

ગરબી ૨ જી.

જેનો પેડડો ને પરઘેર જાય, સખી શું કરીએરે,
અમથી એકલડાં ન રહેવાય, વિજોગે મરીએરે. ૧
રૂપ જોવંતા રશીયો રૂડો, પરણ્યું [illegible] ગીત,
અણ તેડયો આંગણીએરે [illegible] ની રીત. સ૦
બોલાવ્યો બોલે નહીરે, કોને કહીએ [illegible]
શેરડીએ સામો મળેરે, વાલો નીચાં તે ઢાળે નેણ. સ૦

છળભેદ છાના રમેરે, અમને વાયદે વાય,
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, વાલા અરથ પડે ઓળખાય.

ગરબી ૩ જી.

જાઓ જુઠડા બોલા કહાન, જાઓજી જાણ્યારે,
એવા ધુતારાના ઢંગ, પરઘેર માણ્યારે.
વાત જોવંતા રજની વીતી, આવ્યા ઉગમને સુર,
કામણગારા કાનજીરે, વાલે અમને વિસાર્યાં છે દુર. જા૦
પરનારી શું પ્રીતડીરે, કીધા ઠામોઠામ,
અહીં આવીને શું કરેરે, જેનો ઘેર ઘેર હોય વિશ્રામ જા૦
કોઈ મંદીરમાં કાનજીરે, કીધી લીલા લેહેર,
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, મે જાણી તનારી પેર.

ગરબી ૪ થી.

મને કૃષ્ન જોયાના કોડ, સમચર ચાલોરે,
રૂખમીયાજી લાગુ પાય, હરીવર આલોરે
દેરે દેરે દીવા કરૂરે, પુજું શંકર દેવ,
શામળીયો વર પામવારે, હુંતો કરૂં શંભુજી શેવ. સ૦
ગોકુળની ગોવાલણીરે, હીંડે મલપતી ચાલ,
એના ઉપર મોહન મોહી રહ્યારે; એનું મુખડું તે લાલગુલાલ.
સાસુ મારી જસોમતીરે, સસરા શ્રી નંદરાય,
કૃષ્ણ કોડીલા કાનજીરે, મારૂ સાસરૂ ગોકુળ ગામ. સ૦
કાળદ્રીને કાંઠલેરે, નાહાતા નીરમળ નીર,
વસ્ત્ર તે વિઠલો હરી ગયોરે, હું તો શેણેરે ઢાંકુ શરીર. સ૦
ગાય શિખેને સાંભળેરે, રાણી રાધાજીનો રાસ,
નરનારી વૈકુંઠ પામશેરે, ગાય નરસઈયો તે દાસ. સ૦

ગરબી ૫ મી.

તારી મોરલીએ મહારાજ, મન હરી લીધાંરે,
મારી ગઇ છે સુધને સાન, કામણ કીધાંરે.
સાંભળતામાં સુધબુધ ભુલી, ને તનમન વ્યાકુળ થાય.
પુત્ર પતિ પરીવાર સઉકા, મને મંદીર ખાવા ધાય. મ.
અતરમા વ્યાકુળ થયારે, વિસરી ભોજન પાન,
અવળાં આભુષણ પેહેરીયાંરે મેંતો નેપુર બાંધ્યાં કાન. મ.
સેંથે કાજળ સારીયાંરે, સિંધુર નયણે રેખ,
એકાએકથી ઉતાવળીરે, નિસરી આવી તે દેખાદેખ. મ.
સનમુખ આવી ઉભા રહ્યારે, નયણે નિરખ્યા નાથ;
લક્ષ્મણના સ્વામીને રંગે રમતાં, મેંતો હરખે જોડયા હાથ.

ભાગ ૫ મો.

રાસ લીલાની ગરબીઓ.

ગરબી ૧ લી.

(જગમાં તે ઠરેરે. જગતમાં જે જન બોલે જુઠું એ રાગ.)
વનમાં બોઇ જઇરે, મુજને બુલાવી કાનુડે. ટેક.
આંખતણે અણુસારે મુજને, સાન કરી સમજાવી;
મેં જાણ્યું આજ રજની રમવા, હેત કરી બોલાવી વન. ૧
મંદીરથી હું બહાર નીસરી, આવી એની પાસે;

કર ઝાલી મુજને લેઇ ચાલ્યો જાણ્યું કંઈ લઇ જાશે. ૨
અઘોર વનમાં ઉભી નાખી, કહ્યું ખાવા કંઇ લાવું;
સામગ્રી બહુ ભાતભાતની જલદીથી લેઇ આવું. વન. ૩
એમ કહી આ મારગ ચાલ્યો, બોલ્યો વચ રસાળુ;
વાટ જોતામાં રાત પડી ગઇ, ઉભી રસ્તો નીહાળું. વન. ૪
ઘન ગાજેને ઘેર અંધારી, રાતે વીજળી ચમકે;
હું ગભરાણી કાંઇ ના સુજે. કાળજડું મારૂ ફડકે. વન. ૫
દાદુર મોર બપૈયા બોલે, ઝરમર મેહુલો વરસે,
વન વગડામાં હું એકલી. પિયુ વિના જીવ તલસે. વન. ૬
વહેની જ્વાળા શરીરે વ્યાપી, તેથી થઇ હું ઘેલી;
એક દુખમાં બીજું થયું બાઇ, વરસાદે કરી હેલી. વન. ૭
ચાર પોહોર રાતે અથડાણી, ના રહી દુઃખની બાકી;
મયારામના પ્રીતમ સારૂ ફરી ફરી હું થાકી. વન ૮

ગરબી ૨ જી રાગ ઉપરનો.

હું તો એકલીરે, મુજને અઘોર વનમાં મેલી. ટેક.
ગભરાણી મારગ ના સુજે, અકળાવે જીવ જાશે;
અરે દઇવ તેં આ શુ કીધુ, પુછે વાતો થાશે. હુંતો ૧
વેરણ મારી માવડી, મુને પેલેથી ના મારી;
ઉછેરીને મોટી કરી, ત્યારે સંગ થયો ગીરધારી. હુંતો ૨
ત્યારે મુજને વનમાં લાવ્યાં આ સુખને હું પામી;
કોની આગળ કરૂં વારતા, દુઃખની ના રહી ખામી. હુંતો ૩
શું કરૂં હવે કોની પાસે, જઇ વિસામો ખાવું;
રેણી નીરગમી રવી પ્રગટ થાયે, મારગ ચાલી જાવું હુંતો. ૪

શું જાણું એ ક્યાં ગયો, મુને વન વગડામાં મેલી;
મુજ સરખી રસ્તે મળી મળી કોઇ સુંદરનાર અલબેલી. હુંનો. ૫
તેનીવાંસે ગયો હશે એ કપટી કુંજ વિહારી;
મયારામનો પ્રિતમ પ્યારો, થઇ ગયો બાળાનારી હુંનો ૬

ગરબી ૩ જી.

મુજને દગો કર્યો રે, પેલા નંદજીના છૈયે;
માત તાતનું કહ્યું ન માન્યું ન કર્યું કોઇનું વારયું,
અઘોર વનમાં તેડી લાવી. કરયું પોતાનું ધારયું. મુજ. ૧
ગામથી જાબેદ કરીને, ક્યાં ગયો શું જાણું;
રાતદીવસ વનમાં આથડું, ધીરજ કેમ પેરે આણું. મુજ. ૨
અરે નીશગર આવું કીધું, કેમ તારે બનાવ્યો;
નહાનપણામાં વેર કરીને, ગયો તે પાછો નાવ્યો. મુજ. ૩
તેનો શોચ ઘણેરો મુજને, મનમાં સમજી રહીએ;
સુખ દુખ કરમે ભોગવવું, તે કોની આગળ કહીએ. મુજ. ૪
શાને કાજે વેરી થઇને આ વનમાં ભમાવી;
જને દુખ પામું ઘણું, એને દયા કાંઇ નાવી. મુજ. ૫
એવો નીરદય થઇ ગયો, એને શીખામણ કોણ આપે,
શોક સમુદ્રમાં હું પડી, મારૂં કાળજડું કાંપે. મુજ. ૬
હે પરમેશ્વર કહુંછું તને, મહારે તે શું કરવું;
અકળામણ આવે ઘણી, આ દુઃખથી ભલું મરવું. મુજ. ૭
એક વિચાર મનમાંય કરૂં, જેહ વંદ્રાવનની વાટે,
મયારામનો પ્રીતમ મળશે, જમુનાજીને ઘાટે. મુજ ૮

ગરબી ૪ થી.

કાનો ક્યાં ગયોરે, અહિંયાં કોણ અમારૂં બેલી. ટેક.
બીક ઘણેરી લાગે મુજને, નીદ્રા નાંવે જાગુ
ગિરીવરધારી કુંજ વિહારી, ચરણે એને લાગુ. કાનો. ૧
શ્રી નારાયણ શ્રી પુરૂસોતમ વારે મારી ધાજો,
આ વનમાં અંધારી રાતે, સાહાય આવીને થાજો. કાનો. ૨
રૂદન કરતાં રવિ પ્રગટ થયોને, લાગી તાલાવેલી,
ઘેર જતાં ઘરનાં સૌ પુછે, ગઇતી ક્યાં એકેલી. કાનો. ૩
કસુંબે રંગેલી તારી, સાડી ચરણાં ચોળી,
વરસાદે બીંજાઇને આવી, કોને રંગમાં રોળી. કાનો. ૪
તે સારૂં હું ઘેર જઉં કયમ, એકે દશા નવ સુજે,
કોની આગળ કરૂં વારતા, શરીર થરથર ધ્રુજે. કાનો. ૫
એવામાં એક નારી દીઠી, મહી વેચવાને જાતી,
ઉભી રહે બાઇ મારા સમ તુજને, દીસે છે મદમાતી. કાનો. ૬
કરજોડી તુજને પુછું છું, ખબર હોય તો કેહેને,
નંદજીના કુંવરની મુને, ભાળ બતાવી દેને. કાનો. ૭
હા બાઇ મેં હમણાં દીઠો તો, કદમ ખડીની પાસે,
મથારામનો પ્રિતમ તુજને, જલદી ભેગો થાશે. કાનો. ૮

ગરબી ૫ મી.

હું તો ઘેલી થઇરે, પેલા કાનુડાને સંગે. ટેક.
સખર મારી શું કહું તુજને, દીલડાં કેરી વાતે,
સાન કરી મુજને તેડી ગયો, મંદીરમાં મધરાત. હું તો. ૧
શું જાણું એણે શું કીધું શું, મુજને ખવડાવ્યું,

શું ચેટક લગાડ્યું મુજને, તેમાં ચિત ભરમાવ્યું. હું તો. ૨
તે દહાડાનું મનડું ફટક્યું, કો આગળ જઈ કહીએ,
અહરનીશ સમરણ કરૂં એનું એ વિના કયમ રહીએ, ૩
પ્રથમથી સૌ વાતો ટરતાં, છે કાનુડો કપટી,
મુજને ભોળવી ભુરકી નાંખી, તેમાં ગઇ હું લપટી. હુંતો. ૪
નાત જાત મરજાદ તજીને, કોઇની બીક ન આણી,
કામકાજ ઘર ધંધો ભુલી, લાવન્યમા લોભાણી. હુંતો. ૫
એની મારી વાત સાંભળી, કોઇ દયા મન લાવો,
હરેક રીત એને સમજાવી મંદીર તેડી લાવો. હુંતો. ૬
તો એની સંગે રમાને, દુઃખડાં મારાં વામું,
ચટટ મારા ભવનું દૂર થઇ, સુખસાગરને પામુ. હુંતો. ૭
તુજને મોકલું એ નહી આવે, એનો નહી વિશ્વાસ,
મયારામના પ્રિતમ વિના, હું ઘણી થઇ ઉદાસ. હુંતો. ૮

ગરબી ૬ ઠી.

મુજને દગો કરીરે, પેલો કયાં ગયો કાનુડો. ટેક.
પેહેલેથી મુજને હેત દેખાડી, કપટે કરતો વાતો,
મુજ સરખી અબળેલી મુકી, પર મંદીરમાં જાતો, મુજ. ૧
આડું અવળુ ધાવુંય હેર, કંઇ ન ફાવતો લાગ,
તહારા મમજને દેખું વાટમાં, તારી લેરૂ પાધ, મુજ. ૨
શી એમાં એની ને શોભા કે તો નથી વિચાર,
દુરિજન વ્રજના લોક જાણુશે, હાંસી કરશે વિજન ર, મુજ. ૩
જ્યાં મારે મંદિર આવે, કરજોડી રહુ ઉભી,
કોઇ સોક્યે એને ભરમાવ્યો, શા વંકે હુંને દુબી, મુજ. ૪
એનાં મનનું હાર્દ સમજી, વળતો ઉતર આપું,

શા મારે નચણો થઇ બેઠો, તનમન ઓં સોંપું. મુજ. ૫
માટે જઇ કહેજે કાનાને, થઇ રહજે હુંશીયાર,
લોક લાજની ગરજ હોય તો મળજે એકજવાર. મુજ. ૬
મારા મનમાં એવું આવે, એના ઉપર મરીએ,
નહીતો જોગ ધારણ કરીને વદાવનમાં ફરીએ, મુજ. ૭
બેહેની મારી વાત સાંભળી, કોઇ દયા મન લાવો,
હરેક તરેહ એને સમજાવી, મંદીરમાં તેડી લાવો, મુજ. ૮
એને શીખામણ દેઇ સમજાવે, તેની થઇ રહું દાસી,
મધારામના પ્રિતમની આ વિજનાં થાશે હાંસી. મુજ. ૯

ગરબી ૭ મી

રાધીકાજી શ્રીકૃષ્ણને શોધે ને રાસ લિલાનું સુખ સંભારે છે,
ને છેવટે રામ કૃષ્ણનો સમાગન થાય છે.)

વનમાં ભુલી પડીરે, પેલો ક્યાં ગયો કાનુડો. ટેક.
ઝરમર ઝરમર મેહુલો વરસે, પુરણ કીધી છે હેલી,
અઘોર વનમાં મુજને મેલી, ત્યાં કોણુ અમારૂં બેલી. વન. ૧
ગોકુળ ગામની ગોવાલણી, સહુ મળી વેચવાને ચાલી,
મારગ મળીયાં માવજી, ત્યાં ગોપી રાધે પ્યારી. વન. ૨
મારગ મળીયાં માવજી, મને રોતા સરખી કીધી,
માથા ઉપરની મટુકી મારી, હુલારીને લીધી. વન. ૩
જસોદાજી લાલા તમારો, આટા અવળી ચાલે,
સોળ સહસ્ત્ર ગોપીમાં કાનજી, એમને માને ત્યાં માલે ૪
આગળ પાછળ મેંદુલ તમારા, વચમાં અમારી મેડી,
અગાશીમાં અમેજ રમતા સાન કરી શીદ તેડી વન. ૫

મોર મુગટને કાને કુંડળ, હરખે વાયે તાળી,
આગળ પાછળ ગોપી નાચે મેઘ નાચે વનમાળી વન. ૬
ભતરી ખાતાં ભુદરજીએ, એવી માયા કીધી,
હરીનો અંતર ધ્યાન થયા, એક સખી સંગાથે લીધી વન. ૭
પુરૂષોતમને પગલે પગલે, જોતી જોતી જાઉં,
નારાયણના દરશન વીણ હું, આકુળ વ્યાકુળ થાઉં વન. ૮
જોતામાં એક અબળા દીઠી તેને પુછી વાત,
રાધા કહે અભિમાન આવ્યું, ત્યારે તજ્યો અમારો સાથ ૯
ઝાડે ઝાડે જોતી ચાલ્યું જઇને ઝાલ્યું હાથ,
તમાલ જાણી વીકમએ, પ્રેમે ભીડી બાથ વન. ૧૦
વદ્રાવનની કુંજ ગલનમાં, મળીયા રાધે પ્યારી,
મયારામના પ્રિતમ મળતા, વેળા અમારી વારી વન. ૧૧

ગરબી ૮ મી.

(રાધા કૃષ્ણનો સમાગમ થયા પછી રાધા શ્રીકૃષ્ણને કહે છે,)

વાલમ કયાં ગયાતાંરે સાચુ બોલો મારા સમ. ટેક.
છેતરપંડી કરી મુજ સાથે, મેં અવગુણ શો કીધા,
સાચુ બોલો કુંજબીહારી, કેઇ શુધે લાવા લીધા. વાલ ૧
તમારે સ્નેહે બંધાણી છેક માયા ફતારી,
મુજ સરખી અલબેલી મુકી, કોણ મળી ધુતારી. વાલ ૨
હું ભરોસો પુરણ રાખી, તમ સાથે લોભાણી,
આ ત્રિજન નર નારીમાં હું, ઘેરઘેર લવાણી. વાલ ૩
વેણુ વગાડી પમાડયાં, સરદ પુનનની રાતે,
હેત દેખાડી વાલમ અમને, રાસ રમાડયાં ખાતે. વાલ ૪

એવું સુખ આપી દુઃખ દીધું, શા માટે મોરારી,
હું અબળા નીરબળા રહુંછું, કેમ દીધી વિસારી. વાલ ૫
વાટ તમારી જોતા જીવણ, ચો દીશે જોઉ ન્યાળી,
બાર વન ચોવીસ ઉપવનમાં, દીઠા નહી વનમાળી. વાલ ૬
જેવું હેત તમારૂ હૈયે, તેવું મારૂં જાણો,
એમ કહી કંઠે કર નાખ્યો, શીદ કરો છો હાંસી,
અખારામના પ્રિતમની હું થઇ રહી છું દાશી. વાલ ૮

ગરબી ૯ મી.

ગીરધર લાલજીરે, મારી ગાવલડી સંભરાવો; ટેક.
સાંજ પડે સંભારી લાવો, આડે રહી દોવરાવો,
દુધ ભાતમાં સાકેળ ભેળું વાળું કરવા આવો, ગીર ૧
બ્હાણાને પહોર વહેલા ઉઠા, શેર વલોણું સાવા,
ઘી તાવણીમાં લોટ સકાવુ, ખાંડ ભેળીને ખાવા. ગીર. ૨
ઘરમાં નથી કોઇ ન્હાનું મોટું, કોઇની બીક ન ધરીએ,
એક રાતવાસો આવોતો બોલા ચાલી કરીયે ગીર ૨
ગોવાળીયાને ગર્વ સો છે જે તેડે ત્યાં જઇએ,
નરસૈયાનો સ્વામી મળેતો, સૌ વાતે સુખીયાં થઇએ, ગીર ૩

ગરબી ૧૦ મી (વાંસળીનાં આહેરિયાં.)

ધુતારા ધરણીધર તારી વાંસળીરે લોલ.
વાંસળીયે કઇ વેલું કીધું ગામને ધુતારા ટેક.
સખી નહાતાં ધોતાં દહોતાં વલોવતાં નીસર્યાંરે લોલ;
દળતાં પડતાં રડતાં મુકયા બાળજો. ધુતારા. ૨
સખી આ શું સસરો જેઠ જેઠાણી નન રહ્યાંરે લોલ;
કંથજીને ચડતી મુકી રીસજો. ધુતારા. ૩

સખી મધરાતે મોહનજી ગેહા કદમ ચ્હીરે લોલ;
ગોપીજનના હરીયાં છે કંઇ ચીરજો, ધુતારા. ૪
સખી અવળાં વસ્ત્રને અવળાં આભુષણ પહેરીયાંરે લોલ;
કાન તણાં લછ કેડે ધાલ્યાં ટોપેજો, ધુતારા, ૫
સખી રામકૃષ્ણ પ્રભુ ભલે પધાર્યા શેરીએરે લોલ,
ગોપીજનની પુરી છે કંઇ આશજો.

ગરબી ૧૧ મી.

હસવા સરખી હરીશું મારે ગોઠડીરે લોલ,
હસવા સરખું બાંજનંડલ શુભ ગામજો હસવા૦ ટેક.
સખી નાહાતાને ગાતાંરે ગુણ ગોવીંદનારે લોલ,
હસવા સરખું વંદ્રાવન સુભ ગામજો. હસવા૦ ૧
તીરથ મારે તીરથ કેશવરાયનુંરે લોલ,
પીવું મારે પ્રેમતણું રસપાનજો. હસવા૦ ૨
પીત હમારી નીરમળ નંદકુંવરશુંરે લોલ,
ભાત હમારી બ્રહ્મરજીશુ ભગાતીજો. હસવા૦ ૩
રામકૃષ્ણ પ્રભુ ભલે પધારયા શેરીયેરે લોલ;
ગોપી સઘળી ગુણ તમારા ગાયજો. હસવા૦ ૪

રાસલીલાની સાખીઓ.

રૂડી શરદપુનમની રાતરે, સુંદીર વેણુ વાગે વેણુ વાગે.
મારો વાલોજી રમીયા રામરે, સુંદીર વેણુવાગે વેણુવાગે. ૧
વાલે નટવર ધરીયો વેશરે સુંદીર,
એના ઘુઘરીઆળા કેશરે. સુંદીર. ૨
ગોપી અતી ઉતાવળા આવતરે મંદીર,

મોતી મુક્તાફળેજ વધાવેરે. સુંદીર. ૩
દેહીની શુધબુધ સઘળી વિસારીરે સુંદીર;
નયણે નીરખ્યા તે શ્રી વનમાળીરે. સુંદીર, ૪
ગોપી આવ્યા તે પુરજ પ્રીતેરે સુંદીર;
જઇ મળીયાં તે રંગની રીતેરે. સુંદીર. ૫

સાખી.

કેમ આવ્યાં તમે કામની એમ બોલ્યા જુગલકીસોર;
અડધી નીશાએ વનમાં આ વેળાએ ચાલે ચોરરે;
કામની કેમ આવ્યાં કેમ આવ્યાં;
આ વનમાં તે શું છે કામરે કામની;
તમો જાઓ તમારે ધામરે. કામની. ૧
સહુ લોકમાં તો કલંક થાશેરે કામની;
આ ધર્મ તમારો જાશેરે, કામની. ૨
તમો ઘરનાં તજી સહુ કામરે કામની;
સ્વામી સુતા મુકીને ધામરે, કામની. ૩
શ્રી વલવ પ્રભુજી એમ કહેછેરે કામની;
પ્રભુ તમને ભાવન તજાવીયાં, પ્રભુ તજાવ્યો સંસાર
પ્રભુ તમોએ વનમાં તેડીયાં, પ્રભુ તમો કરોછો તુચ્છકારરે;
શી નંદલાલા નંદલાલા
તારી છેલાઇ જોઇને હું તો છાકીરે શી નંદના;
પ્રભુ આવ્યાં તમારે કાજરે. શી નંદના૦ ૩
મને આલો આનંદ રસ દાનરે શી નંદના
મને લાગ્યું તમારૂં ધ્યાનરે. શી નંદના૦ ૪
હમે શરણુ આવ્યાં તહારીરે શી નંદના;
એ મોરલી સુણીને બીહારીરે. શી નંદના૦ ૪

સાખી.

વચન સુણી વ્રિજ નારમાં, થેઇ થેઇ રમીયાં રાસ;
રમઝુમ વાગે ઘુઘરી, વ્રિજ સુંદરીની પુરી વાલે આશરે;
શ્રી ગીરીવર ગીરધારી ગીરધારી,
વ્રિજ સુંદરીની સંગે વાલો ડોલેરે, શી ગીરી
મુખે જેજે તે શબ્દ બોલેરે. શી ગીરી૦ ૧
મુખે ગાયને લેછે તાળીરે શી ગીરી,
એક એકની વચ્ચે હાથ ઝાલીરે. શી ગીરી૦ ૨
કોઇની સખિ તે વેણી ગુંથેરે શી ગીરી
કોઇ મળી અધર રસ લુટેરે શી ગીરી૦ ૩
ત્યાં જમુનાંજ વહે છે અંબારરે શી ગીરી,
જુવે તેનું મન થાય સ્થીરરે. શી ગીરી૦ ૪
સહુ દેવતા ત્યાં જોવાને આવેરે શી ગીરી,
તેતો પુષ્પ થકી વધાવેરે. શી ગીરી૦ ૫
ત્યાં ચદ્ર રહ્યો છે કરજોડીરે શી ગીરી,
શું વરણવું બુદ્ધી થોડીરે. શી ગીરી૦ ૬
પ્રભુ મુખે તે મોરલી ધરી છેરે શી ગીરી,
ખટ મહીનાની રજની કરી છેરે. શી ગીરી૦ ૭
સહુ રાસ રમીને આવ્યાં ઘેર શી ગીરી
તેની કોઇએ ન સમજી પેરરે શી ગીરી૦ ૮
ધન્ય ધન્ય આ વ્રિજની ભુમીરે શી ગીરી
જુએ તેનું તો મન રહે તોભીરે. શી ગીરી૦ ૯
ધન્ય ધન્ય આ વ્રિજની નારીરે શી ગીરી,

રાસ ક્રીડા કરે શી મોરારી. શી ગીરી૦ ૧૦
જે ગાય શીખે આ રાસરે શી ગીરી,
તેહેની શ્રીકૃષ્ણ પુરે આશરે. શી ગીરી૦ ૧૧

દાણલીલા ૧ લી.

રાધા—પાલવડો મેલો મોહનજી મારગડે મને જાવાદો
આવતાં આપીશ દાણ તમારૂં; મહી મારૂં વેચાવાદો. ૧
શ્રીકૃષ્ણ—વેચંતાં તને કોણ ખાળે છે, સાંભળને રાધે પ્યારી
મહી ગોરસનું દાણજ દેની, વહેલી થાને વિજનારી. ૨
રાધા—નારીને તું ના બોલાવીશ, છાનો રહેને છોગાળા
કઠણ રાજ છે કંસરાયનું, ગઉ ચારતા ગોવાળા. ૩
શ્રીકૃષ્ણ—હું ગોવાળીઓ તું ગોવાલણી, ફરી ગમે તો આવજે
કંસ સરીખા સો હિમાયતી, સાથે તેડી લાવજે. ૪
રાધા—તેડી લાવું દો મને જાવા, રોકી રહ્યાછો વિજનારી
રૂગનાથના સ્વામી સામળીઆ, ઘેહેલા દીસોછો ગિરધારી.
શ્રીકૃષ્ણ—ઘેલોઘું પણ દાણ નહીં મુકુ મોકલડો એક ઓછો
ગીરધારીએ ગોકુળ વાશ્યું, ઈંદ્ર કરતાં કૃષ્ણ મોટો. ૬
રાધા—મોટો છું ત્યારે મથુરાં મેલી, અડધી રાતે શું આવ્યો
પરઘેર રહી તેનું પેટ ભરતો, તને દાણી કોને કહાવ્યો. ૭
શ્રીકૃષ્ણ—વાંકાબોલી વાર કરેછે, કેહેતો હૈયાનો હાર તોડું
દાણ દધીનું દેરે અબળા, નહીતો માથાનું માટ ફોડું ૮
રાધા—હાર તહી તુટે માટ નહી ફુટે, નવા નગરમાં પુછાશે
રૂગનાથના સ્વામી સામળીઆ, કહો ગોકુળ કેમ રેહેવાશે ૯
શ્રીકૃષ્ણ—ગોકુળ રહો કે જાઓ અત્યારે, દાણ દધીનું નહી મેલું
ચીર હર્યાં તે ગયાં વિસરી, કાનડીઆ કારણ પેહેલું. ૧૦

રાધા—નંદ તણે ઘેર નવલખ ગાયો, નોંતું તે ધન ફાંવ્યું છે
માતા તારી મહી વેચ'તી, હમણા રાજ આવ્યું છે. ૧૧
શ્રીકૃષ્ણ—હમણાં હમણાં કરતી રહેજે, મેણાં દેતી મહીયારી
ધુતપણામાં છું ધુતારી, ઠગપણામાં છું ઠગારી. ૧૨
રાધા—તુ ઠગારો તારી માનો પાજેશો, તારી માને મેણાં દેવરાવે
રૂગનાથના સ્વામી સામળીયા, ઝાઝું તે શું કહેવરાવે.
કૃષ્ણ—કહ્યા પ્રમાણે લેતો નથી, પણ તું મોહુ નથી રાખતી
અમો છીએ રાજા મહારાજા, અમને નથી ઓળખતી. ૧૪
રાધા—ઓળખું છું તું આવ્યો નાશી મહાવનમાં તું છાનોછું
જાદવકુળ માં જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનોછું.
શ્રીકૃષ્ણ—માતા જસોદા મોલ્યાં બળ જાગી, તેના અમો છીએ અધીકારી.
મોટા મુનીવર મર્મ ન જાણે, ગોકુળ વાસીએ ગઉચારી
રાધા—ગૌચારી ગોપી ઘેર વળતાં, અમને હમે ઓધાર્યાં,
રૂગનાથના સ્વામી સામળીયા, તમે જીત્યા અમે હાર્યાં.

દાણલીલા ૨ જી.

રાધા—તમે અજાણ્યા અમે જાણીએરે;
મારો પાલવડો નવ તાણીએરે;
તમે સમજી રહો મનમાંહરે,
સામળીયા વાલા રહો વેગળારે તમે વાલા રહો, ૧
શ્રીકૃષ્ણ—નારી શું સમજાવે મુજનેરે,
હુંતો નહીંરે જાવા દઉં તુજનેરે,
તારી મરકીને રાખીશ બાંહ્યરે,
મહીયારાં રાધા દો દાણુહરે, તમે રાધા, ૨

રાધા---અલ્યા ખાંથ શું મરડે વીઠલરે,
એનો તુજ સરીખા ઘણા દીઠલારે;
કપટ છે કંસનું રાજરે;
શામળીયા વહાલા રહો વેગળારે, શામળીયા, ૩
કૃષ્ણ—તારી કંસ થકી થાયછેરે,
એવા કંઇ આવેને કંઇ જાયછેરે
તારા ઉરના ઉતારીશ હારરે;
મહીયારી રાધા દો દાણશુંરે, તને રાધા, ૪
રાધા - અલ્યા હાર હૈયાનો તુટશેરે,
મારી મહીની મટુકી ફુટશે,
ઘેર સાસુડી દેશે ગાળ,
સામળીયા વહાલા રહો વેગળારે; સામળીયા. ૫
કૃષ્ણ--તારી ગાળને આળ તે નહી અડેરે,
જેહેનું લેણું હોય લડેરે;
એમાં દાણ મેલ્યાં કેમ જાયરે, મહીયારી. ૬
રાધા અલ્યા દાસી તે કંસનો કાળીઓરે
મથુરાંની ગોકુળમાં મોતાચોરે
ચારી નંદ તણે ઘેર ગાયરે, સામળીયા ૭
કૃષ્ણ—તારી ગાય ચાર્યામાં શી લાજછેરે
એતો પોત પોતાનું કાજછેરે

દાણલીલા ૩ ૭.

તેનાં નેણલીયાં નવ ટાયરે, મહીયારી. ૮
રાધા—અલ્યા મેણાં માણસને લાગે ઘણાંરે

સુણો વદતાં હોય જ્યા બે જણારે
તુને નીરલજને નહિ લાજરે, સામળીયા. ૯
કૃષ્ણ—નારી લાજે તે નવ સરેરે;
એહીયાં બાક તે તું કોના ઘરેરે;
આવ મળીએ આપણ જણ બેયરે, મહીયારી. ૧૦
રાધા એવું નિરલજમાં બોલો શામળારે,
તારા કરના ભીતારીશ આંબળારે;
મુકો મુજને અનારો હાથરે, સામળીયા. ૧૧
કૃષ્ણ—નારી હાથ ન મેલુ તાહરારે,
અહીયાં અમલ થાય છે માહરારે;
માટે દાણના ટેકડા મેલરે, મહીયારી ૧૨
રાધા—અલ્યા નંદ બાવાનો તું છોકરોરે;
તારી પાસે નથી પૈસો રોકડોરે,
આવડો કેમ મચ્છર હોયરે; સામળીયા. ૧૩
કૃષ્ણ—નાર અગુભાણની તું છોકરીરે,
તારી પસે નથી પૈ રોકડીર
આવડુ કેમ અભીમાન હોયરે; મહીયારી. ૧૪
રાધા—હું તો વીનતી કરૂ છું ક્યારનીરે,
સ્વામી રગનાથ હારી તમ થકીરે
મહિનું તે દાણ નવ હોયરે. સામળીયા ૧૫

દાણલીલાનું ૪ થી.

ગોપી—અલ્યા કાનજી તું ક્યારે ઘેલો થયો જો
તું તો શેનું માગે છે દાણજો;

મહીની મટુકી મારી ફુટશેજો
ગોરસની થાશે હાણુંજો ઘેલુ શું બોલે ગોવાળીયાજી. ૨
અલ્યા ન જાણીશ કોઇ બાપડીજો;
કોઇ મળશે માથાકેરી નારજો
મારગ મુકીને રહેને વેગળોજો,
મારા કંસને થાશે જાણુંજો, ઘેલું શું બોલે૦ ૩
કૃષ્ણ—તારા કંસ કણુંથી નર શું કરેજો,
મારી સંગે છે સઘળો સાથજો;
અલી દહાડી તે દાણ ચોરી જતીજો,
ઘણે દહાડે આવી મારી હાથજો;
ઓછી તું જાત આહિરનીજો. ૩
ગોપી—અલ્યા હાથની તે હોંશ રખે રાખતો જો;
હાથે ચારી જાણુ છે ગાયજો
પાલવ મુકીને રહે વેગળો જો;
મારા વિજમાં થાશે જાણુંજો. ઘેલું શું બોલે૦ ૪
કૃષ્ણ—અલીવિ જમાં દશને વેર વાળશુંજો,
રખે રાખતી હૈયામાં હામજો,
નંદજીના નામ પ્રતાપથીજો;
હુંતો છેદું તારા કંસનો ઠામજો. ઓછી ૫
ગોપી—અલ્યા કંમે કર્યું તે કેમ વીસરેજો,
બાઇ હણ્યા પોતાના ત્યાંયજો,
નાશીને છુટો લાડકાજો;

આતી ત્રિઠર્યો છે મજમાગજો.　　　　ઘેલું શું બોલે૦ ૬

કૃષ્ણ—ગળી બ્રિજમાં વશીને વેર વાળશુંજો;
　　તુંતો જોજે અમારા કામજો:
　　અવનીનો ભાર ઉતારવા જો,
　　ધર્યું નંદકુંવર ઘેર નામજો　　　　ઓઢી૦ ૭

ગોપી—અલ્યા સાચુ કહેતામાં દુઃખ લાગશેજો,
　　પેટ માટે ચાર છો ગાયજો:
　　તું આવડો મોટોરે એમાં થયોજો;
　　તુને કોઇએ ન આપી કન્યાયજો.　　　　ઘેલું શું બોલે૦ ૮

કૃષ્ણ—અની આહીરની કન્યા આગો શું કરું જો,
　　અમો મહા કહેવાય બ્રહ્મચારજો;
　　રંગે પડ્યો પાતળીજો,
　　તુતો ધાબળીની ઓઢનાર જો　　　　ઓઢી૦ ૯

ગોપી—અલ્યા લાખ ટકાની મારી રોણડીજો,
　　હીરા જડીત્ર માગે છે હારજો;
　　આછી પટોળી મારે પેરણુંજો,
　　તુતો કામળીનો ઓઢનારજો.　　　　ઘેલું શું બોલે૦ ૧૦

કૃષ્ણ—જેનો બ્રહ્માએ તાણો તાણીયોજો;
　　એનો શંકર સરીખા વાણનાર જો,
　　તેને ઓઢણુ મારે કામળોજો;
　　તેનો શેષ ન પામે પારજો.　　　　ઓઢી૦ ૧૧

ગોપી—અલ્યા શેષ સરખુ તન તારુંજો
　　અમો ચંપક વરણી નારજો,
　　અલ્યા કાગા કનકને વેર મળ્યું જો

તુંતો પશુ તણો પીંડારજો. ઘેલું શું બોલે૦ ૧૨

કૃષ્ણ—તું સાને નિસરી મહી વેચવાજો;
અલી બેશી રહેજે ઘરમાંયજો
દોલત ઘણી છે તારા બાપનેજો;
તું શાને આવે અહીયાંયજો. ઓઢી૦ ૧૩

ગોપી—આ વાટે સદા મહી વેચતાજો,
જઇ પુછો જસોદા માયજો,
બાંધી મુઠી સવા લાખનીજો,
ઉઘાડીએ તો પત જાય જો. ઘેલું શું બોલે૦ ૧૪

કૃષ્ણ—અલી ઘણી ઇચ્છા છે મહી આપવાજો,
મીઠી મેળવણીનો સ્વાદજો;
શીકું પડશે તો પાછું આપશુંજો
તું સાને કરે વિવાદજો. ઓઢી૦ ૧૫

ગોપી—અલ્યા ગોરસ તાણુ કોણ ગણુંજો,
જેટલું પીએ એટલું પાતજો;
વચને વેર વાધ્યું ઘણુંજો,
કદી મન મેળાવો થાતજો. ઘેલું શું બોલે૦ ૧૬

કૃષ્ણ—અમે દાણને મશે શું દુભીએજો,
તુંતો ઘણી દીસે છે રીસાળજો,
હસીને તાલી લે હાથમાં જો;
તું પ્રીત ધરીને રસ આપ્યજો. ઓઢી૦ ૧૭

ગોપી—અલ્યા માગ્યાં મુક્તાફળ પામીએજો,
હઠ કરે કંઈ નહી એકજો;
લાજ નહી તુને લાડકાજો,

મન આણુને કહ્યાં વિવેકજો. ધેનું શું બોલે૦ ૧૮

કૃષ્ણ અતી વિવેક ઘણો છે મને માહારેજો,
જવા નહી દેઉ નીરધારજો,
આપ્યા વિના કેમ છુટશોજો,
તારા મનશું તું વિચારજો. ઓધ્ધજી૦ ૧૯

ગ.પી તારા મનનો વિચાર મેં જાણીયોજો,
હઠ શાને કરો છો આંહ જો;
મનમાં મન મળી ગયું જો,
જેમ સાકર ભળે દુધમાંયજો. ધેનું શું બોલે૦ ૨૦

કૃષ્ણ—મારાં વચન તારાં માનુની જો,
સાકર સરખા બોલજો;
પ્રીતનો બાંધ્યો તુજ પાસહુ જો,
આ આપું તમોને કોલ જો. ઓધ્ધજી૦ ૨૧

ગોપી—ગાઢ ભાગીનો રસ વાધીયો જો,
ગોવાલણી લાગી પાય જો
નંદજીના કુંવર કૃપાળને જો,
કુસટ તો અંગે ન માય જો. ધેનું શું બોલે૦ ૨૨

જે કોઇ ગાય શીખેને સાંભળે જો,
તે ફરી ન આવે ગર્ભવાસજો;
દાણ લીલા દીનાનાથની જો;
ગુણ ગાય રતનીયો દાસજો. ધેનું શું બોલે૦ ૨૩

દાણલીલાની સાખીઓ આહેરીયાં, ગરબીઓ વીગેરે ગોવાળીયાનો.

શ્રીકૃષ્ણ—કંચિને અલબેલડી, સાંભળો કહું વાત;
વંદ્રાવનને મારગ જાતા, કોણ છે તારી સાથ,
ઉભારે વ્રિજની નારીરે, પુછું પરણી કે કુંવારીરે;
આંજ્યા વિના આંખડી કાળી, બાગુ રંગ એરખવાળીરે. ૧
રાધા—સાથવાળી તેને ઘેર બેઠી, તારે શી પડપુછ,
મારગ મુકી રહે વેગળો તારે મોડે નથી મુછ,
ચાલ્યા જાવ પાંસરી વાટરે. સાખુ નંદરાયને માટરે,
તુંતા ક્યાંનો કાનુડો દાણીરે, પાડે તો પાદડે પાણીરે. ૨
કૃષ્ણ—શી છે તારી જાતડી કીયુ છે તારૂં ગામ,
કોણ છે તારા માત પીતા શું છે તારૂં નામ. ઉભી૦ ૩
રાધા—આહીરની અમો જાતડી, રાધા છે મારૂ નામ,
બ્રખુભાણની હું બેટડી, રાધા છે મારૂ નામ, ૪
કૃષ્ણ—બોલતી નોની ને બોલતા શીખી આવડુ બોલી આજ,
વદ્રાવનમાં નીત્ય ફરે તુજને તે શાની લાજ ઉભી૦ ૫
રાધા—ગજવાળાછો તે જાણું ઢાકી રાખો આપ,
વંદ્રાવનનો મારગ ગોપી નીત્ય તપાસો લાગ, ચા૦ ૬
કૃષ્ણ—ઝાઝાં રાખે મેઢલાં ઝાઝી રાખે ગાય;
છાસ પીને મોટી થઇ ભડવાડની જાત કહેવાય ૭
રાધા—ગોકુળથી આવી ગોવાલણી, મથુરાંથી આવ્યો કાન;
મારગમાં એકઠાં થયાં તું તો સેનુ માગે દાણ ચા૦ ૮
કૃષ્ણ—ગોકુળની ગોવાલણી, મથુરાને મારગ જાય,

આડો કાન દઈને વચ્ચે, નાગે પ્રીત પામવ સાથ. ઉ૦ ૯
રાધા—હમો એટી અણુનાખુની ગાથા ગાઈ નામ,
દાણ લેવાની ગરજ હોયતો આવજો ગોકુળ ગામ આ૦ ૧૦
કૃષ્ણ—નંદબાવાનો હું નાનડિયો કાનજી મારૂ નામ પ્રમાણ,
દાણ લીધા વિના જવા દેવનો, નંદબાવાની આણ ઉ૦ ૧૧
રાધા—આણનો માનું કંસની, બીજી ન માનુ કોય,
નવનંદ મારેનેગઢવસે, તારાનંદ તે કોણુજ હોય આ૦ ૧૨
કૃષ્ણ—કંસ તારો તે કોણ છે, મેં વશ કીધો સહુ ઠામ,
વિચારીને બોલજે તારી શુધ ગઈ છે સાન ઉભા૦ ૧૩
રાધા—સુધ ગઈ નથી માહરી, તારી ગઈ જેમ હોય,
સાંભળ જેવા નંદના નારેનન વિચારીને જોય આ૦ ૧૪
કૃષ્ણ—મનમાંહે તું શું વિચારે ગયા દાણ લેવાનો સહી,
તારી માને શું કહીયે તને વેચવા મોકલી અહીં. ઉ૦ ૧૫
રાધા—આવો ગોપીના વાલ, સાંભળ કહું તે વેણ;
તારી માને શું કહીએ, તારી પાસે ચરાવે ધેન. આ૦ ૧૬
કૃષ્ણ—મોગું બોલું કરતી રહેજે, મદગારી મદમારી,
છાશ પીને તારી કાઢે તું તો રંગે થઈ હેરાતી ઉ૦ ૧૭
રાધા—કાનજી કાળા ના કર ચાળા મોરલીવાળા,
અડધી રાતે શું નાહ્યા તમો ભરીને ઉચાળા આ૦ ૧૮
કૃષ્ણ—દાણના દોકડા દેઈશું રોકડા બીજી ની કર વાત,
તારે મારે ઝગડો થયો ફોડીશ મટીના માટ. ઉ૦ ૧૯
રાધા—દાણના દોકડા આપીશ રોકડાં બીજું ન થાયે બાળ
દાણ લીધામાં શુ સમજે તું નાનું સરખુ બાળ આ૦ ૨૦
કૃષ્ણ—મહિયારી તું મદની માતી હું નાનું સરખુ બાળ;

બાળપણું તુજને દેખ હું થાતા દે સંધ્યાકાળ   ફિ૦ ૨૧
રાધા—સંધ્યાકાળે તું શું બતાવે સાંભળ કાળા કાનરે,
મહી વેચીને આવતાં આપીશ તહારૂં નાણું.   આ૦ ૨૨
કૃષ્ણ—તું રંગીલી રૂપની રૂડી હું છબીલો કહાન,
મહી ખપે કે ન ખપે તું આપની મહારૂં દાણ   ફિ૦ ૨૩
રાધા—મહિનાં દાણ ના હોય ગોહન મનમાં સમજને ગેર,
મહીપીવાનો ખપ હોય તો હરી આવજો મારે ઘેર.   ૨૪
કૃષ્ણ—ક્યારની મેં તું દેહને કીધા આટલાં વેર,
હેત કરીતું આપવા આવે હવે લાગે તે કડવાં ઝેર.   ૨૫
રાધા—કોહોનો હરી વેરથી દાણ કોહોનો પાકિ થાય,
હિમાના સ્વામી સાગરા તમો મનમાં ને લાવશો કાંય,
આવો આવો નંદના છોરે તમે ગોકુળના મહીયારે,
બાતનો વિચારીને કહીએ રે મારગ શાઆગળા રહીએરે   ૨૬

ગોવાળીયાનાં આનારિયાં.

દુધ પીગો મનાવો અમને, શાને રાકોછો તન,
એકલડા વન કેમ રહું, કુંજેછે મારૂં તન,   દુધ૦ ટેક.
કુમળા આંગળી ગરડાશે, સુંકાની મારો હથ,
હું આવી આગળ થકી, પુંડે આવે સેવર સાથ.   દુધ૦ ૧
દિવશે પરણ્યા પીયુ સાથ, ઉભા રહ્યું નવ જાય;
નંદજીના શમ આગળા રહોનો, પરશુ કેમ બોલાય   દુધ૦ ૨
પીયુ મારો ચતુર નથી તે, તે શું જાણે ભોગની રીત;
તેણે હું પ્રીછું નહીરે, જે પુરૂષ કેહેતી પ્રીત,   દુધ૦ ૩
જે રસ જેણે ચાખ્યો નહીરે, તે શું જાણે નેહ;

નેન નચાવોછો ઘણા, હું મોહ્યું નહીં કાંઇ નેહ દુખ૦ ૪
તમ સરખી હોય તેને વાહો; મુકાની મારો હાથ,
બાળપણે એવું કરો જે, આગળ ખાંને લાજ. દુખ૦ ૫
કાચ પીતા પરણાવશેરે, ઉત્તમ સુંદર નાર;
પરની ઘર વગે નહીં, એ વેદનો વહેવાર દુખ૦ ૬
સુખ ટળે શરીરનું તેન, કાં શું લાગે મન;
ચીતવ્યુ તો નવ પામીએ, અતિ દેહીલો દુરીજન દુખ૦ ૭
ચતુર હશો તે જાણશોરે, ચતુરાઇની પેર,
મેં મન તારૂં ઓળખ્યું, અવસર આવજ્યો ઘેર. દુખ૦ ૮
મારગમાં ન બોલાવીએરે આવના દેગ લોક;
બાલમુ પ્રભુ રઘનાથજી, જુઠાં આળ નાકારે લોક, દુખ૦ ૯

જાઓ નહના ગોવાળીયા, તું શેનો માગે દાણ,
જો તું આલીશ ટૂકડો તો, કસરાવની આણ. જાઓ. ટેક.
ઘેર જઇ પુછ માતનેરે, છોરા વચની કોણ,
દાણી થઇ વનમા રહ્યો કોની શીખ્યો તું ગાલ, જાઓ ૧
પાપણ ઉપર પાઘડીને, આણીયાળા લોચન,
કરમાંકાળી કાંબળી, કાં વદે મીઠાં વચન જાઓ. ૨
અંગમાં મોડીશ આવડુ તું રાખજે તારો ભાર,
ચંચળ ચાળા કહાના કાળા, હું તે તારી નહીં નાર જાઓ. ૩
મેં તને નિરમળ સાંભળ્યોરે, વસતો વંદ્રાવન,
ભરમે ભોળી ના જાણતો અતિ કઠણ છે મારૂં મન. જાઓ. ૪
પાધરે મારગ ચાલીયેરે, ગોવાળીયાની સાથ,
છેલપણું નવ કીજીએ, બાલમુ પ્રભુ રઘનાથ, જાઓ૦ ૫

ઉભી રહે આહેરડી તું બોલની વાંકા બોલ;
તારી આંખડી તે મેં ઓળખીરે. અવર નહી કોની તોલ ઉ. ટેક.
મારગે છોડી અબોડલોરે લીંડની મોડામોડ;
શેરી જોઇને ચાલીએ ઘેર કંથ સારો હોય, ઉભી૦ ૧
સતી સામુ ન ભાળીએરે, નીચુ જોઇને ચાલ;
પરપુરૂષથી વેગળી રહે તેની આંખલડી ઓળખાય ઉભી૦ ૨
દાણુ લાગે આ ઠામનુરે, અહી નથી કસનો લાગ;
પણ પ્રીછે આવે નહી, આવે તો મારો ભાગ; ઉભી૦ ૩
આવતાં આવી કામની, હું જે માગુ તે આપ;
ભાલણુ પ્રભુ રૂધનાથજી, અંતર આણી થાપ; ઉભી૦ ૪

ઓરે આવરે આહીરડા મેં જાત તારી જાણી ટેક.
જુલમ કરોછો જોરાવરારે કસનાયને કહીશુ
નીત ઉઠીને દુઃખ દોછો તારા ગોકુળ મુકીને જાશું ઓ૦ ૧
અમે દાની નહરાયનારે વન મ.ને તે પકશું;
કહેજે તારા કસનાયને હમે ઉત્તર દેશું; ઓરો૦ ૨
તું અરખા મારે ઘેર ઘણારે અમને પાયે પાણી.
તારૂં બોલ્યું સાખુ હુતો નંદનો કુંવર જાણી ઓરો૦ ૩
પાધરે મારગ ચાલીએરે, ગોવાળાની સાથ;
છેલપણું નવ કીજીએ ભાલણ પ્રભુ રૂઘનાથ. ઓરો૦ ૪
છબીલા નંદનારે તારી ચાલના ચટકાજો;
છોરાં આહીરનારે તારા મુખનો મટકોજો. ટેક.
મટકો તારી ચાલનો પીલ્ડીછે કંગરકોર,
છુમક છુમક છુઘરી બાજે જેનમાં નાચે મોર. છબી૦ ૧

તાણીને બાંધે પાઘડીરે હળકનો મુકે તોર
શેરીએ લડથડતો હીંડે મુખ મોરલી ધનશે. છબી૦ ૨
મુખ દેખડાવીને ઘેલાં કીધાં જાણે હરસનાં ગોર;
બાલણ પ્રભુ રૂઘનાથજી મારા ચીતલડાનાં ચોર. છબી૦ ૩

અખુમાન કેરી બેટી, રાણી રાધા છે મારૂ નામ,
દધી તણો જો ખપ કરોતો આવજો ગોકુળગામ અખુ૦ ટેક
લપટ સંપટ નાથજીરે કપટીયાળા કાહાન;
દધી તણુ જો દાન લશોતો કમત થશે જાણ અખુ૦ ૧
વંદ્રાવનની વાટમાં તમે શાને રોકોછો ઘાટ
તારી માતાનો આવડુ મોટું લેની મહીનુ માટ. અખુ૦ ૨
રાધા તો દાણુ નહીં આપેરે તમારૂ શું જોર
પીતા મારો જો જાણશે તો કરશે પાધરા દોર, અખુ૦ ૩
સુધરેલ મારગ ચાલીએરે ગોવાળીયાની સાથ;
છેલપણુ નવ કીજીએ ભલા પ્રભુ રૂઘનાથ, અખુ૦ ૪

કાન—ઘુમટાવાળીરે આંજ્યાવિના આંખડી કાળીરે
ઉચીને અલબેલડીરે પાતળી પરિધાન;
જોબનીયાંનું જોરઘણું હું ઉતારૂં અભિમાન ધુતા૦ ૧
ગોપી—ન્હાની વયમાં નામજ કાઢ્યુ લોક કરે વખાણ;
મ્હોં પાયને આંખડી લાજે માહો માંડે શું દાણ;
ચાલ્યો જા પાધરી વાટેરે સાંખુશુ તહના માટેરે. ચાર૦
કાન—આ ગોકુળમાં ઘણી વસે છે મોટી જાત આહીર;
વહેવાર વાતે લજા શાની છે વહુવારુની રીત. ધુતા૦ ૩

ગોપી પાધરી વાટે તે લઢેરે, જેને હોય એ બાપ;
એ દાણ શું લખાવી લાવ્યો કંસરાયની છાપ   ચા૦ ૪
કાન—છાપતો તારો બાપ કરે છે સેંકડો ભખુભાન;
હમો કુંવર નંદરાયના ગણું કંસને ત્રણ સમાન   ધુતા૦ ૫
ગોપી—સમજુ બોલો શામળારે લો સાથે શા લાડ;
ભીખ માગી તાગીને જીવવું માનો પરમેશ્વરનો પાડ ચા૦ ૬
કાન—ગોપો ગાળ દીયો અદકેરો છે જોરાવરનો જોરો;
ભીખ માગ્યાની પેર કહુ તું કાનધરની ઓરો   ધુતા૦ ૭
ગોપી—કાન ધર્યાનું કામ શું છે સમજી મનની વાત;
એવો કો દેખતી નથી જે, આડકાડી શકે હાથ   ચા૦ ૮
કાન—આવે નારી ઇંદ્રાણી તો, જાય મુકી માન;
તારૂં સર્વસ્વ લઉ સુંદરીનો, મારૂં નામ છબીલો   કાન ૯
ગોપી—દશ વરસનુ છોકરડું ને ચોર્યા પીતો છાશ,
સરવસ્વ આપું લગણા, તું આવ મારી પાસ   ચા૦ ૧૦
કાન—તું મદમાતી મહીયારી, હું નિકટ ન્હાનુ બાળ,
બાળપણું તમને દેખાડું, થાવા દે સંધ્યાકાળ   ધુતા૦ ૧૧
ગોપી—વિવાદ કરતાં દિવસ વીત્યો, અમણા આકળી થાય;
પ્રેમાનંદ પ્રભુ જાવા દીયો, ગોપી લાગી પાય.   ચા૦ ૧૨

ઉંઢાણીના આહારીયા.

વેગળો રહેને વરણાગીયા.   ટેક૦
ઉંઢાણી લઇને કૃષ્ણ વૃંદાવન ગયાતા;
હાંરે હુંતો શોધીતળા તે નવખંડમાં જીરે,   વેગળો૦ ૧
હાંરે અલ્યા મહીની મટુકી મારી ફુટશે

હાંરે મારી મોતન ફેરી ટર લટશે જીરે. વેગળો૦ ૨
હાંરે અલ્યા મોહન તારારે ફંદમાં.
હાંરે મારી દામણી તુટી તે તારા છંદમાંજીરે. વેગળો૦ ૩
હાંરે મારે લાખ ટકાનું ચીર પેહેરણું.
હાંરે અલ્યા ખેંચમાં ખેંચમાં ફાટશે જીરે. વેગળો૦ ૪
હાંરે અલ્યા લાલ છડીરે તારા હાથમાં,
હાંરે મુને રોકી તે જમુનાં ઘટમાં જીરે. વેગળો૦ ૫
હાંરે સવાલાખનો હાર મારી કોટમાં,
હાંરે અલ્યા તાણું માં તાણું માં તુટશેજીરે. વેગળો૦ ૬
હારે અલ્યા દાસ રાજેના સામી શાંકડા,
હાંરે હુંતો મોહી રહી મુછના આંકડાજીરે. વેગળો૦ ૭
આજની ઘડીરે રળીયામણી;
હાંરે મારા વાલાજી આવ્યાની વધામણીજીરે. આજ૦ ટેક.
હાંરે સોહાશેણુ પુરેની સાથીયા,
હાંરે ઘેર ચક્ષપના આંગ તે હરી હાથીયાજરે. આજ૦ ૧
હાંરે સખી આસેરા વાંસ અણાવીયે,
હાંરે સોહાસેણુ ચાર તેડાવીએ,
હાંરે મારા વાલાજીને મોતીડે વધાવીએજીરે. આજ૦ ૩
હાંરે સોહાસેણુ મગાજે જે ઘડી,
હાંરે મારા પ્રભુજી પધારે તે ઘડીએજીરે, આજ૦ ૪
હાંરે અલ્યા દાસ રાજેના સ્વામી શાંકડા;
હાંરે હુંતો મોહી રહી મુછના આંકડાજીરે. આજ૦ ૫

ભાગ છઠો.

દાણલીલાની ગરબીઓ.

ગરબી ૧ લી.

હાંરે દાણ માગેરે દાણ માગે;
હાંરે તારી ગોહડીના બોલ બાણ વાગેરે. દાણ માગે.
હાંરે કાન કીયાં મુલકનો સુબો,
હાંરે કાન મારગ વચ્ચે ઉભોરે, દાણ માગે. ૧
હાંરે કાન કિયા મુલકનો રશીયો,
હાંરે મારા મારગ વચે વશિયોરે, દાણ માગે૦ ૨
હાંરે કાન કિયા મુલકનો દાગી,
હાંરે કાન મારી નવરંગ ચુંદડી તાણીરે. દાણ માગે૦ ૩
હાંરે કાન કિયા મુલકનો મેહેતો,
હાંરે કાન મારગ વચમાં રહેતોરે. દાણ માગે૦ ૪
હાંરે કાન જળ જમુનાંરે આરે,
હાંરે એમાં કોણ જીતે ને કોણ હારેરે. દાણ માગે૦ ૫
હાંરે કાન નથી સાકર નથી મેવા;
હાંરે ખાટી છાશમાં શું આવ્યો લેવારે. દાણ માગે૦ ૬
હાંરે મેહેતો નરસઈના સ્વામીને વારી,
હાંરે ગઈ ગોવાળીયામાં ચારીરે. દાણ માગે૦ ૭

ગરબી ૨ જી.

જવા દો મને શાને રોકો છો વાટમાં,

હાંરે દાણુ લેવા સરખાં નથી વાટમાં. જવાગ ટેક.
આજ તો અમારે પ્રભુ કામનો દીન છે,
હાંરે મારે એકલા જવું છે નાતમાં. જવા૦ ૧
મારા રે સમ મારી આગેર નદી;
હાંરે જળ ભરવાં જાુમનાંની ઘાટમાં. જવા૦ ૨
સઘળી સહીયરો ઉભી જાુમનાંની તીરે,
હાંરે તેને વચન આપ્યાં છે હાથમાં. જવા૦ ૩
મોતીના નાથને સંગે લેઇને,
હાંરે મારે જાવું સહીયરોના સાથમાં. જવા૦ ૪

ગરબી ૩ જી

વાત કહું ઉભાં રહોને અલબેલી,
હાંરે દાણુ રીતનાં ઘટે તે જાઓ મેલી, હું વાત૦ ટેક
ક્યાંથી આવો છો આજ રૂમઝુમ કરતાં,
હાંરે આજ ક્યાં છે સંગની સાહેલી, હું વાત. ૧
ઘુંઘટ તાણીને શું જોરમાંરે જાઓછો,
હાંરે નથી દેતા જવાબ મન મેલી હું. હું વાત૦ ૨
ધ્યાન ધરીને શું ધ્યાનમાંરે જાઓ છો,
હાંરે આજ બોલી કરી છે મારે પેસેલી. હું વાત૦ ૩
મોતીના નાથને તુ છું પ્યારી,
હાંરે ઘણે દહાડે થઇશુ આજ ભેળી હું વાત૦ ૪

ગરબી ૪ થી.

જમીનપર જળનાં દાણુ કોણુ લેછે,
હાંરે નથી જાણ્યું લેવાવાળો રહે છે. જમીનપર૦ ૧

નથીરે સાંભળ્યું પ્રથવી ઉપર,
હાંરે લેવાવાળો અહીંઆ કોણ રહે છે, જમીનપર૦ ૨
નીત્ય નવા નવા ચાળા કરો છો,
હાંરે એવી કોણ શીખામણ દેછે. જમીનપર૦ ૩
વચન કાઢો છો પ્રભુ વઢયા સરીખાં,
હાંરે કોણ વસ્તી તમારીમાં રહે છે. જમીનપર૦ ૪
મોતીના નાથને એમજ કહીને,
હાંરે ગોપી રસ્તો ગોકુળનો લેછે. જમીનપર૦ ૫

ગરબી ૫ મી.

છબીલી દાણની રીત કોણે કહાડી,
દાણ આપો છબીલી લાડી. છબીલી૦ ટેક.
શ્રી જમુનાજીના મોટારે આરે;
હાંરે જળ ભરવાને આવો રહાડી, છબીલી૦ ૧
વંદ્રાવનને મારગ જાતાં,
હાંરે હુંતો લેઇશ લાગત મારી. છબીલી૦ ૨
એવાં વચન પ્રભુ કોઇએ ન સાંખે,
હાંરે એતો સાંખે તે પરણી નારી. છબીલી૦ ૩
મોતીના નાથને સરવસ સોંપ્યું;
હાંરે ગોપી કાજ કર્યાં છે મોરારી. છબીલી૦ ૪

ગરબી ૬ ઠી.

હાંરે રસિયા તુને જાવા દીજે, તારૂં દાણ થાવ તે લીજેરે;
રસિયા મુને૦ ટેક.
હાંરે હુંતો ગોકુળની ગીજ નારી, હાંરે હુંતો મહી વેચવાને આવી

રસિયા મુને૦ ૧

હાંરે હું તો જમુનાનની છોડી હાંરે મારે માથે મહીની ગોળી

રશિયા મુને૦ ૨

હાંરે મારી સંગની સાહેલીયો આવી, હાંરે મને રોકી રહ્યા ગીરધારી; હાંરે મારગથી અળગા રહીજેરે. રશિયા૦ ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, તનમન અરપણ કીજેરે

રશિયા મુને૦ ૪

ગરબી ૭ મી.

હાંરે મારા ચીર દો વનમાળી, હાંરે હુંછું અબળા નારીરે;

મારા ચીર૦ ટેક.

હાંરે વાલો ચીર હરીને કદંબ ચડી બેઠા,

હાંરે હુંછું જળમાં ઉઘાડીરે. મારો૦ ૧

હાંરે ચિરકે બદલે પીતાંબર લેઉગી,

હાંરે જો જલસે હો જાઉં ન્યારીરે, મારા ચીર૦ ૨

હાંરે પાછે પગ કરી નિકશી રાધે,

હાંરે કૃષ્ણ હસત દે તાલીરે; મારા ચીર૦ ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,

હાંરે તમો પુરૂષ હમો નારીરે, મારા ચીર૦ ૪

ગરબી ૮ મી.

હાંરે બેની આપનો શામ ખોટો,

ક્યા દોશ દેઉં કુબજાકારે, બેની આપનો૦ ટેક.

આપે ગએ કાગળ નહી જોજ્યો,

ક્યા કાગળનો ટોટો, બેની આપનો૦ ૧

ગોકુળ મેલી વાલો મથુરાં પધાર્યા;
ત્યાં માર્યો કંસરાય મોટારે. એની આપનો૦ ૨
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
મારૂં મહો પાને થયો મોટારે એની આપનો૦ ૩

ગરબી ૯ મી.

હાંરે કુબજાને જાદુ ડારો,
બમ કાનો શાંથ હમારોરે, કુબજાને જાદુ૦ ટેક.
જાદુકા પુડીયાં બરભર મરી,
દયા કરે બાઇરે નિચ નેરે, કુબજાને૦ ૧
આણી તેડે ગંગાને પેલી તંડ જમનં,
બીચમે વહે જળ ધાડોરે, કુબજાને૦ ૨
ઇશ ગોકુળ ઉથ મથુરાં નગરી,
જાન પીયો જળ ખારારે. કુબજાને૦ ૩
કુબજાશે વાલો રંગ રમત હે,
હમકુ દુર કર ગયો ન્યારોરે. કુબજાને૦ ૪
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર;
આખર શ્યામ હમારોરે, કુબજાને૦ ૫

ચુંદડીની ગરબીઓ.

રશીયાજી મુકો હમારી ચુંદડી,
જવાદો જમુના જળ ભરવા કાજજો,
સખી કોપેછે વાર કયાં લાગી આવડી,
મોટી મોહન લોકડીઆની લાજજો, રશીયાજી૦ ૧
ઘેરાછો મુજને જાણી એકલી

પાછળી આવે સૈયરોનો સાથજો,
મનસુબો મનનો હું જાણી ગઇ,
એમ કરે નટવર નહી આવે હાથજો. રશીયાજી૦ ૨
દુરિજન કંઇ કહેશે મારા કંથને,
રસિયા તેને રીશ ઘણી છે મનજો,
સાસુડી મુજને બહુ સંતાપશે,
નણુદી મુજને કહેશે કટણુ વચનજો, રશીયાજી૦ ૩
એવી તે વિદ્યા કોણે શીખવી,
નીત ઉઠીને આવડો શો ઉજગાતજો,
મોટપણે મોટમ કંઇ આવી નહી,
છેલ તચારી ના ગઇ છોકરવાદજો. રશીયાજી૦ ૪
આઘા રહો અડશોમાં અલબેલડા,
આળ કરો ને સાંખે બીજી નારજો,
શાણા થઇ વળગો છો શા કારણે
હું નહીં રાખુ તમારો કાંઇ ભારજો રશીયાજી૦ ૫
ઘેર જઇ કહીશું તમારી માતને,
મુજ સાથે ના બોલો વાંકુ વેણુજો;
પીતળીયા પાલવ મુકો માહરો,
ઉર ઉપર શા માટે નચાવો નેણુજો રશીયાજી૦ ૬
આજ પછી તમ સાથે બોલું નહી,
ઢંગ તમારા જાણીઆ જાદવરાયજો;
શું કરીએ સામળીયા સાચુ કહું,
તમ સાથે મુજ મનડુ આતુર થાયજો. રશીયાજી૦ ૭
ત્રિવિધ તો સફળ થશે મન રીઝવે,

નવ જાણો કંઇ પ્રીત કર્યાની રીતજો
શું સમજો સારી જાણો ગાવરી,
ઘણી કઠણ છે ચરશું કરવી પ્રીતજો. રશીયાજી૦ ૮
સાન વિના કોઇએ ના બોલાવીએ,
માણસ માંહી જાય પોતાનો તોલજો.
આગળથી ચરચા જોઇએ તે તણી,
ત્યાર પછી મન ગમતાં કહીએ વેણજો રશીયાજી૦ ૯
આતુરતા તમ કરમા અમને ઘણી,
લાજ તજીને મુખડે ના કહેવાયજો;
પ્રાણ ગયા પ્રીત કરી ના મુકીયે,
મારગ વચે રોકેથી શુ થાયજો રશીયાજી૦ ૧૦
વાલાજી વાર્યું તે કરીગે માણ્રું,
કોણ વારની કહું છું જોડી હાથજો;
મારગડો મુકીને અળગા રહો,
કરજોડીને વીનંતી કરે રઘુનાથજો. રશીયાજી૦ ૧૧

ગરબી ૨ જી.

કાહાન કાળારે મારી ચુંદડીના ચોર,
છઇયા નંદનારે મારા કાળજાની કોર કહાન૦ ટેક
ચુંદડી ચોરીને પ્રભુ કદમ ચડયારે,
સાહેલીના સંગમાં મારી નજરે પડયા. કહાન૦ ૧
અજબ તરેહની ચુંદડીને માંહી ઝાઝો રંગ,
વેગળા રહો વરણાગીયા શામ થાશે અંગ કહાન૦ ૨
લાખ ટકાની ચુંદડીને છેડે ઝાઝા રંગ,

શ્રીકૃષ્ણજી લાડ લડાવે તેમાં શાનો પાડ કહાન૦ ૭
ચુંદડી આપી નો પ્રભુ પાયે લાગુરે,

ગરબી ૩ જી.

કૃષ્ણ બોલ્યારે નિકળ જળથી તું બહાર,
આપું ચુંદડીરે લેરે લેને રાધા ગો નાર.
ચીરનાં વખાણ કરે માલ નથી એમ;
નગ્ન થઇ જળાં નહીં દંડ દીધા તેમાં, કૃ ૧
ચુંદડી તારીનો ખપ નથી મારે;
સહુ સખી બહાર આવો જોને અત્યારે; કૃ ૨
સહુ સખીએ વિચાર કર્યો જાતુ હવે એમ;
કૃષ્ણ કેરૂં કહ્યું માની કરીયે એવી પેર, કૃષ્ણ ૩
હારી સહુ બાહાર આવ્યાં દેખીને એડે હાથ,
ચીર આપી આશા પુરી નરસઇયાને નાથ. કૃ ૪

નંદજીનો ગરબો ૧.

તમેરે નંદજી ગોકુળ સાંચરોરે,
ઉતારો જમુનાંજીનો ઘાટજો
મારી માને નહી હોય ગોઠતુંરે,
જશોદા જોતાં હશે વાટજો. તમેરે૦ ૧

નંદ માત પિતા તે તમે કર્યુંરે અમને બહુ લડાવ્યા લાડજો
અમને નાનેથી મોટાં કર્યારે નાથાશા તેમાંનું પાડજો તમો ૨
મારી છે પંચરંગી લાકડીરે વારતી વેણુ રશાળજો,
તેને તમે સંભારીને મુકજોરે રખે લેઈ જાતા ગોવાળજો તમે૦ ૩
મારી સહુ ગોરી ગવાડીરે તેને તમે હાથ ફેરવી, જોનેજો

હે રઘનાથના સ્વામીનંદનેરે અમપર કૃપાદ્રષ્ટે જોજોજો, ૪

ગરબી ૨ જી.

રણે નીરને નંદજી બોલીયારે અમથી એકલડાં નજવાયજો
ટડી જોતાંને રોતાં હશેરે કાનજી ત્યાંય તમારી માયજો
કુંતો રાખીશ મારા મનનેરે તમારી માના મન કયમ રહેશેજો
ારે ગોવીંદ ગોકુળ આવજોરે દુરજન મેણીલાં બહુ દેશેજો
હો કોણ વંદ્રાવન ગઊ ચારશેરે સાંજે કોણ આવશે ઘેરજો.
ઘતાં વાણુલીયે કોણ ઉઠશેરે કહો કોણ જાણે તમારી પેરજો
કુંવર કોને લાડ લડાવશુંરે, કોને વળગાડીશું દામીજો;
કો જમાડીને જમશુંરે કહોને રઘુનાથના સ્વામીજો.

ગરબી ૩ જી.

જશોદાજી પુછે પિઉને પ્રેમશુરે, નંદજી ઉત્તર ન આલેજો;
મુખથી બોલે પણ બોલાય નહીં, લાલનાં બોલડીયાં બહુ સાલેજો
કારણ કેને મારા કંથજીરે, કુંવરને કયાં મેલી આવ્યાજો,
પરવસ સોંપ્યાં વાસુદેવનેરે, દુઃખના મેરૂ કયાંથી લાવ્યાજો,
આપણે મીત્રાઇ વસુદેવનેરે, આપણે કયાંનું હતું વેરજો,
આવી આપણા સુતને ભોળવ્યોરે તે રાખ્યો પોતાને ઘેરજો,
હો ત્યાં કંથ તમે નવ બોલીયારે, અમપર નજર નજોડીજો.

ગરબી ૪ થી.

વ્રજમાં વ્રજ વનિતા વાતો કરૂરે, મોહનજી મથુરામાં રહ્યાજો.
અહીંનાં સુખમાં ગાયો ચારતીરે, બીજું આહીરમાં રહેવુંજો
ત્યાં સહુ પુછીને વાતો કરૂરે, મથુરા નગરીમાં શુ કહેવુંજો
મથુરા નગરી હરીને મન વશીરે, બીજુ કંસરાયનું રાજજો,

લક્ષ્મી દેખીને લલચાઇ ગયોરે, માટે ગોકુળ કીધું તાજજો.
એ મુરત મનોહર શામળોરે, સજની સૌને લાગે મીઠોજો.
એ રૂગનાથનો સ્વામી ગોવાળીયોરે, ત્યાંનો રાજા થઇને બેઠોજો.

પરચુરણ ગરબીઓ.

ચંદ્રાવળીની ગરબી ૧ લી.

માથે મટુકીને મહીડાંની ગોળી, મહીરે વેચે ચંદ્રાવળીરે;
વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેલડો સાહી રહયોરે;
મેલો મેલો કાનજી જવા દો જાદવજી; અમઘેર સસરો રીસાળવોરે;
તમારા સસરાને બીજ વહુવારે આણીઆલુ, તમથી ઘુંઘટ તાણે
અદકેરાંરે, માથે૦ ૧
વેચંતી સાંચંતી નગરમાં પેઠી, કાનુડો છેલડો સાહી રહયોરે
મેલો મેલો કાનજી જવાદો જાદવજી, અમઘેર સાસુ રીસાળીરે;
તમારી સાસુને બીજી વહુવારે આણી આલુ તુમથી પાયે પડે
અડકેરારે. માથે૦ ૨
વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેડલો સાહી રહ્યો રે,
મેલો મેતો કાનજી જાદવજી, અમ ઘેર જેઠ રીસાળવા રે;
આપે અદકુ રે માથે૦ ૩
વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો છેડલો સાહી રહ્યો રે;
મેલો મેલો કાનજી જવા દો જાદવજી, અમ ઘેર દીયર રીસાળવારે.
તમારા દીયરને બીજી ભોજાઇ આણી આલું, તમથી હોરી
ખેલે અદકેરાં રે. માથે૦ ૪
વેચંતી સાચંતી નગરમાં પેઠી, કાનુડો સાહી રહ્યો રે,

મેલો મેલો કાનજી જવાદો જાદવજી, અમ ઘેર નણુદી રીસાળવા રે
તમારી નણુદીને બીજી ભોજાઈ આણી આલું, તમથી માથા
ગુંથે અદકેરાં રે. માથે૦ ૫
કડવે વચને ગોપીકા એમ બોલે, મેલો મારો પાલવ નીરલજ રે;
દુરજન દેખે તમે નહીં લાજો, છાતી ધડકે માહરી રે. માથે૦ ૬
તોય ન સમજે છોગાળો છબીલો, પાલવ સાહી ઉભો રહ્યો રે;
ચાર ફાડી ચંદ્રવળી નાઠી, કાનુડો હાથ ઘસી રહ્યો રે. માથે૦ ૭

ગરબી ૨ જી અજવાળી રાતની.

આસો માસે શરદ પુનમની રાતજો,
ચાંદલીયો ઉગ્યો રે સખી મારા ચોકમાં. ટેક.
સસરો મારો દેરાસનો દેવજો,
સાસુ રે દેરાસર કેરી પુતળી. ૧
જેઠ મારો અશાડીલો મેહજો,
જેઠાણી ઝબુકે વાદળ વીજળી;
દિયર મારો ચાંપલીયાનો છોડજો,
દેરાણી ચાંપલીયા કેરી પાંખડી. ૩
નણદલ માહારી વાડી માંહલી વેલજો;
નણદોઈ તે વાડી માંહીનો વાંદરો. ૪
પરણ્યો મારો ચતુર સુજાણજો,
તાણીને દીધી રે નવરંગ પાઘડી; ૨
એ પાઘડીએ દશ દશ આંટાજો,
આંટેને આંટે રે નવરંગ પાઘડી; ૬
ગોરીનો પરણ્યા વહાણુ કમાવા જાયજો,

વહાણેથી લાવે રે ખારેક ટોપરાં;
ખારેક ખાય તો ખટકે ગોરીની દાઢજો;
ટોપરડું ખાય તો ગોરીને કુચા વળે; ૮

ગરબી ૩ જી. જશોદાજી બાળ ભાવની.

દુરખેલન મત જાઓ મેરે લાલન દુર મિલેગો હાઉ ટેક,
મચ્છારૂપ સંખાસુર માર્યો માગો વેદ છોરાઉ;
ચાર વેદ બ્રહ્માકો દીનો, મેં તહાં ન દેખા હાઉ;]
દુર ખેલન મત જાઓ મેરે લાલન દુર મીલેંગા હાઉ. ૧
વારાહ રૂપ ધર પર્વત લાયે, પૃથ્વી દાઢ ચઢાઉ;
બ્રહ્મા લક્ષ્મી નિશદિન આપે મેં તહાં ન દેખા હાઉ. દુર૦ ૨
નરસિંહરૂપ અવતારમે, બડા અસુરકો ભે ઉપજાઉ;
બડો દેવ હિરણ્યાકશ માર્યો, મેં તહાં ન દેખા હાઉ. દુર૦ ૩
વામન રૂપ છલ્યો બળરાજ, પગલાં ત્રણુ અલાંઉ;
ઈંદ્રાસન ઈંદ્રકો રાખ્યો મે તહાં ન દેખા હાઉ. દુર૦ ૪
ફરશુરામ અવતારમે, બડા અસુરકો ભે ઉપજાઉ;
ક્ષત્રી મારી નક્ષત્રી કીધી, મેં તહાં ન દેખા હાઉ. દુર૦ ૫
રામચંદ્ર અવતારમેં, દશ મસ્તક છેદા લાઉ;
લંકાં ખાખ કરડારી મેં, તહાં ન દેખા હાઉ. દુર૦ ૬
જમનાકે તીરે ધેન સરાઇ, જુજ બણી મિચરાઉ;
શેષે પાતાલ કાળી નાગ નાખ્યો, મેં તહાંન દેખા હાઉ. દુર૦ ૭
માણુકંથન બધ્યો મન મોહન, ભક્તવત્સળ છેલ જાઉ;
જમલા અરજુન વૃક્ષ ઓધારે, મેં તહાં ન દેખા હાઉ. દુર૦ ૮
બાલાપણુમેં મૃતીકા ખાધી, ચઉદ લોક દેખલાઉ;

સુરકે સ્વામી નેરી અદ્ભુત લીલા, મુખે કહી નવજાઉ, દુર૦ ૯

ગરબી ૪ થી.

હાથ વછુટી મારી મટુકી ફુટી, દધી વેચતાં છુટી રે;
પીતળ લોટા જળે ભરાવું, દાતણુની ચતુરાઇ રે. હાથ૦ ૧
ચીની તે પ્યાલા તેલે ભરાવું, મરદની ચતુરાઇ રે; હાથ૦ ૨
ત્રાંબાકુંડી જળે ભરાવું, નહાવણુની ચતુરાઇ રે; હાથ૦ ૩
શેવ સુંવાળી લાવશી રંધાવું, ભોજનની ચતુરાઇ રે; હાથ૦ ૪
પાન સોપારી લવીંગ, મુખવાસની ચતુરાઇ રે; હાથ૦ ૫

ગરબી ૫ મી.

ઝુમકહાર સીદ તોડયો, હો રાજ મારો ઝુમકહાર શીદ તોડયો;
હારની પડી છે ત્રણ ઓળો, હો રાજ, મારો ઝુમકહાર શીદ તોડયો
જળ જુમનાનાં જળ ભરવા ગયાતાં, ઘટ મારો શીદ ફોડ્યો; હો૦
વંદ્રાવનને મારગ જાતાં કાંડુ ઝાલીને હાર તોડયો; હો૦
વંદ્રાવનને ચોકે રમતાં કુડાં વચન કોણુ બોલ્યો. હો૦
પ્રીત કરી પણુકરતાં ન આવડી નંદ આહીરનો છોરો હો૦
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર આવ્યાને નટવર ઓરો હો૦

ગરબી ૬ ઠી

ગગરી ઉતારરે વનમાળી મટુકી ઉતારરે વનમાળી;
ઉતાર ઉતાર ઉતાર જલદી ઉતારરે વનમાળી.
મેરે શીરપર હોગઇ ભારી, ગગરી ઉ, ટેક
સુનેકી ગગરીને રૂપલા ઉઢાણી ભરગઇ રાધે પ્યારી ગ૦ ૧
જળ જુમનાકી ચીકણીખડુડીયાં લગઘ્રમગઘરસે પ્યારી. ગ૦ ૨

મેં પ્હેરી કસુંબલી સાડી, તેરે મુગટકી છબી ન્યારી. ગ૦ ૩
મેં પ્હેરી જરકસકી ચોળી, તેરે મોરલીકી છબી ન્યારી. ગ૦ ૪
મેં પ્હેરી મોતનકી માળા, તેરે ગુંજ માળકી જબી ન્યારી,
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરનાગર, ચરમણુકમળપર વારી,

ગરબી ૭ મી પરમેશ્વરને પુજવા વિષે.

(હું તો ઇશ્વરને પુજવા નીસરીરે લોલ એ રાગ.)

શામ સલુણા કુંવર નંદનારે લોલ.
તેં મને નાંખી ફંદમાંરે લોલ; ટેક.
હું તો ઝમકાને જોવા નીસરીરે લોલ,
ઓઢવાનું અંબરૂ વીસરીરે લોલ. શામ ૧
હું તો ગાવડીને દોવા નીસરીરે લોલ,
શેલો લીધો ને તામડી વીસરીરે લોલ. શામ ૨
હું તો દરશન કરવાને નીસરીરે લોલ;
સાળુ પેહેર્યોને ચોળી વીસરીરે લોલ. શામ ૩
હું તો જુમના તે જળને ભરવા નીસરીરે લોલ;
ગાગેર લીધીને ઘડો વિશરીરે લોલ. શામ ૪
જમતાં તે જીવણુ સાંભર્યારે લોલ;
કંઠે ના ઉતરે કોળીયોરે લોલ, શામ ૫
વલભના સ્વામી શ્રી હરીરે લોલ;
તનમનથી હું તમને વરીરે લોલ. શામ ૬

ગરબી ૮ મી.

શામળીલાલ સાસુડી સંતાપે કહો કેમ કીજીએ;
ક્યાં જઇએ હરી ઘરમાં બેશી રહીરેનો રાંડ ખીજશે.

મારી સાસુ સંખણી છે એવી, નણુદલને તારનં દેઉ પહેલી;
તે તો વાત નથી કહેવા જેવી. શામ૦ ૧
મારો સસરો સાધુ જન ધણો, મને આશરો છે તેહ તણો;
મારો જેઠ ઝાંપડો બુધિ વનો, શામ૦ ૨
મારો દિયરીયો હઠ્યા મેલો, તેતો લડાઇ કરવા સઉ પહેલો,
એની દુષ્ટ બુદ્ધિ ઢંકી મેલો, શામ૦ ૩
જાણે સુડી વચ્ચે સોપારી, હું તો અનાદના છું તમારી.
પદ ગાશે વધરનવ વીચારી. શામ૦ ૪

ગરબી ૯ મી.

ઓ જસોદાજી આવડો લાડકવાયો લાલ ન કીજીએ;
ચાલો ત્યાં ગુધી સુતના પ્રેમ ચરિત્ર દેખાડી દીજીએ. ટેક
વાલે કાઉતક કીધું મંદીરમાં
એણે માખણ પેંડા લીધા કરમાં
એણે માંકલડાં ઘાલ્યાં ઘરમાં ઓ જસોદાજી, ૧
વાલો સંતાડ્યાં શોધી કાડે
હોય ઉંચા પણ હેઠાં પાડે;
એતો ખાય ખવરાવે ને વણુસાડે. ઓ જસોદાજી ૨
વાલો સુતાં બાળકનાં અંગ મોડે,
મારાં બાંધ્યાં વછોરે છોડી મેલે;
દધી ગોરસ દુધ ચકી ફોડે. ઓ જસોદાજી ૩
રથા પ્રિતમના સ્વામી રશીયા,
દધી ગોરસપર આવે ધશીયા;
ધન્ય ભાગ્ય અમાર વ્રજમાં વશીયા. ઓ જસોદાજી ૪

ગરબી ૧૦ મી.

ઓ છોગળી અંબોડા ગુંથાને વાંકો મેલ તું,
તું મુકીદે વાલ્લ્ભનું તારૂં રંગમાં રેલશું;
તું વરણાગીમાં છે વાંકી, તને તને મારગ જાતાં મેં ઝાંખી,
તુ સમજી લેને જન આરીશુંથી — ઓ છો૦ ૧
શણગાર સજી આવોને તમે, મારા મનમાં ભાવોને;
તમે કોઇ સંપાથે કાનીને — ઓ છો૦ ૨
તારો લટકો જોઇને લોભાયો, હું નંદ જશોદાનો જાયો;
સખી દયા પ્રિતમને શેવાયો.

ગરબી ૧૧ મી.

તમને શું કહીયેરે, કામણગારા છો;
ગોપીજન વલ્લભરે પ્રાણ હમારા છો,
પુછુંછુ તમનેરે સાચું કહો અમને;
મારા સમ મોહનરે નહી ભુલુ તમને,
હઇયાપર હાજરરે, ખાંતે ખુપ્યા છો,
તમ સરખા જીવણરે કાંઇ પેક ધુત્યા છો;
આ દુરબળ રાતારે, ચંદન ચળકે છે,
મુખને તંબોળેરે લલાટ લટકે છે,
આ તે શું અચરતરે આવા શેજડીયે;
રણછોડના સ્વામીરે અચરતની ઝડીએ,

ગરબી ૧૨ મી.

વારૂં છું વાલમાં અમને અડશોમાં,

વાટેને ઘાટેરે અમને વઢશોમાં,
અમે વહુ વારેરે લાલા લાજ ભર્યા;
બોલતાં બીજેરે કયે કેદ કર્યાં,
સાસુડી સુણશેરે નણુદલ નાની છે,
પ્રીતલડી છે પણુરે તમશુ છાની છે;
જો જણાવોરે આવડાં વાલાજી,
તમે કોના કુંવરરે, કહો અમને લાલાજી,
પાળેલાં કહીનેરે સઉકો સાદ કરે,
એમાં શા તોલજરે, પરઘેર પેટ ભરે.
મનગમતા કીધાંરે લજ્યા લોપીને,
રણુછોડના સ્વામીરે, ધન્ય આ ગોપીને.

ગરબી ૧૨ મી.

આવના આવના આવનારે શામ મેરી ગલીમે આવના;
આવના તો દુરશે બતાવનારે શામ મેરી ગલીમેં આવના
તેરેરે ખાતર બાગ બનાયારે, ફુલેકુ હાર ગુથાવનારે. શા૦ ૧
તેરેરે ખાતર દહી જમાયારે, પ્યાલા ભરી પાવનારે શા૦ ૨
શેવ સુવાળી લાવશારે, રૂચી રૂચી ભોગ લગાવનારે. શા૦ ૩
લવીંગ સોપારીને એલચીરે, પાનુકી બીડીયાં ચાવનારે શા૦ ૪
બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરકમળ ચીતલાવનારે.

ગરબી ૧૪ મી છેલની

હાંરે અલ્યા વાંકી ન પહેરીએ પાઘડી,
હાંરે તારી પાઘડી પાડુઓ ખવરાવશેરે વેગળો રહેને વર૦
હાંરે અલ્યા નેન કટાક્ષ નવ નહિ કીજીએ;

હારે તારાં નેણુલાં તે મેણુણા મરાવશેજી વેગળો૦ ૧
હારે અલ્યા બંગી લેલાટ નહી લેખાએ,
હારે તારી બંગી તે કુઢગીમાં કઢાવશેજીરે, : વેગળો૦ ૨
હારે અલ્યા પાન બીડાં નહી ચાવીયે,
હારે તારાં પાન તે ભાન ભુલાવશેરે; વેગળો૦ ૩
હારે અલ્યા વગર વિચારયું નહી બોલીએ,
હારે તારૂ તોલ બોલવા થકી થશે જીરે. વેગળો૦ ૪
હારે અલ્યા વિશેષ કેશ ન વધારીયે
હારે તારા કેશ તે વેશ ભગ્નવશેજીરે; વેગળો૦ ૫
હારે અલ્યા કડકડતાં કેડીઆં ન પેહેરીયે,
હારે તારાં કેડીયાંતે બેડીયાં ઘલાવશેજીરે; વેગળો૦ ૬
હારે અલ્યા વેઢે મઢીશ નહી આંગળાં,
હારે જશે વેઢ બનીશ ઢેડ જોશે જાંગલાજીરે; વેગળો૦ ૭
હારે અલ્યા હિરકોરી ધોતીયાં ન પેહેરીયે;
હારે તારા ધોતીયાં તે ધુસ ઘલાવશેજીરે. વેગળો૦ ૮
હારે અલ્યા ચમચમતી મોજડી ન પેહેરીયે,
હારે તારી મોજડી તે રોઝડી કરાવશેજીરે, વેગળો૦ ૯
હારે અલ્યા ખભે દુશાલા નહી નાંખીયે;
હારે તારા દુશાલા તે નામ ડુબોવશેજીરે. વેગળો૦ ૧૦
હારે અલ્યા અત્તર ફુલેલ નહી વહોરીયે;
હારે તારી ફુલેલ તે તેલ કઢાવશેજીરે. વેગળો૦ ૧૧

ગરબી ૧૫ મી.

મારૂ શોનાંનુ છે બેડું રે, છેલ છબીલા છોગાળા

મારી રૂપાની ઉઢાણીરે, છેલ છબીલા.
હું તો સરોવર પાણી ગઇતીરે; છેલ છબીલા.
અને કાળે બળદે મારીરે, છેલ છબીલા.
મારા આછા સાળુ ફાટયારે, છેલ છબીલા.
આ ગોકુળ ગામના દરજીરે, છેલ છબીલા.
મારા આંછા સાળુ રોરે, છેલ છબીલા.
મારી સાસુ ન જાણે શીવ્યારે, છેલ છબીલા.
મારી નણુંદ ન જાણે ઓટયારે, છેલ છબીલા.
મારી જેઠાણી ન જાણે ટાંકયારે, છેલ છબીલા.
તારા સાંધવાને સવૈયોરે, છેલ છબીલા.
તારા ઓટયાનો દૈયોરે, છેલ છબીલા.

ગરબી ૧૬ મી.

નારારે સ્વાની બોલોને વાલા,
જશોમતી નંદ તણા લાલા, મારા૦ ટેક.
ઘેલીરે થઇને ગોકુળમાં ભમતી,
બીજારે કોઇની વાતો નથી ગમતી. મારા૦ ૧
એવીરે તમને કોણ મળી ધુતી,
જેણેરે તારૂ ચીતડું લીધુ લુટી, મારા૦ ૨
વાલારે તારી વાટલડીરે જોતી;
આંસુડાં ભરીભરીને રોતી, મારા૦ ૩
સુંદારે લોકે ભરમાવ્યારે તમને,
તેથી તમો મળતા નથી હમને, મારા૦ ૪
વાલારે તમને કશું નહી કહીશું,

મોહન તારી મરજી મુજબ રહીશું. મારા૦ ૫
ઝાઝુરે હવે શું કહીએ તમને,
મોહનવર મેહેર કરો હમને, મારા૦ ૬
એવું સુણી આવ્યા ગીરધારી,
દીધુ આલીંગન ત્યાં મોરારી. મારા૦ ૭

ગરબી ૧૭ મી મેંદી વિશે.

મેંદી મેદી શું કરોને મેંદી મોટાં ઝાડ;
એક ડાળુ હલાવીએ તો, ડાળા હાલે ચાર, સહીયર.
મેંદી લેશોરે.

મારા સાસુએ એમ કહ્યાં જે વાંસીદાં વાળી મહેલ;
મેં ભોળીએ એમ સાંભળ્યાં જે કચરા વેરી મેલ.
મારી સાસુએ એમ કહ્યાં જે પાણી ભરી મેહેલ;
મે ભોળીએ એમ સાંભળ્યાં જે બેડાં ફોડી મેલ. સહીયર
મારી સાસુએ એમ કહ્યાં જે રાંધણું રાંધી મેહેલ,
મારી સાસુએ એમ કહ્યાં જે રોટલા ઘડી મેહેલ;
મેં ભોળીએ એમ સાંભળ્યા જે કહલેડાં ફોડી મેહેલ.

ગરબી ૧૮ મી ફકીરીની.

સેતાં ફકીરી કયા દીલગીરી, સદા મગનમે રહેનારે. ટેક.
કોઇ દીન પેંડા કોઇ દીન બરફી, કોઇ દીન ફકમ ફકારે. સેતા૦
કોઇ દીન હાથી કોઈ દીન ઘોડા, કોઇ દીન પાંઉસે ચલનારે,
કોઇ દીન બંગલા કોઇ દીન બગીચા, કોઇ દીન જંગલ ડેરારે.

ગરબી ૧૯ મી ચોરના બેસણાની.

હાંહાંરે કે ચોરાં છાબનીઆ, હાંહાંરે કે બેઠક મોટાની,

હાંહાંરે કયા ભાઇ બેઠા છે, હાંહાંરે જીવણભાઇ બેઠા છે.
હાંહાંરે મોડાને પાન આપે, હાંહાંરે કે પાન આપતાં વાર લાગી;
હાંહારે કે સોટીઓ સાત મારી, હાંહારે કે ટપલા ત્રણ માર્યાં,
હાંહાંરે કે ઢીકા નવ માર્યાં. હાંહાંરે કે સાયબા શા માટે,
હાંહાંરે કે તેણે મને મરાવી.

ગરબી ૨૦ મી ખતરણની.

ખતરીવાડાની ખતરણ લાલ હંબોડારે;
ખતરણ આવી બેઠી ગોખ લાલ હંબોડારે,
તે તો મોડાતીની થાક લાલ હંબોડારે,
ભાઇ છાના પેંડા લાવે કે લાલ હંબોડારે,
પેલી ખતરણને ખવરાવે કે લાલ હંબોડારે,
મોહ છાતી બારીએ બેસી રૂએ કે લાલ હંબોડારે,
એની સાસુ આંસુ લુંછે કે લાલ હંબોડારે,
વહુઅર આવડી શી છે પેર લાલ હંબોડારે,
ખતરણ કાલે જાશે ઘેર લાલ અંબોડારે,
આપણે કરીશું લીલા લેહેર લાલ હંબોડારે.

ગરબી ૨૧ મી.

અચકો મચકો કારેલી
તમને કઇ વહુ ગોરાં ગમશે લાલ અચકો મચકો કારેલી
અમને રૂખી વહુ ગોરા ગમશે રાજ અચકો૦
એ ઠીંગણીને શું કરશો રાજ, અચકો૦
એ ઠીંગણી કામણગારી રાજ, અચકો૦
એને ઉંચી ઉંચી મેડીએ બેસાડીશું રાજ, અચકો૦

એને ટોપમો પરાણું માલશું રાજ, અલબેલો૦

ગરબી ૧ લી.

સુણ ચતુર સુજાણ પરનારી શું પ્રીત કદી નવ કરીએ
જેણે પ્રીત કરી પરનારી તણી એને ઉંધે રૂપણ પણી.
એણે કુળની લજ્જા કાંઇ ન ગણી સુણ૦ ૧
તમે પહેલાં મળશો દુરીને તારૂં સરવશ લેશે ધુતીને.
પછી રહેશો અંગ બળતીએ. સુણ૦ ૨
તમે બેટા મુકો મરડીને તારૂં કાળજું ખાશે કરડીને.
નહી મુકે શ્વાસ આંનરડી. સુણ૦ ૩
તને પ્રેમના પ્યાલા પાઇને તારૂં સરવ લેશે વાઇને,
તને કરશે બોખું ખાઇને. સુણ૦ ૪
પ્રીતમના સ્વામી છો પ્યારા તમો ગોપીઓ કરે કાલાવાલા,
તમે કરશન દેનો મોરલીવાળા.

ગરબી ૨૩ મી.

ગરજીરે તમને દીઠા તે ગીરધારી
મતલબ બીયા છો મોહન મોરારી ગરજી૦ ટેક.
માને માયા લાગી છે તારી
મારે મન ઝાઝી છે મોરારી;
વાલારે મને શા માટે વિસારી ગરજી૦ ૧
પેહેલીરે મને ખબર આવી પડતી
એની સાથે પ્રીત નહીરે કરતી
વાલા તો મને મેલી ગયા રડતી ગરજી૦ ૨
મેતોરે જાણ્યું જાણું તે દુધ હશે

તેનેરે ખો વાહી મને છાશે
રહીતી હું તો તારે વિશ્વાસે ગરજી૦ ૩
જસોદાના કાન તમેરે કાળા,
અમારે બહુ આંખ્યો તણા ચાળા.
તે પર હું તો મોહી છું નંદલાલ ગરજી૦ ૪
હવેરે હરજી ગણું ગયુ ગીરધારી,
ક્ષમા કરો ચુક થઇ છે મારી.
થઇને રહીશું દાસી હુ તમારી ગરજી૦ ૫
પ્રીતમના સ્વામી મને મળીયા,
દુઃખરે મારાં જનમ તણાં તળીયાં.
ગોપીરે સહુ આનંદથી મળીયાં, ગરજી૦ ૬

ગરબી ૨૪ મી.

નહી મેલુરે નંદનાલાલ છેડલો નહી મેલું.
તારે છંડલે ચંપા છેડલો નહી મેલું ટેક
સાત પાંચ ગોપીઓ ટોળે મળીને વચમાં કાનડ કાળોરે
કાળો છે પણ કામણગારોએની આંખડીનો ચાળો છેડ૦ ૧
વાંકી મેલ પાઘડીને કાને જુઠાં મોતીરે;
જેનો વર વરણાગીયે હેની બાયડી હઇડે રોતી છેડ૦ ૨
કંકુડાની ડાબડીને માહી ભરી છે મેશરે;
જેનો વર વરણાગીયો તેની બાયડી કાળી મેસ; છેડ૦ ૩
ભાાં પીરસું કાનરીયાને આંબા પીરસુ ધોળીરે;
મન ભાવતો મગદળ પીરસુ પુરણ પોળી છેડ૦ ૪
અંબાઇની ઉંચી નારી ઘોળકડી ધુતારીરે;

નઈઆબાદનું નામ રીડાવ્યું શોરઠની બલીહારી   છેડ૦ ૫

ગરબી ૨૫ મી.

કાળજડું મારે કોર્યું છેલ છબીલા;
તે તો ચીતડું મારે ચોર્યુંરે રાજ રંગીલા;   ટેક
વાલાજી આંઃ ગોરી મહુ ગુમાને ભરેલી,
તેં તો સંગ નાંખ્યું ઠોળીરે   છેલ છબીલા ૧
વાલાજી રીંત તો ઓના પુરષને પીરે.
તું સહુને દમનો ઢીંડેરે,   છેલ છબીલા. ૨
વાલાજી નરની મોહની નારીને વાત સાચી;
તુજ આગળ ત્રિયા કાચીરે;   છેલ છબીલા ૩
વાલાજી આપણા આતુર પણુ આતુરતા નર હોય.
ક્રીડા જંગ કરી નાંખરે   છેલ છબીલા ૪
વાલાજી મારા ચીતડાની વાત કહુ છું છેલી;
તુજ માટે લાજ્યા મેડેલીરે   છેલ છબીલા૦ ૫
વાલાજી મારા દયાના પ્રભુ મંદીમાંરે આંના ભાગ્ય મોટું
બેનડી પાય પલોટુ રે   છબીલા૦ ૬

ગરબી ૨૬ મી.

મને મળીયા તે મોરારીરે પનઘટ જાતાં.
મારી આંખલડી તો ઠારીરે, પનઘટ જાતાં   ટેક
વાલાજી મારા ઓચીંતાની આવીરે ગોરી;
જુમનાની તીરે ઓડીરે પનઘટ જાતાં.   ૧
વાલાજી મારા આવી ઉભા છે મારા જોડે,
બેરલીયું મારે ફોડેરે પનઘટ જાતાં.   ૨

વાલાજી મારા હાર હજારીનો તોડયો;
મારો પોચ્યે સાહીને મોડયોરે પનઘટ જાતાં. ૩
વાલાજી મારી સાસુડી ઘેર સતાવે;
મારી નણદી બહુ રંજાડેરે પનઘટ જાતાં ૪
વાલાજી મારા રવીદાસના છો રંગી,
મારા જનમો જનમના સંગીર પનઘટ જાતાં. ૫

ગરબી ૨૭ મી.

અમને છમકેલ શું છાંડોરે છેલ છબીલા.
આવડો અમ ઉપર શું આડોરે રાજ રંગીલા ટેક
વાલાજી મારા ચઉટે સંભાળીને ચાલો;
ગોવીંદજી ખાશો ગાળોરે છેલ છબીલા. ૧
વાલાજી મારા હેરણીયા આવીને શું હેરો,
કાંઇ રાજ કંસ કેરેરે છેલ છબીલા. ૨
વાલાજી મારા ચમકતી ચાલે રંગ લાગ્યો,
મારે ભય તો સહુનો ભાગ્યોરે છેલ છબીલા. ૩
મહીની મટુકી મારી ફુટે,
કાંઇ મોતન માળા તુટેરે છેલ છબીલા. ૪
વાલાજી મારા આંખ દીસે છે કામણગારી,
તેને મોહી છે વ્રજની નારીરે છેલ છબીલા. ૫
વાલાજી મારા સ્વામી રવીદાસના સોહાગી,
મને પ્રીત તમારી લાગીરે છેલ છબીલા.

ગરબી ૨૮ મી.

પાતળીયા વાલમ મેલોરે પાયે પડુછું;

છબીલા છેડા મેંતોગ પાયે પડુછું; ૧
વાલાજી મારા વંદ્રાવન વણજે જાનાં
શીદ મને ઓડાછોરે પાયે પડુછું. ૨
વાલાજી મારા ઝલકારી મારૂ
કોઇ જાઇને કહેસે જુઠુરે પાયે પડુછું ૩
વાલાજી મારા કામ ઘણું છે ઘેર મારે;
શુ રોકો જાુમના આગેરે પાયે પડુછું ૪
વાલાજી મારા લોક જાણે એવું લારે
અમે સાસુની વહુવારેરે પાય પડુંછું, ૫
વાલાજી મારા કથને કપરો જાણો,
કાંતે સજા દે પરમાણોરે પાયે પડુંછું ૬
વાલાજી મારા સ્વામી સ્વીદાસના શોભાગી;
અને માયા તારી લાગીરે પાયે પડુછું. ૭

ગરબી ૨૯ મી.

કાંચલડી કંડોડીને વાકડીમાં પાણી
નહાનો વર નવડાવા બેઠી સમડી લઇ ગઇ તાણી,

લાજ કેમ કરીએ. ટેક

મારે કરમે કજોડું લાજ કેમ કરીએ.
મારે જાુગમાં વગોણું લાજ કેમ॰
મારે સહીરોમાં મેણું લાજ કેમ॰
ટોપલામાં ઘાલી હું તો કાકાબળીયા ગઇતી,
કાકબળીયે પુછ્યું તારો શો સગો લાગે લાજ કેમ॰
બાપજીનો બેટડોને નણદીનો વીરો.

ન્હાનો છે પણ કંથ લાલ કેમ૦
રોટલાં ઘડું તારે ચાનકી માગે;
ધબ લઈને ઢીકા મારે બઇડામાં સાલે લાલ કેમ૦
પાણીડાં જાઉ તારે વળગ્યો આવે,
ધબ લઈને ઢીકા મારે તે હઇડામાં સાલે લાલ કેમ૦
હાથ પગ દોરડીને પેટ મોટું ગોળા;
ઉકરડે જઇ હગવાં બેસે સગડી પાડે ટોળી લાલ કેમ૦

ગરબી ૩૦ મી.

સોના કેરૂ બેડલુ મેં રૂપેલા ઉઢાણી હાથે મોહન૦
સરોવર પાણી સંચર્યોમેં કાને કાંકર નાંખીયો, મો૦
ઘડો ફુટયોનીર વહી ગયાંમેં વાલાચોદેશ ચાલ્યા નીર મો૦
સાસુ એ મારી ખીજશે મેં નાગુદલ દેશે ગાળ મો૦
દેરાણીજેઠાણી મેણાં મારશે મેં વાગા સોકયનું છે ઘેર સાલ મો૦

ગરબી ૩૧મી.

ખેલતાં કાંકણી જાગી હો રશીયા.
સોનાં તે કેરૂ મારૂ બેડલું હો રશીયા રૂપલા ઉઢાણી હાથ ખે૦
વાટે જતાં વટેમારગુહો રશીયા ભાઇવીરા ઘડુલો ચડાવ ખે૦
તારે ઘડો તે ગોરી તોછડો હો રશીકા તુંનો મારા ઘરની નાર ખે૦
તારા સરખા તારા જેવડા હો તેતો મારા બાપના ગુલામ ખે૦
કેડ મરડીને ઘડો મેં ભર્યોરે હો તુટી મારી કમખાકસ ખે૦
ભાઇ દરજીડા વીરા વીનવું હો ટાંક મારી કમખ કસ ખે૦
ટાંકે ટાંકે મેલ ઘુઘરી હો હઇડે લખજે મોર ખે૦

ગરબી ૩૨ મી.

જી ઝુલવાને આવો રોજ. ટેક૦
શ્રી ચંદ્રભાગાજીના બાગમાંજીરે ઝુ૦
ધારો છો તે વાત આજ લાગમાંજીરે ઝુ૦
મલ્યાં રાધીકાને ચંદ્રાવળીજીસે ઝુલ૦
મિસલત કરીએ બે એકઠાં મળીયેજીરે ઝુલ૦
ત્યાંતો વાટડીમાં હીંડોળો મંગાવીએજીરે ઝુલ૦
માહી પ્રાણજીવન પધરાવીએજીરે ઝુલ૦
ધમર ઘટા છે ઘણી વૃક્ષનીજીરે ઝુલ૦
ન્યુનતા નથી એક પક્ષનીજીરે ઝુલ૦
લલિતાનાં વચણ સુણી છેલડોજીરે ઝુલ૦
તતક્ષણ પધાર્યા અલબેલડોજી ઝુલ૦
હીંડોળે બેઠાં છે બને બેલડીજીરે ઝુલ૦
ઝુકી ઝુકી ઝુલાવે સાહેલડીજીરે ઝુલ૦
વીવીધનાં વાજીંત્ર વેણા વાયછેજીરે ઝુલ૦
નૌતમ નારી હિંદોળા ગાયછેજીરે ઝુલ૦
રસ તણો સમુદ્ર લેરાં ખાયછેજીરે ઝુલ૦
તેમાં દાસ દયો ગુણ ગાયછેજીરે ઝુલ૦

ગરબી ૩૩ મી.

ઊંદર કેર કરે છે રે દુખડાં કોને કહેવા જઈએ,
અમને નીત્ય નડે છેરે ઘરમાં કેમ કરીને રહી ટેક
દુર મધેથી દોડી આવે બિછાના પર બેસે,
ફુકી ફુંકી ચાંચજ મારે ના ખબર તેની રેછે. ઊંદર ૧

ચાર પહોરની રજની માંહે એક ઘડી નવ જંપે,
નિંદ્રામાંથી જાગી ઝબકી તવ મારી કાયા કંપે ઊંદર ૨
પોથી પુસ્તક કાપી નાંખ્યાં બાકી ન રાખ્યું એક
ઝાલી ઝાલી થાકી ગયો પાર ન આવ્યો છેક. ઊંદર ૩
ધોતી પોતી કાપી ખાધી, દોરી કાપી આખી;
અબોટીયું અંગરખું કાપ્યું, તેના સુરજ સાખી. ઊંદર ૪
જળ પીવાનું બોટી ગયાને. તેલ ઢોળી દીધું;
બરણીયાં બાકી રહ્યું તે, સરવે મળી પીધું. ઊંદર ૫
ચુંચું ચુંચુ ચિસો પાડી, લીંડી ઝાઝી પાડે,
ઢંઢેરીર હાલે તારે દોટયો ઝાઝી કાડે. ઊંદર ૬
ગણપતિને ચોથ કહીયે, તે કરતાં નથી ચુકયા,
લચ પચના લાડુ કરી, ઉંદરમામાને મુકયા. ઊંદર ૭
દીવો જો બળતો રાખુંતો દીવટ તાણી ખાય,
એમ કહીને ઉંધી ગયા તો, લકા જેવું થાય. ઉંદર ૮
જે દીવસના ગામ ગયાતા, તે દીવસના ઘરમાં પડીયા;
કોઠી પેટી કાપી ખાધી, એ રીતે મુને નડીયા. ઊંદર ૯
પાંજરા મુકી મુકી થાકયો, તોએ ઝાલ્યા નવ ખુટે;
ખાવાનું ઉઘાડી નાંખી, જાણે ગોળનું ગાડું લુટે. ઊંદર ૧૦
એ પશુને શું કરીએ, મને રીસ ગઇ છે વાપી;
માળા મારી ફેરવવાની. ગૌમુખી સુધાં કાપી. ઉંદર ૧૧
નીત નીત દુઃખડાં અમને દેછે, કયાં જઇ એ ઘર મેલી નાસી;
ભકત પીતાંબર એમ કહે, એને મળજો વાઘની માસી. ઊંદર ૧૨

ભાગ ૭ મો.

ગરબો.

(પુનમચંદની એ રાગ.)

બેહનો પ્રતિવ્રતા નીજ ધર્મ તમે સ્વીકારજોરે
રહેતા પતી સેવામાં હાજર દીનને રાત
પામો મુકતી પદને સુખ ઘણું સંસારમાંરે પામો ૧
સત્ય વચન સૌ બોલજો નીજ પતિની સંગાત
સાસુ સસરા સર્વેને સાચી કહેજો વાત
રાખી નમ્રતાને માન થકી બોલાવજોરે
વરતી સદગુણથી રાખો મને પ્રસન પામો ૨
નેત્ર નેહ નવ રાખશોરે પરપુરૂષની સાથ
પિત્તા પુત્ર ગણી તેહને બોલો સૌ સંગાત
ઠઠા મસ્કરી કરીને બહુ નવ બોલવુરે
વળી એકાંતે નવ કરવો ગુપ્ત વિચાર પામો ૩
દાગીના નવ પેખવા નિત જોવું પતી મુખ
સદગુણમાં રહેજો તમે અક્ષય પામો સુખ
લડવું વઢવું ને ગુસ્સાથાં કદી નવ બોલવુંરે
રહેવું સંતોષે જે આપ્યું છે જગદીશ પામો ૪
પતી પ્રકૃતી હોય જો અગ્નિ કેરી ઝાળ
સંતાપ બુઝાવશો સામો નાવે કાળ
હસવું રમવું તે સુખેથી દીન ગુજારવારે

તેથી થાશે સૌ કુળનું કલ્યાણ પામો ૫
ધન સંપતી વાસના પટકુળ જુદા રંગ
સર્વ રંગટ જાણજો ધરજો સદગુણ સંગ
મળશે પરમેશ્વર આપે મુકતી ફળ સાતમાંરે
કહે લક્ષમણ ગણપત હેને ધરી મન હોંશ પામો ૬

સેવર સુખકર સંસાર, શીયલ ભુશણ સજીએ
એ વીણ નીગુણા નરનાર તનમનથી તજીએ
પર નર નારી પ્રેમ દીપકમાં પડી પતંગ સમાનરે
સુજસ શરીર સળગાવી મુકે, કંઇક નષ્ટ નાદાન-
અવર અખંડીત અંગ અનુપમ, નહી મળે એક નાકરે
શીયળ વીનાં એવા સદગુણ સહુ. જેમ સોમલ સંપાક-
વ્યભીચારીને સઉ સંસારી, કરે અધીક ધીક્કારરે
પરપોળે પકડાતા પડીયા, મહોટા જનને માર—
જાય કરમથી જેહ જગતમાં, કરે કલંકીત કુળરે
અક્કલમાં અંગારા ઉડયા, ધર્મ કરમના ધુળ—
વેર વીરોધ વધે વ્યભીચારે, નીશ્ચય ધનનો નાશરે
શિવસુત કેશવ શીયળવંતના દેવ સરીખા દાસ

સખીઓ નીજનીજ નીતી ધર્મ સદા સંભાળીએરે;
પરમ પવીત્ર પતીવ્રત પટકુળ કરી પરીધાન,
સાસુ સસરા માત પીતા પીનાની શેવા સાચવોરે;
ભાવ સહીત ભક્તીથી નીત ભજીએ ભગવાન;
એવા ઉત્તમ ગુણથી ઉભય સુકુળ અજવાળીએરે. ૨૯

નજરે નજર ન જોડીએ નાથ વિના નર સાથ,
પરનરને નવ આપીએ, તાળી હાથોહાથ
હસવું રમવું એકાંતે નવ બેસવુંરે,
પતી વીણુ પતીના સદ મીત્રોની શંગાથ—એ૦
નાથ વીના કરવી નહી, વીનોદ રસની વાત;
વીશ્વ વીરૂદ્ધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાંત,
સજ્જની ભ્રષ્ટ થવું નહીં સુધરી સદ આચારથીરે,
નીરલજ્જ નખ્ખટની સોબત તજ્જની સુજ્જાત—એ૦
કુટી કદરૂપ કુબડો, નીરધન નીરબળ કાય,
ગતીહીન પતીત પતી મળે, એ સતીને સુરરાય;
જોડી પગ અંગુઠડે, દ્રષ્ટી આખુ ઓઢીએરે,
સુખકર સાધ્વીએ સૌ સાથે સંપ સદાય—એ૦
ઉંચે સ્વરે ન ફિચરવું મુકીને મરજાદ,
કુલીન બહેન કરવો નહી વડીલથી વીવાદ,
ચંચળ ચાલે ચતુર ચટક મટક નવ ચાલીએરે,
શીવસુત કેશવની શીખામણ અંતર યાદ—એ૦

વીંછી વિષે ગરબી.

અરરર માડીરે છાણાં ને વીણવા જઈતી — મા૦ વી૦
અરરર માડીરે સોબત સઈની થઈતી — મા૦ વી૦
અરરર માડીરે છાનો માનો લપાયો — મા૦ વી૦
અરરર માડીરે વાંકો વળી ડંખ મારો — મા૦ વી૦
અરરર માડીરે નાસતાં તેને બાળ્યો; — મા૦ વી૦
અરરર માડીરે આ થી લહેરો આવી — મા૦ વી૦

અરરર માડીરે સસરાને તેડાવો મા૦ વી૦
અરરર માડીરે સહીયર તેડી લાવો મા૦ વી૦
અરરર માડીરે સસરાને તેડાવો. મા૦ વી૦
અરરર માડીરે પડદા બંધાવો. મા૦ વી૦
અરરર માડીરે સસરા અહીં યા આવે. મા૦ વી૦
અરરર માડીરે ગાડી બેસવા આવે, મા૦ વી૦
અરરર માડીરે કાળુપુર લઇ ચાલો, મા૦ વી૦
અરરર માડીરે વીંછુડો ઉતરાવો, મા૦ વી૦
અરરર માડીરે વીછુડે વેર વાળાં, મા૦ વી૦
અરરર માડીરે હરખ હઇયાના ટાળાં મા૦ વી૦
અરરર માડીરે ભોજનીયાં ન ભાવે, મા૦ વી૦
અરરર માડીરે સુતાં નીદ્રા ન આવે, મા૦ વી૦
અરરર માડીરે ઓરડામાં ઢોલીયા ઢસાવો, મા૦ વી૦
અરર માડીરે પરણ્યાને બોલાવો, મા૦ વી૦
અરરર માડીરે શીરાને કંસાર કરાવો. મા૦ વી૦
અરરર માડીરે પરણ્યો કોળીયા ખવરાવે મા૦ વી૦
અરરર માડીરે વીંછીની વેદના ભારી, મા૦ વી૦
અરરર માડીરે વીતે તે સહુ જાણે, મા૦ વી૦
અરરર માડીરે ગાયુ તેવે ટાણે; મા૦ વી૦
અરરર માડીરે ચકાલાલે ચીત ચાહ, મા૦ વી૦
અરરર માડીરે ગરબી રસીક ગાઇ. મા૦ વી૦

માંકણીની ગરબી.

માંકણ કહેરે છે માંકણે માંડયો ઉતપાત માંકણ કહેરે છે.

હવે કોને કહીએ વીત, માંકણ કરડે છે,
હવે ક્યાં જઇ રહીયે રાત, માંકણ કરડે છે. ટેક.
માંકણ ચાંચળ જુ જતીને, ગારાનું બહુ પાપરે,
આડખી રાતે ભગવત સમરાવે, માકણને પરતાપ, માં૦ ૧
નવી વહુને માંકણ કરડયા, કરડયા સારી રાતરે.
ખાટલે પાસા ઘરી ઘરીને, ખરડે પાડી ભાત. માં૦ ૨
ભીખાભાઇ ને માકણ કરડયા, ચટકે ચડી રીસરે,
ખાટલો ખંખેરવા કહાડયો, ભાગી નાંખી ઇસ, માં ૩
માંકણ મુવા ગરતીખોરા, આવે સારો લાગરે.
દીવાનું દીવેલજ ખુટયું, તોય ન આવ્યો પાર. માં ૪
એકને મુરી બાજે ઝાલો, તીજે નાસી ગયોરે;
ઉતાવળથી ઝાલવા ગઇ તો, દીવો રાણો થયો, માં૦ ૫
આખી રાત વેણી મુવા પણ તોય ન ઓછા થાયરે;
કાંઇ ખાટલાના પઇપાગાંને, રઇ ભીતોમાં જાય, માં૦ ૬
વેણ્યા વીના વધી જાય, પછી ન આવે પારરે,
એક જો છત જીવનો હોય તો, તેનો થાશે વીસ્તાર માં૦ ૭
ખાટલા ખખેરીને ગોદડાં તડકે નાંખોરે;
બીને જો માંકણ જતા હોય તો તે નજમા રાખો, માં૦ ૮

વાંદરાની ગરબી.

નવે નગરથી વાંદરોરે આવ્યો,
કહાભાઇનુ ઘર પુછતોરે આવ્યો,
મોઢાતીએ દીધાં માનરે વાંદરા,
નવડાવી ધોવરાવીને પાટલે બેસાડયો.

આંખજ આંજીને ટીલડો તાણ્યો,
એટલે આવ્યા દહયાબાપરે,
ફટ ગધેડી વાંદરો શું ઘાલ્યો,
ફું રૂપાળો વાંદરો શું ઘાલ્યો;
ફું ડાગાળો વાંદરોશું ઘાલ્યો.

ફુવડની ફજેતી.

પાયે પ્રભુને નમી કહું ફુવડના ફેલ સર્વ લોક સાંભળો;
કાનથી કાઢી મેલ જુવો ફજેતી ફુવડ નાગની   ટેક ૧
છે ઘેલાની આંખડીને છે નાવાનુ નેમ;
આ કુંભારજા કરમે બાગી ઘર ચાલે તે કેમ   જુવો ૨
સાસુ દે શીખામણ ત્યારે, સામી વઢવા લાગે.
સખી સાંજે સુવે ત્યારે પોર દીવશે જાગે.   જુવો ૩
પોર દહાડે પડી ન ઉઠે ઉપડી ન કરે ખાટ,
થાળીઓ એની ઠીકરી જેવી લોટે વળેલો કાટ.   જુવો ૪
ગાળીએ બેઠી છારીઓ વળી ખામણે સેવાળ;
ઘરમાં ન વાશીદુ વળે ગંદા એના બાળ.   જુવો ૫
ચોખુ દાતણ ના કરે દાંત મેલા ઘાણ;
લોક સર્વ સાંભળો જઇ કયાં કરૂ વખાણ.   જુવો ૬
બાર છોકરાની મા કેવાણી ગળતે ન આવડે પાણી;
જેવું હોય તો જોઇ લેજો ભુંડણ વીઆણી.   જુવો ૭
કાચો કરે રોટલો ને શાક બાળે ખાણ;
વેસમાં ન મીઠું નાંખે દાણુ મોળી છાણુ   જુવો ૮
રસોઇ કરીને ચોકો ન કરો ન કરે અબોક;

ઉંધે માથે ઘંટી તાણે કુતરાં ચાટે લોટ જુવો ૯
સાસુની ફજેતી ઘેર ઘેર કરતી;
સાસુ મારી સોકલડી શા માટે નથી મરતી. જુવો ૧૦
હાથે પગે મેલ વલ્યો આંગ મેલું એનું,
મુખે ભમે માંખીઓ નો કાગ ગોખું શેનું. જુવો ૧૧
મેલ ભર્યો ધાઘરેને કાળો કાળો મેશ,
ચણુમાં જુઓ પડી જાગુ કચરાણી બેશ. જુવો ૧૨
ચીટ બાઝયું ચોટલામા પડી જુવો લીખ;
જે નરે આ નાર વરી તેનું જીવત ધીક. જુવો ૧૩
કુંભ સાસુ નણુદાને ધણીને કુંભ હાલાડી:
ઓળખો નહીતો ઓળખીલેજ્યો આ કુભારજા લાડી જુવો ૧૪
પુન્ય કરે જ્યાં પાડોશી ત્યાં આડી ઉભ વાય;
અભાગીયાગત આંગણે દેખી ઘરમાં નાશી જાય. જુવો ૧૫
દે શીખામણ સ્વામી ત્યારે કુટ પડવા જાય,
લોક કેરા ચોકમાં ફજેતીઓ લુટાય. જુવો ૧૬
ધોકે ધોકે ધણી મારે નારે દે સરાપ,
જો તને હું જીવ ન આપુતો તુજ મારો બાપ. જુવો ૧૭
આવી ફુવડ દેખી ધણી બળતો બોલે આપ,
શા માટે આડો ન ઉતર્યો પરણવા જતાં સાપ જુવો ૧૮
આમ ફુવડ નાર તણા અવગુણ અદેખ;
દેનારને દોષ ન દઇએ કરમે લખ્યા લેખ, જુવો ૧૯
આવી જેને નાર મળી તેને સંતાપ;
તે પુરૂષને માથે આવી, પોચી મળીયા પાપ. જુવો ૨૦
નરનારી સહુ સાંભળો કોઇએ મા ધરશો રોશ,

દીઠી આવી હાખવી દેશોમાં મને દોશ, જુવો ૨૧
ચમનલાલ તો સાચુ કહે પ્રભાની નજર પુગે,
અનારથી ફુવેડ માથે શીંગડાં ન ઉગે. જુવો ૨૨

માણીગરની સાખીઓ.

ગરબી ૧ લી.

મોહોલે પધારો મારા રાજ માણીગર મોહોલે પધારે.
નારી જુવે છે વાટ માણી૦ મારો શો છે અપરાધ; માણી
એમ રૂદન કરે ગધા નાર, માણીગર; ટેક.
શીશો ભાગો સાંધતાં મન ભાગ્યુ કુરંગ,
મોતી ભાગ્યુ વીધતાં તેને નહી સાંધો નહી રેણુ. મા૦ ૧
સોનુ કરીને સાંટવ્યુ, કરમે નીકળ્યુ કથીર,
ઓતાનાં ચતુરાઇ ઘટે મારાં શોશે સુકાણાં શરીર; મા૦ ૨
સદા પ્રુજને પુજતી, કરતી આદીતપવાર,
ઘડી એક મોડો ઉગજે, મારો પીયુ મીલાવણ હાર. મા૦ ૩
સાહેલી સાગર ઉમટો, રતન તણાયાં જાય.
કરમકુટ ભરે મુઠડા તેના શંખલે હાથ ભરાય, મા૦ ૪
જોબન જાતાં જાણતી, કરતીજ મોંઘા મુલ,
થોડુ થોડુ રાખતી, જેમ માલણ રાખે ફુલ. મા૦ ૫
પ્રીતી એસી કીજીએ, જેસો ટંકણખાર,
આપ જલે પર રીજવો ભાગાં સાંધે હાડ. મા૦ ૬
મીત્ર મીત્ર સબકુ કહત, તાકી મીત્ર અનેક,
આપત પડે મો શીર લહે, એતો જગમા જવલ્લે એકમા; ૭

ગરબી ૨ જી.

મણીધર આવો, મારે મોહોલે મણીધર આવો;
જ્હાલા શાને લોચન લલચાવો, મારે મોહોલે મણીધર આવો.
ઘણા દીવસની ગવાઉધું જુઠી, તે આજ લહીએ લહાવો,
ન. નવ કહેશો ક્યાં કહો મળશે, ફરી અવસર આવો
મન માની મોજ માણી શુ, ફરીતો નહી ફાવો મા. ૩
જ્યારે ત્યારે પણ હું છું તમારી, શીદને તરસાવો. મા. ૪
અધર સુધારસ સુખનો સાગર આજ પીઓને પાવો, મા. ૫
સ્નેહ રાખો દયાના પ્રીતમ, માટે માહારો દાવો. મા. ૬

ગરબી ૩ જી.

વાંસલડી વાજે સાંજે આજ વાંસલડી વાજે,
વાત મારી ભુલી માં જાજે, સાંજે આજ વાંસલડી વાજે ટેક
પ્રેમ કરવુ હોય જે રીતે, તેનો ગીત વીશે ગાજે સાં. ૧
કોઇ ને ના કહેશો કદી કોઇ પુછેતો, મગ જુગને ખાજે સાં. ૨
નંદ જશોદાજી તો છે ભોળા, તેને વીવેક વાહાજે સાં. ૩
આપતો સદા સુખી છો પણ આજ સુખ માહરૂ થાજે
માગ દોષ ના વીચારશો વાલમ, દીન બંધુ શાજે, સાં. ૫
દયાના પ્રીતમ જાણી દાશી પોતાની પ્રેમ પુરણ રાજે. સાં. ૬

ગરબી ૪ થી.

ફુલી અલબેલી આવ્યા વ્યાલો, ફુલી અલબેલી.
મહે દુખ નાંખ્યું છે રેલી આવ્યા વ્હાલો ફુલી અલબેલી ટેક
શ્યામ સુંદરનું મુખ નીરખી ગોપીકા થઇ ઘેલી; આ. ૧
વિરહ ભાગી બોલાયો અંતરનો થઇ આનંદની હેલી, આ. ૨

તેમ કુબ્જી જેમ પામે રંગ મહા રત્ન મણી પેલી. આ. ૩
મહાલક્ષ્મીને દુર્લભ વરતુ તે પ્રેમે થઇ પેહેલી, આ. ૪
દયાના પ્રીતમજી સંગે રમતાં, વાધી પ્રેમની વેલી. આ. ૫

ગરબી ૫ મી.

ગીરીવરરંગ ગોપી રૂપ એક ગીરીવરધર ગોપી.
જેમ પ્રતીબીંબ સંગ રમે બાળક, એમ લીલા ઓપી રૂપ ૧
કાશીમાં મુકીને શ્રી ગોકુળમાં પ્રેમ વેલ રોપી રૂપ ૨
વ્રજ વનીતાને વશ થયા વીઠલ, વેદ વચને સોંપી રૂપ ૩
શુદ્ધ ચીત પેમરસ વા પીધો શુ થયુ પેહેરે ટોપી રૂપ ૪
દયાના પ્રભુની લલનાએ મુખ મરડયુ તને કામ વાસના કોપી

સાખીયો અને સમશાઓ.

ગોકુળીએ લેઇ ચાલ વાલા ગોકુળથી વંદ્રાવન રૂડું.
તે મુજને દેખાડ વાલા પેઇ પેઇ રાસ રમાડ વાલા
રાસ રમ્યાના કોડ વાલા જે જે શ્રી રણછોડ વાલા;
સરસ્વતી માતને વીનવું ગણુપત લાગુ પાય
અલબેલી અંબા આશ પુરજે ગુણ સેવક તમારા ગાય
વાલા ગોકુળીએ લઇ ચાલ વાલા
ત્રબા સુત રીપુ તોડોગર તામરખ અસ્વાર,
માત પીતા ભુવણુ તા વેરી સામ જુહાર વાલા
ગોકુળીયે લઇ ચાલ વાલા. (ભગવાન)
ચંદન ભરી તલાવડી, મોતીડે બાંધી પાળ
અસુરયાં પાણી સાંચરયાં રાચારાણી પાણીઆની હારવાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા,

પથર મઠી થઇ પ્રેમદા ભોજન કરતાં ગાર.
અડધુ અંગ ફરે ફુદડી તેનું એઠું સકરો ખાય વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા. (ધંટી) ૪
ડુંગર ઉપર દેર · ની ધડે સોનાર
કાનજી ધડાવે વેળીયાં રાણી રાધા ઘડાવે હાર વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા
પાંચ વેંતની પુતળી મુખ લોઢાના દંત,
નારી સંગે નીત રમે તમે ચતુર વિચારો ચંત વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા (સાંબેલુ) ૬
કુવા ઢાંકણુ ઢાંકણુ ખેતર ઢાંણુ વાંડ
બાપનું ઢાંકણુ બેટડો ઘરનું ઢાંકણુ નાર વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા. ૭
લંક લપેટણુ શીત હરણુ નહી લંકા પતી રાય.
જીસ કારણુ કઉરવ હણ્યા મોકલાગો મારા નાથ વાલા
ગોકુળીએ લઇ ચાલ વાલા (ચીર) ૮
મગ ગગ જેવડાં મોતીડાં આકા અવળાજ વેહ,
જુવા માબાપનાં છોરવા, તમને આવડો શો સ્નેહ વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા, ૯
સોપારી જેવડું સારંગડુ તલનો ત્રીજો ભાગ;
એ સારંગડે બે રત્ન ગળ્યાં એક ધરતી બીજુ આભ.
વાલા ગોકુળીએ લઇ ચાલ વાલા. (આંખની કીકી) ૧૦
ડુંગર ઉપર દેયડી ઉપર કલાયલ મોર,
સજા તારા મેહેલમાં મેં તો દીઠું અંધારૂં ગોર વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા, ૧૧

અંત જેવડી વરખડી ને ઢાલ જેવડું ફુલ,
કાચા ફસળ ઉતરે તેનુ પાકે થાયે મુલ વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા, (કુંભારનો ચાક) ૧૨
ખંભાતી ગાડાં જોતરાં મહી ભરયુ છે હીર,
પિયુજી હોયતો મુલવે સારા ફાટી ગયાં છે ચીર વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા, ૧૩
નગરમાં નાગી ફરે, વનમા પહેરે ચીર,
તે તો તમે લાવજો મારી સગી નણદના વીર વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા (સોપારી) ૧૪
ખંભાતી ગાડાં જોતરા મહી ભરા દાંત,
વીરજી હોય તો મુલવે, મને રાતા ચુડાની ખાંત વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા,
ગાય વીયાણી ગાંદરે, વાછરડું વાડા માંહી.
દોનારી ઝુલે પારણે તેના છોરૂડા લશકરમાંહી વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. (બંદુક) ૧૬
આંબલી ગડ ચીકણી, ઢુકા ઢુકા પાન,
પેઉજી બેઠા સભામાં કેને કેમ કરી કરૂં શાન વાલા,
ગોકુળીએ લઈ ચાલ વાલા. ૧૭
નારી ફીટી નર થયો, શુરા પંડ્યો ઘાય,
આઠ માસ રંગે ભોગવી, પછી નારી થઇ ઘેર જાય વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. (ગોફણનો ગોળો) ૧૮
પાટણ દીવો પ્રગટયો, મેશ પડી મેવાડ,
આંજનારી આબુગઢ વસે, એનો ઝેલ વશે ગુજરાત વાલા;
ગોકુળીએ લઇ ચાલ વાલા, ૧૯

પડી પડી પણ ભાગી નહી, કકડા થયા બે ચાર;
વગર પાંખે ઉડી ગઇ, તેનો ચતુર કરોને વીચાર વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા,: (રાત) ૨૦
આંબો વાવો દક્ષીણ દેશમે, ઉગયો અમદાવાદ
ફાલ્યો ફુલ્યો માળવે, વેહાયો ઝાલાવાડ વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા, ૨૧
આંઠ કટકે નીર નીપજ્યો, દોનારી દો ચાર,
તેમાં બે નપુશક વસે, તે મેં તજ્યો ભરથાર વાંલા;
ગોકુળીએ લઇ ચાલ વાલા; ૨૨
તનના કરૂ ત્રાજવાં, મનનો કરૂ બજાર,
કાયાની કરૂ હાટડી, હું તો વણજ કરૂં વેપાર વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા; ૨૩
નારીને તો નર ઘણા, ઝાઝા સાથે છે પ્રીત,
નારી પહેલો નર મરે તેનો, કોના કુળની રીત વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા. ૨૪
જળમાં પેશી ઘર કરે, ઝાઝા જગમાં જાય,
માથુ વાઢે મરે નહી, એનો ખાલ ખેંચે જીવ જાય વાલા.
ગોકુળીએ લઇ ચાલ વાલા. (ડાંગર) ૨૫
આંબો ટમે મોરીઓ, કોણ શેંપુ રખવાળ,
પેલો પાડોશી પાપળો, મારો પરણ્યો નાનેર બાળ વાલાં,
ગોકુળીએ લેઇ ચાલ વાલા, ૨૬
આપે જનમી બેટડી બેટડીએ જન્મો બાપ,
ચતુર નર સમજ્યા કહો, એતો બેટડી ભલી કે બાપ
ગોકુળીએ લેઇ ચાલ વાલા. (આંખલી) ૨૭

ઉંચી ગોળી ઉજળી જળ ભરવાને જાય,
કાંટો વાગ્યો પ્રેમનો એતો ઉભી ઝોકાં ખાય વાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ૨૮
હસ્તી ચડણુ ગઢ રંગન વેસ્યા વલ્લભ જેણુ
પીઉ પધારો તેને હાટડે મોકલાવો તેનું તેણુ વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. (સીંદુર) ૨૯
આંગણે વાવું એલચી સેંચાવું નાગરવેલ,
પરણ્યો હોય તો પાળજે, નીકર મહીયર વળાવી મેલ વાલા
ગોકુળીએ લેઇ ચાલ વાલા. ૩૦
ત્રણ મુખને તેર પગ, સાંભળ ચતુરસુજાણ,
નર ઉપર નારી ચડે, પછી થઈ છે તાણા તાણ વાલા,
ગોકુળીએ લઇ ચાલ વાલા. ૩૧
દરીએ મોતી નીપજે નહી મોતીનું મુલ,
ભાગ્યો દાણો નહી મળે, એક મોતીને બીજું મન વાલા;
ગોકુળીએ લઇ ચાલ વાલા.

ગરબીઓ.

ચાલ સખી શેલાણી આવ્યો મારા બાગમાંરે એ રાગ.
તમે વિસરી વિસરી વિસરી રાજ મને બંસી વગાડી.
કાંહાંના વીસરી. ટેક.

મુને મુકી ગયા બાળે વેશમાંરે
હીધી સુધી ન અલી લવલેશ. મુને૦ ૧
દાસી જાણીને આવો મારા મોંહુમાંરે,
વીના જપતી તો નથી ચેન. મુને૦ ૨

મને નીંદ્રા ન આવે સેજે એકલીરે
બીનાં બાલમ, કટ કેરી રેન. મુને૦ ૩
મારા જોબનનાં પુર વહી જાય છેરે;
તમે આવો માણો માહારાજ, મુને૦ ૪
કોઇએ ભરમાવી લીધો મારા છેલને જો.
કીધાં ઘાયલ પ્રીતમ તારાં નેણ, મુને૦ ૫
ઓધવ સંદેશો કેજો શામનેરે
વહેલા વળે જીવન રાજ. મુને૦ ૬
કરજોડી ઓધવ કહે નાથનેરે,
રહે વ્યાકુળ સદા વ્રજ નાર. મુને૦ ૭
એવું સુણીને રાજ પધારીઆરે
ગોપી આનંદ ઉર અપાર. મુને૦ ૮

મને માયા લગાડી મોહનીરે;
મોહની મોહની મોહની,
રાજ મને માયા લગાડી મોહનીરે. ટેક.
હુંતો હાલું ચાલુને મને સાંભળેરે,
જોઉ જોઉરે પ્રીતમ તારી વાટ મુને૦ ૧
વાલો જમનાની તીરે એકલોરે;
ત્યાં તો બોળવે ઉરાડે નીર. મને૦ ૨
મુંબાઇ શેહેરનાં તે મોતી વાપરારે,
તે તો આવ્યાં અમારે દેશ, મને૦ ૩
પાતળીઓ હોય તો મુલવેરે,
અલબેલો દરીયા પાર. મુને૦ ૪

કાઠીઆવાડની તે કાંબીઓ વાપરીરે,
તે તો આવી અમારે દેશ. સુને૦ ૫
છબીલા હોય તો મુલવેરે,
છોગાળો દરીયા પાર. સુને૦ ૬
સુરત શેહેરનાં સાળુ વાપરારે;
તે તો આવ્યા અમારે દેશ. સુને૦ ૭
પાતળીઓ હોય તો મુલવેરે,
શામળીઓ દરીયા પાર. સુને૦ ૮
હવે મોહન મથુરાથી આવીયોરે,
સરવે વસ્તુની વેરત થાય. સુને૦ ૯
તમો નીરદય નઠોર નંદલાલ છોરે,
કીમાં ખાયલ ન લીધી સંભાળ. મને૦ ૧૦
એવું શુણી પ્રીતમ પધારીયારે,
આવી કીધી છે લીલા લેહેર. મને૦ ૧૧

ગરબી દક્ષણી ભાષાની.

(ગોકુળીએ લઇ ચાલોરે ઓધવરાજ હમને એ રાગ)

તુની ભીલા વીસરૂ ન ગેલારે જાદવ નંદ કૃષ્ણ;
લબાડ વચન માલા દીલારે જાદવ નંદ. ટેક.
ગોષ્ટ વીજોગાચી કોણુલા મીસાંગુ,
આયાં મી તુમચે પાઇ લાગુરે. જાદવ૦ ૧
હરીચી વાંટ મી અહોનીશ પાહુ
કૃષ્ણ વીયોગે કુડે જાઉરે, જાદવ૦ ૨
દરશન દયા માલા કૃષ્ણ મોરારી,

ચા મી તુમાવર વારીરે. જાદવ૦ ૩
ઝાડ રાપટ તુમી અમચીકા ખાતા;
સવતીચા ધરી જવુ ન રહાતારે. જાદવ૦ ૪
સવતીચા ટોંડ મીતા પાહ્યાચી નાહી,
સત્ય સાંગુ અમીસાંઇરે. જાદવ૦ ૫
અશી આયકુતી હરી રાધા ધરી આસે,
રામીપે સ્વામી પ્રસન ઝાલેરે. જાદવ૦ ૬

(ગરબીઓ વ્રજ ભાષાની.)

શામળા હાડી રહુ કે ઘર જાવું હાડી હાડી ક્રમળાવુંરે,
શામળા હાડી રહુ કે ઘર જાવું. ટેક.
કબહી હાડીરે મેતો તુમારે આંગણીયે.
સાકર માખણુ પાવુંરે. શામળા૦ ૧
વંદ્રા તે વનની કુંજ ગલનમાં,
ગોવંદ પ્રભુના ગુણ ગાવુંરે. શામળા૦ ૨
જળ જુમનામેં પનીયા ભરન ગઇ,
ચેઇ સુરત લપટાવુંરે. શામળા૦ ૩
સુંદર જળ જુમનાજીકા નીરમળ,
નીત્ય ઉઠી ગંગામાં નહાવુંરે. શામળા૦ ૪
પુરશોતમ પ્રભુકી છબી નીરખત,
ચરણ કમળ ચીત લાવુંરે. શામળા૦ ૫

ઝુલીયાઇ માળા કુંજનકે બનમે,
કુંજનકે બનમે કુંજનકે બનમે, બંસી બજાઇ મધુ બનમે.
ઝુલીયાઇ માળા. ટેક.

સ્યામકે ખાતર મેં તો જોગન બનજાઉંગી,
હોંસ રહી મનકી મનમે. ઝુલીયાબ૦ ૧
જળ જુમનીમેં પનીયા ભરન ગઇ,
કંક લગી અંગીયા ભીતરમેં; ઝુલીયાબ૦ ૨
પુરશો તમ પ્રભુકી છબી નીરખત
તીન ગયે મે હન બંનમે. ઝુલીયાબ૦ ૩

છોડી બમનકી અંગીયાકુ અતર લગાકે ચલી, એ રાગ)
બખુબાનકી લલી સામળીયેસે નેહડા લગાકે ચલી, ટેક.
આવોજી સામળે મેરી ગલી હાઠે રહો લાલજીમેં કબકી
ખડી બખુબાન ૧
હાથમેં છે ગજરા ગુલાબકી છડી,
પાંઉસે ઝાંઝર બજાવતી ચલી. ૨
આંખો ભરે સુરમેને મુખમા ભરે પાન,
છોટી ઉમર રાધા ખોતસા ગુમાન. બખુબાન. ૩
બાઇ મીરાં કહે પ્રભુ ધીર ગંભીર,
ગોવાલણીકુ મીલ ગયે જુમનાકે તીર, બખુબાન ૪

મેરા સખ્યાં ગુલાબીકા ફુલ હમારે રંગ કેશરીયાં.
ચુંનેકા ગટવા ગંગાજળ પાની.
મેરા પીયો ગુલાબીકા ફુલ, પીલાવે રંગ કેશરીયાં; મે. ૧
સુનેકી થાળીમેં જમવા પીરસુ,
મેરા જમે ગુલાબીકા ફુલ, જમાવે રંગ કેશરીયાં; મે૦ ૨
ચુન ચુન કળીયાં મે સેજ બીછાઇ.

મેરા લોટે ગુલાબીકો ફુલ, ઉડાવે રંગ કેશરીયાં, મે૦ ૩
ચંદનકી ચાદર ઓઢો મેરે બાલમ.
મેરા ઓઢે ગુલાબીકો ફુલ, ઓઢાવે રંગ કેશરીયાં. મે૦ ૪
ગંગેરી પાન જસોદી બીડીયાં,
મેરા ચાવે ગુલાબીકો ફુલ, ચવાવે રંગ કેશરીયાં મે૦ ૫
બાર ભયા ઓર ચીડીઆં બોલી,
મેરા ભાગે ગુલાબીકો ફુલ, ભગાવે રંગે કેશરીયાં. મે૦ ૬

સાખીઓ.

આયા રહો વ્રજરાજ, વારૂંછુ વાલમ તમને,
પ્રજેતી આપણુ બેની થાય, માટે જોવાદોની હમને ટેક.
અમે અમો રસ ચાખીયે છો, સમજુ મહારાજ;
અણુ પીચારથી ચાલીએ એમાં નટવર ન રહે લાજ. વા ૧
વાલા છો વરણાગીઆ; શું કરૂ અબળા નાર;
સાસરીયા હારે ગડ્ડ એથી નથી નીસરાતુ બેહાર, વા ૨
છોકરવાદી નવ કીજીએ વીચારીએ મન માંહય,;
રાદ તજો રસીયા તમે હવડે આવી ચઢશે યાંહ. વા ૩
પ્રીત રીત શીખ્યા નથી ચાંરી જાચો ગાય,
ચતુર નભાવો નેહ એતો કઠણુ ઘણેરી પ્રીત. વા ૪
હરી ભટના હરી તો વચન હુ મમજી ગઇ સહુ પેર,
સમી સંધ્યાએ આવજો મારી સહચર કેરે ઘેર. વા ૫
મળીઓ મોહન મધુપુર સહચર કરયુ કામણુ મુજને,
મુને ભરવા ન દીધુ નીર શી કહુ વાત આજની તુજને ટેક,
રૂપ રસીક ઘણુ છેલતુ ચચળ નેણુ રસાળ,

ચીત મારૂં ચતુરાઇ થકી આવી ઓચીંતી આળશે, ૧
મરકલડુ કરી પુછીયુ શુ છે તમારૂ નામ,
કાલે મળજ્યે માનવી મારે તમ સંગાથે છે કામ મૈયર. ૨
કદી હસતું ગયા વન ભણી, વાંસલડી છે હાથ,
વ્યાકુળ થઇ વનમાં ફરૂ અમને મળવા થઇ નીરાશ મૈ. ૩
તુ તેને બઇ ઓળખે મારે મને દેખાડ.
નીકર જીવ મારો જશે તારે જીવાડવી હોયનો જીવાડ, મૈ. ૪
હરી ભટનો હરી વશી ગયે રહે ભરપુર
ગોવીંદજી ઠગી ગયો; જના સરખો નહિ કો ચતુર. મૈ. ૫

આપી રંગ રંગીલી સેજ મારા સ્વામીજી નીંદ્રાકરો નીંદ્રાકરો
મારૂ જોબન બાળે વેશ મારા સ્વામીજી નીંદ્રાકરો નીંદ્રાકરો
મારા છુટ્યા છે શીરના કેશ મારા સ્વામીજી.
તમો દયા લાવો લવલેશ મારા સ્વામીજી. ટેક.
વાદળ ઝબુકે વીજળી; જેવી રણ ઝબુકે તલવાર. મારા. ૧
સજ્જન સેવો શ્રીજીએ જ્યાએ ગુણ બત્રીસ;
બીક પડે ભાગે નહી દેવજ આપનો શીષ, મારા. ૨
સજન તુજમાં ગુણ ઘણા અવગુણ નહી લગાર.
તે કારણ તુ સાંભળે મને દાહાડામાં દશવાર. મારા ૩
સ્નેહી સ્નેહ બતાવકેને સુખ હરી લે સાર.
વહાલા વેરી જ્યાં થયાં હવે સાહ્ય તે કરનાર. મારા. ૪
સુખ માટે સોબતા કરી નીવડી દુખ દેનાર.
દ્રવ્ય દેઇ વશે જોરીયે, જાત્મ સાધન જીવ હરનાર મારા ૫
તમો ગયે મારૂ ગયુ આ તનડાનુ ભાન.

જાઝું આથી શું કહું સ્નેહી વણુ ખમશુના. મારા. ૬
તીતકે ચીતવન એકનું ચરચર કરવું નીત્ય.
વ્હાલા છેક નમેરડાપણએ નહી જ્યાં પ્રીત મારા. ૭
સોળ વરસની સુંદરી પીઉ ગયા પરદેશ.
તે અબળા સંતાપે ઘણું; જેનું જોબન બાળે વેશ મારા. ૮
સજન તેરે કારણે મુકયો સબ શરીર;
પાપી નેન મુકત નહી તેમાં ભરભર આવે વીર મારા. ૯
પંખી હઉ નો ઉડ ચલુ, ઘડી ન રાખુ ધીર;
જ્યુ જ્યુ સજન સાંભરે તીયુ તીયુ વાગે તીર મારા. ૧૦
સજન તુમ મત જાણીયો, તુમ બીસરે મોય ચેન;
દાજે બનકી લાકડી. તેતો સીલગત હે દીન રેન, મારા.૧૧
હવે તમારાં મુખમાં દરશનની રાખુ આશ,
મારે મળવા આવજો, દીલમાં રાખી ઉલાશ. મારા. ૧૨
તારી પાસે પ્રીત તે; તુ જાણે કે હુય,
અતર અમસ્તા એ થકી, કેહેશે કે થયુ શુય મારા. ૧૩
મારે મારા મનની; મનમાં સમજી રહું;
છાય કુવાની કુપમાં, જયમ સમાય છે સહુ, મારા. ૧૪
એવું સુણી પ્રીતમ આવીયા, દીધું આલીંઘન;
આનંદ રસ ત્યાં ઉછળો, પોઢયા બેઉ પલંગ, મારા. ૧૫

લાવણી ૧ લી.

હો નાથ માહરો હાથ કેમ ઝાલો છો,
શું વાંકા વાંકા નિઠલ કેમ ચાલોછો.
મારે માથે મહીત માટ ખોટી નહી થાઉં.

નહી આપુ દધીનું દાણુ સમ હુ ખાઉં;
માટે વીઠલ કહું છું વાત વેગળા રેહેજો,
કાંઇ કેહેવુ હોય તો અળગા રહીને કેજો.
તમે મનના માન્યા મોહન મન માલો છો;
શુ વાંકા વાંકા વીઠલ કેમ ચાલો છો,
અણીઆળી તારી આંખ ભ્રગુટી ભારી;
મોહીત કરે છે વ્રજને વાંસળી તારી;
પણ હું નહી તેની સમજી લેજો વ્હાલા;
નહી સરે અર્થ અહીં કાંઇ નંદના લાલ,
જેવા પોતે તેવા સહુને ભાળોછો.
શું વાંકાં વાંકા વિઠલ કેમ ચાલો છો,
મુકોને પાલવ ફાટે ચુંદડી મારી,
ફુટશે મહીનું માટ ઘેલા ગીરધારી,
કોમળ આ મારો કર મરડાઈ જાશે,
નંદાશે બીલોરી છંદ જાન બહુ થાશે;
ગોરસ માટપર હાથ ડાલો છે,
શું વાંકા વાંકા વીઠલ કેમ ચાલો છો.
તુટશે ચોળીની કસ વાગશે વાલા.
મરડાશે બાવડી મારી નંદના વાલા;
તને નીર્લજને શી લાજ હુંતો લાજુ છું.
કોઇ દેખે દુરીજન લોક તેથી ડરછું,
સ્વામી ગોરધન પ્રીતે ડોલો છો.
શું વાંકા વાંકા વીઠલ કેમ ચાલો છો.

— —

લાવણી ૨ ૭.

કીરતાર કહે હો નાર વાત સાંભળજે.
આપીને દધીનુ દાણુ પછી પરવરજે,
બહુ દેખી તારા જેવી નાર ઠગારી,
આવી સમજાવા આંખે કાજળ સારી,
વળી ટીલડી કીધી ભાલ ગાલપર ટબકી,
ગલામે મોહનમાળ કાળી કંચુકી,
શ્રીકૃષ્ણ કહે તુ કહ્યું મારૂ કરજે,
આપી દધીનું દાન પછી પરવરજે,
છું ટોડુ હાર ગળાનો તારો.
જમુનાના ઘાટપર દાવો દાણુનો મારો;
તે કારણ નારી મહી તારાં લુટીશું.
આ રૂપ રંગને જોબનનો રસ લઈશું.
તે પછી રાધીકા કરવું હોય તે કરજે.
આપીને દધીનું દાણુ પછી પરવરજે,"
નારૂ મુખડુ જોઇને મન હરખે છે મારૂ.
ઉભીરે છબીલી નાર માટ ઉતારૂ,
બેસોને શીતળ છાંય સંગ છે સારો,
મેળાપ થશે આ વનમાં તારો મારો.
શુભ શીખ આપે શ્રીકૃષ્ણ કાનપર ધરજે.
આપીને દધીનુ દાણુ પછી પરવરજે.
ગુલાબી રંગનો સાળુ કસબી કોરે,
ગુજ કટિ સિંહના સરખી ચિતડુ ચોરે,

પાયે નેપુરને ચોળી રંગ ઘેરી છે,
અણી આળી તારી આંખ ઝાઝી જેરી છે.
કહે ગોરધનના નાથ વાત સાંભળજે;
આપીને દધીનુ દાણ પછી પરવરજે.

લાવણી ૩ જી.

એવું હુણી રીસથી બોલી બ્રીજની બાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા, ટેક
મારો જાય સાથ સહીયરને મુકી દેજો;
નવ કરો આળ પાંસરા રહેજો,
ફુટશે મહીનુ માટ દધી ઢોળાશે.
મારી મોહન નવરંગ સાડી ભીંજાશે.
મને ડર લાગે દુરીજનનો કાનજી કાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા.
જાણીને વાત આ નણદલ મારી નડશે;
સાસુની આગળ સાચાં જુઠા કરસે.
મારી સાસુ દેશે ગાળ આળ ચઢાવે.
પઇણાને કહીને માર મુને ખવરાવે.
હું કહુછું એટલા માટે મોરલીવાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા.
વણી જોર કરે જુગજીવન અહીં નવ ચાલે,
કરોછો ઢોંગ ધુન્યાનો કોઇ નવ આલે.
મેં જાણ્યુ તારૂં જોર ઢોર ચારીને,
કાઢ્યુ છે મોટું નામ માથી મારીને;

ફરતા વનમાં તમ ઓઢી કામળી કાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા.
શું સમજે રસ ગોરશનો લેવા કાના.
નાનડીઆ નદના બેશો છાનામાના;
હુ સાંખી રહું છુ બોલી બાળક જાણી,
કો મળશે માયાની નાર કાનુડા દાણી.
કહે ગોવરધનના નાથ મોરલીવાળા,
ચાલોને પાધરા મુકી મનના ચાળા.

લાવણી ૪ થી.

મેં જાણી તમારી વાત છબીલી નારી,
જાવું છે ચોરીને દાણુ બડી ધુતારી.
નણદલ જો દેશે ગાળ સાસુ લડશે તો,
શું જાશે મારૂ હો નાર એમ કરશે તો
ફુટશે હરિ હઇયાનો માટ નં દાશે
તો કહેને કામણગારી મને શું થાશે,
લીધા વીણુ નહી જવા દઉ નારી,
જાવુ છે ચોરીને દાણુ બડી ધુતારી.
મેણાંની દેનારી મારી તુજને દેખી,
ઓછી તુ જાત આહીરની હમને પેખી,
છકેલી છેલ તુ ભરેલ મદની માતી.
બોલે છે ચપળા બોલ નથી લજવાતી.
હું વાત જાણું છુ સરવે અગળા તારી,
જાવું છે ચોરીને દાણુ બડી ધુતારી,

શુ છેટે છેટે નારી કેમ નાસે છે.
આ નાનકડાને દેખી કેમ નાસે છે,
કહે કૃષ્ણ કામની આવ કષ્ટ દુઃખ કાપું.
જે મુખમાંથી માગે તે લાવી આપુ
અહીં બેસો સામા રંગ મચ્યો છે ભારી
જાવું છે ચોરીને દાણુ બડી ધુતારી
કાંનાએ કામની જેમ તેમ સમજાવી,
ઉતારી માટ ગોરસનું પાસ બોલાવી,
હળીમળી પ્રીતથી બેઠાં રંગ રમવાને
વળી નાંખ્યો ગળાપર હાથ દેખી જમવારે.
કહે ગોરધનના નાથે રમાડી નારી,
જાતુ છે ચોરીને દાણુ બડી ધુતારી,

ભાગ ૮ મો.

લગનમાં ગાવાનાં ગીતો.

ગીત ૧ ને કંકોત્રી

કંકુ છાંટી કંકોતરી મોકલે, કોડે કાવે સુભદ્રા બેન;
વીરા વેસેલા આવજો.
દેવ દુદાળાને લાવજો, એ છે પારવતી પુત્ર, વીરા૦
શ્રી કૃષ્ણ બળદેવ બે બાંધવા; પવીત્ર પીતા વાસુદેવ. વીરા૦
પાંચ પાંડવ દાસ તે તમતણાં, કરનીશ જપે તમારૂ,
નામ, વીરા૦

જકતજનેતા દેવકી ને રોયણી, અંજણાદેવી તમારાં માત;
વીરા વહેલા આવજો.
ભત્રીજા ભલા મન ભાવના, તન આવે થાશે સુખ ચેન;
વીરા વહેલા આવજો.
રાણી રૂકનણીનેરે વતી સતભામાનેરે જાંબુવંની;
વીરા વહેલા આવજો.
ભીડભંજન તમારી ભાભીઓ સોળ સહસ્ત્ર એકસોને આડ.
વીરા વેહેલા આવજો.
કુંથ જેઠ દયરીઆને કોડ ઘણી; તાઇ બત્તારણ ભગવાન;
વીરા વહેવા આવજો.
સાથે જાદવ સવગાને લાવજો; બીજી ઉતમ વરણ અનેક.
વીરા વહેલા આવજો.
વેદ વંચતા વીપ્રને લાવજો બીજો સર્વે કુકુંબ પરીવાર વી.
થોડું લખ્યું ઘણું કરી વાંચજો; પ્રભુ નોધારાના આધાર વી.
પ્રતીદ્રષ્ટે વેલા પધારજો, શેષનાગ ન પામે પાર વીરા વે.

ગીત બીજું—જાગનાં.

વાડીમાં રેલછેલ મોગરો,
મને આપોરે માતારે કોદાળી.
હું તો મોગરો રોપવા રંનાદેવ. વાડી.
મને આપોરે માતારે ઘડુલો,
હું તો મોગરો સોચવા જાઉરે રંનાદેવ. વાડી.
મને આપોરે માતા ટોપલી,
હુંતો મોગરો વેણવા જાઉરે રંનાદેવ, વાડી

ગીત ૩ જુ.

પાને ફુલ ભરાવી છે છાબતો અગરચંદન ભર્યાં ઓરડારે
જગાડોરે વહુ નવી વહુના કંથ રાંણી રાંદેલને કરે આરતીરે
આરતી અવસરે હોયરે રંનાદેવ પેહલડા પોહોરની આરતીરે
પાન ફુલે ભરાવી છે છાબનો અગરચંદન ભરાયા આરડારે
જગાડોરે વહુ નવી વહુના કથ; રાણી રાંદેલ કરે આરતીરે
આરતી અવસરે હોયરે રંનાદેવ બીજા પોહોરની આરતીરે
પાન ફુલે ભરાવી છે છાબતો અગરચંદનના ભર્યાં આરતીરે
જગાડોરે વહુ નવી વહુના કંથ, રાણી રાંદેલને કરે આરતીરે
આરતી અવસરે હોયરે રંનાદેવ ત્રીજા પહોરની આરતીયે
પાન ફુલે ભરાવીછે છાબતેનો અગરચંદનના ભરયા ઓરડારે
જગાડોરે વહુ નવી વંહુ કંથ રાણી રાંદેલને કરે આરતીરે
આરતી અવસરે હોયરે રંનાદેવ ચોથલા પહોરની આરણીરે

ગીત ૪ ચોથુ.

ડુગર ઉપર ઉગીયા વાંસ એરે વાંસનો વીજણુલોરે ઘડીયો
માણેક મોતીને હીરલે જડીઓરે એરે વીજણુલો આદીત ઢળાયો
ઢળ્યારે આદત પુછેરે વાત, કહો રાણી રાંદેલ કયાં હોડયા ધાડ
નથુભાઇને ઘેર જગીગા જાગ વહુરે નવી વહુએ ઓરડા ધાટ
ધાટ ઓરડીને લાગ્યા પાય, ભલેરે પધાર્યાં રાણી રાંદેલ માય
ઉઠયારે રાંદેલ દેરે આશીશ જીવો નથુભાઇ કોડ વરીશ
કરોડતે ઉતર હોયરે પચાસ આશા પુરીરે એના કુટુંબ પરીવાર

ગીત ૫ મુ.

મારેરે આંગણે કુઇરે ખવાણો ઘુંટણ સમાણાં પાણીરે રંનાદેવ
ઘાટડીયાળાં નાવારે બેઠાં, આદિતની ઘર નારરે રંનાદેવ
સોઇ રંગ તોઇ રંગ લાલ કસુંબો મથુરામાં મોઘો વેચાયરે
રનાદેવ.
કેળાં કાતળીયાં ને આંબા પાતળીયા, ખડબુચાં છોલાયરે,
રનાદેવ.
મારેરે :આંગણે કુઇરે ખણાયો, ઘુંઘટ સમાણાં પાણીરે
રંનાદેવ.
ઘાટડીયાળાં નાવારે બેઠાં નથુભાઇની ઘરનારરે રંનાદેવ.
સોઇ રંગ તોઇ રંગ લાલ કસુંબો મથુરામાં મોઘો વેચાયરે
રંનાદેવ.
કેળાં કાતળીયાં ને આંબા પાતળીયાં ખડબુચાં છોલાયરે,
રંનાદેવ.

ગીત ૬ ઠું.

પેલોરે પોઠી કંકુએ ભરિયો,
જઇ રાણી રાંદેલ આગળ ધરિયો;
માવડીયો બાગોને મેળુલારે;
હું વણઝારી દાસ તમારી;
નવલાખ પોઠી શ્રીફળે ભરીયો.
જઇ રાણી રાંદેલ આગળ ધરીયો, માવડી હું વના. ન મા.
ત્રીજોરે પોઠી, ખારેક સરીયો.
જઇ રાણી રાંદેલ આગળ ધરીયો માવડી. હું વના ન મા.

ચોયેર ફુલડે ભરીયો,
જઈ શણી રાંદેલ આગળ ધરીયો, માવડી, હુ વના ન મા.
વેચી ન જાણું, સાટી ન જાણું
નવ લાખ ચોઠી એકલડી હુંકારૂં.

ગીત ૭ મુ.

સમીરે સંજાઅ નીસર્યાં દેવ કયાં જઈ વસસો. ૧
વસીસું તે આંબા આંબલી, વસીસું સરોવળની પાળે. ૨
વસીસું તે નથુભાઇને ઓરડે, જે મીઠા બોલી નાર. ૩
મીઠાં બોલે ને મન રીઝે લળી લાગે છે પાએ. ૪
પાયે લાગીને શું માગીયાં ધણીયના રાજ. ૫
અખંડ પેવાતન ધાટડી માગ્યા પુત્ર પરીવાર. ૬

ગીત ૮ મું.

રાંદેલ માનો સ્હરોયે સોરંભનો, રાંદેલ પુજા કોણે કરીરે ૧
નથુભાઇનેરે ઘેર નવી વહુ તો, રાંદેલ પુજા તેણે કરી. ૨

માંડવીનું ગીત ૯ મું.

મારો માંડવો મોગરે છાયોને નેત્ર ઓછાડીઓરે.
મારે માંડવે કેળાનો થંભ આ શો રૂડો માંડવોરે;
મારે માંડવે કોણ કોણ આવ્યું કોણ કોણ આવશેરે.
હુતો જોઉ મારા કીયા ભાઇની વાટ જેને આવે રંગ રહેશેરે
મારે માંડવે મોતીલાલ આવ્યા હીરાલાલ આવશેરે
હુંતો જોઉ મારા માણેકલાલની વાટ જેને આવે રંગ રહેશેરે
મારે માંડવે કેઇ વહુ આવ્યાં કઇ વહુ આવશેરે,

હું તો જોઉ મારી કેઇ વહુની વાટ જેને આવે રંગ રેહેશેરે.
મારે માંડવેરે આંબા વહુ આવ્યાં જીવકાર વહુ આવશેરે.
હું તો જોઉ મારી છબા વહુની વાટ આવે રંગ રહેશેરે.

ગીત ૧૦ મું.

ઉચ્યા મંડપ મોગરે રચાવો, મેતો કોડે પમરણુ માંડીઆરે,
મંડપ ઉપર જાજમો પથરાવો, મેતો૦
જાજમ ઉપર બાજઠીયા ઢળાવો, મેતો૦
બાજઠ ઉપર બાજીઓ ઢળાવો, મેતો૦
બાજી ઉપર પરવળીના પાસા, મેતો૦
રમશે રમસે રાજપીપળાના રાજા, મેતો૦
સામા રમશે નાનાભાઈ દેસાઇ, મેતો૦
હાર્યા હાર્યા રાજપીપળા રાજા, મેતો૦
જીત્યા જીત્યા નાનાભાઇ દેસાઇ, મેતો૦
જીત્યા ઉપર નોબતો વગડાવોરે, મેતો૦
હાર્યા ઉપર ગધેડા જુકાવો, મેતો૦

ગીત ૧૧ મું.

સુરજ ઉગ્યોરે કેવડીયાની ફણુસે કે વ્હાણેલા બસે વાયારે,
શુત જાગોરે વાસુદેવના નંદ કે, વ્હાણેલા૦
તમ જાગેરે જાગે સહુ દેવ કે, વ્હાણેલા૦
લેજો લેજોરે પીતળનો લોટો કે, વ્હાણેલા૦
દાતણુ કરજોરે તુળસીને કયારે કે, વ્હાણેલા૦
મુખ લોજોરે પામરીઓના છેડે કે, વ્હાણેલા૦
નામ લેજોરે સીતામાનાં નામ કે, વ્હાણેલા૦

સુરજ ઉગ્યારે કેવડીયાની ક્રુણુકે કે, વ્હાણેલા
સુતા જાગોને પારવતી વહુના કંથ કે, વ્હાણેલા
તમ જાગેરે જાગે સહુ દેવ વ્હાણેલા
લેજો લેજોરે અત્રવાના લોટા વ્હાણેલા
દાતણુ કરજોરે ઉકરડાની ટોચ કે, વ્હાણેલા
મુખ લેજોરે મશીતાને છેડે કે, વ્હાણેલા
નામ લેજોરે તમારા બાપનું નામ કે, વ્હાણેલા

ગીત ૧૨ મું.

કોણે મારાં આંગણાં સમારીયાંરે;
કોણે પુર્યા મોતી કેરા ચોક મારા આંગણાં રળીયામણાંરે.
કોણે મારા સામા તોડા ધોળીયારે,
કોણે લખીયાં હંસને મોર, મારા તોડા રળીયામણારે.
ડાહ્યાભાઇએ આંગણાં સમારીયાંરે;
મોતી બેહેને પુર્યા મોતીચોક, મારા આંગણાં૦
લલુભાઇએ સામા તો ધોળીયારે,
સુરી બેહેને લખીયા હંસને મોર, મારા તોડા૦

ગીત ૧૩ મું.

આવો માણસ બેસો બેસણેરે.
કહો તમારી વાડીયોનાં મુલ, માલણુ રાણી એમ ભણેરે,
લાખે બે લાખે મારો મોગરોરે,
અધ લાખે ચાંપલીઆનો છોડ, માળણુ રાણી
લાખ ખરચીને લોને લાલજીરે.
લાડકડાને મુજીયાજીને કાજ. માળણુ રાણી

ગીત ૧૪ મું.

હાલા લીલડા વાંસ વઢાવો, તેની રતન ટોપલીઓ ઘડાવો
ટોપલી મોતીલાલના હાથમાં આપો;
મોતીલાલ ધાંચો થઇ ઘેર આવે.
મારી ગંગાબેહનને ન ભાવે સ્વામી કયાં લાગી આવડી વાર,
ઘોરી તારે મધ્યર ગરમણુ માંડયા; પાછલી રાતનાં દળણાં દળાવ્યાં
પરોઢીયામાં પાણી ભરાવ્યાં, વહાણે વાએ વાસીદાં વળાવ્યાં,
ખરે બપોરે બાગમાં ફુલાવ્યાં,

ગીત ૧૫ મું.

ઉગતા સુરજની રજ ખરીરે,
એનાંરે રંગેરે કાંઇ શ્રીકૃષ્ણ ધર્યારે,
અતી ગોરારે અતી ફુટડારે. ૧
હું તો તમને પુછું મારા દેવકીજી વખાણરારે,
તમે કેમ શ્રીકૃષ્ણ જોઇયાને. ૨
ઘડીએ બે ઘડીએ ઘડીયાળા વાગેરે,
પહોરે બે પહોરે જશ આરતીરે. ૩
આતરડીરે ઠરો દેવકીજીની કુખરે,
જેની કુખે શ્રીકૃષ્ણ જાઇયારે. ૪
ઓરડીએરે ઉજાં ને પરસાળે અજવાળારે.
કુળને અજવાળ્યાંરે વાસુદેવ તણાંરે ૫
ઉગતા સુરજની રજ ખરીરે, ૬
એની રજે કંઇ મુછાળા ઘડીયારે,
અતીને ગોરારે અતી ફુટડારે. ૭

હુ તો તમને પુછું મારાં રૂક્ષમણી વણજારારે,
તમે કેમ મુગ્ધાજી જાયાંરે. ૮
ઘડીએ બે ઘડીએ ઘડીયાળડાં વાગેરે,
પહોરે બે પહોરરે જસ આરતીરે. ૫
આરતડીરે કેરા લક્ષમણીની કુખેરે,
જેની કુખે મુગ્ધાજી જાયારે. ૯
ઓરડીએરે ઈબાને પરસાળે અજવાળ્યાંરે,
કુળને અજવાળાંરે વાસુદેવતણાં. ૧૦

ગીત ૧૬ મું.

ઉંચી ઉંચી મેડી મારાં ઘરરે વીરાનાં, તો પાડોસે
નણુંદી વસેરે. ૧
વીરાની મેડીએ રૂડા કાચ ઢળાવું,
તો ત્યાંને ઝળીરે ભમર ઢોલીયોરે. ૨
ત્યાં ચડી પહોડે માગ માડીનો જાયો,
તો વાએ ઢોળે ભાભી ફુલડાંરે,
વાએ ઢોળંતા ભાભા ગોઠડીએ ગોઠ્યાં.
તો નણુદીને પાડોસે ન રાખીએરે. ૪
દીઠું અણદીઠું નણુદી સરવસ્ત માગે;
તો નીત્ય ઉઠીને ક્યાંથી આપીએરે. ૫
ઘરની ઘણીઆણી તમે એવું શું બોલો,
તો બહેન વિના વીવાહ કોણ માલશેરે. ૬
સાત શોપારી મારી પાડોશણને આપું,
તો તે મારે અહીંયાં મહાલશેરે. ૭

ઘરની ધણીઆણી તમે એવું શું બોલો,
તો બહેન વિના ગણેશ કોણ પુજસેરે. ૮
ગોખાને લાડુ મારી ગોરાણીને આપુ,
તો તે મારે ગણેશ પુજશેરે. ૯
ઘરની વહુઆરૂ તમે રાંધાને સીધો,
તો જમવાને બેશે મારી બેનડીરે. ૧૦
ઘરની વહુઆરૂ તમે પાણીડા જાઓ,
તો બારીએતે બેશે મારી બેનડીરે. ૧૧
ઘરની વહુઆરૂ તમે હેશાને ફેરાં,
તો પકવાનને ઓરડે મારી બેનડીરે. ૧૨
ખાસડુ ખખેરૂ ગોરી ધણીએક આવે,
તો રૂપૈયા ઉછાળુ બેની ના મળેરે. ૧૩
માડીના જાયા તુને દેઉરે આશીષ,
તો સાતેને દીકરે દીપજે મલપતારે. ૧૪
વ્હેવણુની જાઇ તુને દેઉં આશીશ,
તો સાથે શોકે આંસુ ઢાળજેરે, ૧૫

ગણેશનું ગીત ૧૭ મું.

ગણેશપાટ બેસાડીએ, ભલાં નીપજે પકવાન,
સગાં સબંધી તેડીએ જો પુગ્ન હોય મોરાર.
જેને તે આંગણે પીપળો તેનો તે ધન અવતાર,
સાંજે સવારે પુજીએ જો પુન્ય હોય મોરાર.
જેને પેટ ચાર દીકરી તેનો તે ધન અવતાર,
ચારે વહુઓ પાએ પડે જો પુન્ય હોય મોરાર.

જેને પેટ ચાર દીકરા તેનો તે ધન અવતાર,
સાચ્યા સાચ્યા ધનવાનરે જો પુજ્ય હોય મોરાર.
જેને તે આંગણે જોટડી તેનો તે ધન અવતાર,
સાંજે સવારે દહી વલોવે, જો પુજ્ય હોય મોરારરે,
રાતો તે ચુડો મારો રંગ ભરો,
કોરોનેને કમળો હાથ;
બરચોળે ઘેડ ભાગીએ જો પુજ્ય હોય મોરાર.
કાઇ તે ઘઉંની રોટલી ગળાગળીઓ કંસાર,
ભેગા બેસીરે આરોગીએ, જો પુજ્ય હોય મોરાર.

ગીત ૧૮ મું.

ઉકરડી ઉતરતાં વનમાળીરે,
જડીઓ છે સોનાનો ખુટો કે ગુજરમાળીરે.
તેની ઘડાવેશ રોટડી વનમાળીરે,
શોવરાવેશ જમણા કાને કે ગુજરમાળીરે.
ઉકરડી ઉતરતાં વનમાળીરે,
જડીઓ છે લોઢાનો ખુટો કે ગુજરમાળીરે;
તેનો ઘડાવેશ દીવડો વનમાળીરે,
સોવરાવેશ જમણે હાથેરે ગુજર માળીરે,
ઉડોને કુરો જગ ભરોરે ઉટે વાળો શેવાળ,

ગીત ૧૯ મું.

પીરસ્યો છે ઉજળા વહુને ભાણે કે ગુજરમાળીરે,
જમતાં મનસુખભાઇ સાંભળો વનમાળીરે,
ભાલ્યો છે કાંચળી ભાથ કે ગુજરમાળીરે,

ભરી સભામાં પડી ગયો વનમાળીરે,
ગવડી થઈ છે ફજેત કે ગુજરમાળીરે.

ગીત ૨૦ મું.

અરે આજ મેતો અડદા પરવત નોતર્યારે,
અડદા તમે તો મારે પાપડ વણવા જોગ;
મારે સજન મેળાવો જો મળોર;
અરે આજ મેતો ચોળા પરવત નોતર્યારે.
ચોળા તમે તો મારે વડીઓ મુકવા જોગરે,
મારે સજન મેળાવો જો મળોરે.
અરે આજ મેતો ઘઉંવા પરવત નોતર્યારે,
ઘઉં તમે તો મારે કંસાર કરવા જોગ,
મારે સજન મેળાવો જો મળોરે,
અરે આજ મેતો મગ પરવત નોતર્યારે.
મારે સજન મેળાવો જો મળોરે.

ગીત ૨૧ મું.

સોનાનો થંભ હીરે જડયોરે,
થંભનુ નામ ના જાણું વીરા ઘેર આપણેરે.
થંભનુ નામ મોતીલાલ વીરા ઘેર આપણેરે;
સોનાનો ગજ હીરે જડયોરે,
ટોડાવાળીયા નામ ન જાણું વીરા ઘેર આપણેરે,
ટોડાવાળીયા નામ ઝવેરબાઇ વીરા ઘેર આપણેરે,
સાંબી લેખણે લેખણે લેખાં લખેરે;
લેખાવટીઆ નામ ન જાણું વીરા ઘેર આપણેર,

શેખાવટીયા હીમતભાઇ નામ વીવા ઘેર આપણેરે,
સગાં માંચીએ બેઠાં પુન કરેરે.
પુનવંતાનું નામ ન જાણું વીવા ઘેર આપણેરે,
પુનવંતા નવલભાઇ નામ વીવા ઘેર આપણેરે,
ઓરડામાં લખમી વાસો વશેરે.
લખમીનુ નામ ન જાણુ વીવા ઘેર આપણેરે,
લખમીનુ નામ કાશી વહુ વીવા વીવા ઘેર આપણેરે,
ખબેને કોથળી સોને ભરીરે;
નાણાવટીયા નામ ન જાણું વીવા ઘેર આપણેરે.
નાણાવટીયા માણેકલાલ નામ વીવા ઘેર આપણેરે:
હાથમાં પાટીઓ સાઇ ભલીરે;
નીશાળીયાનું નામ ન જાણું વીવા ઘેર આપણેરે,
નીશાળીયા ભીખાભાઇ નામ વીવા ઘેર આપણેરે,
લાંબી પગસારે બાળક રમેરે.
બાળકનું નામ ન જાણું વીવા ઘેર આપણેરે;
બાળકનું સુરજ બેન નામ વીવા ઘેર આપણેરે.
તાંબાના બેડે પાણી ભરેરે,
પાણીયારીનું નામ ન જાણું વીવા ઘેર આપણેરે:
પાણીયારીનું પરસન વહુ નામ વીવા વીવા ઘેર આપણેરે.

ગીત ૨૨ મું.

પાયે પાવડડાને કેસરીયા વાઘા,
કાને સોનાની લાળોરે કાઇ વરધ વધારો.
એટલે રણછોડરાય સીમાડે આવ્યા,

શીમાડે છત્ર ઢળાવોરે, કોઇ વરધ વધાવો,
એટલે રણછોડરાય ભાગોળે આવ્યા;
ભાગોળે ભેળા વગડાવોરે કોઇ વરધવધાવો,"
એટલે રણછોડરાય ચઉટડે આવ્યા.
ચઉટડે ચમર ઢળાવોરે કોઇ વરધ વધાવો,
એટલે રણછોડરાય જાનીવાસે આવ્યા,
કલશો સાળાને હાથેરે કોઇ વરધ વધાવો;
એટલે રણછોડરાય ખડકીયે આવ્યા.
ખડકીના ખખડાયાં છે કમાડરે કોઇ વરધ વધાવો;
એટલેએરણછોડરાય તોરણે આવ્યા.
પુંખણું સાસુને હાથેરે કોઇ વરધ વધાવો,
એટલે રણછોડરાય માંયરામાં આવ્યા,
મામાજી કન્યા પધરાવોરે કોઇ વરધ વધાવો.

ગીત ૨૩ મું.

ગોતરડા કતારોરે ગોરજી. વહુ માગે છે સવઇયો ગોરજી;
વહુનો બાપ ભવઇયા ગોરજી. વહુ માગે છે રોકડો ગોરજી,
વહુનો બાપ દોંકડો ગોરજી; વહુ માગે છે બાજરી ગોરજી,
વહુનો બાપ હજામ ગોરજી વહુ માગે છે આરશી ગોરજી,
વહુનો બાપ પારશી ગોરજી, ઇત્યાદી.

ગીત ૨૪ મું.

અણિઆંતી વેળા ગોરી રીસાઇ બેઠાં, સસરો મનાવે તો મનાઇએ
ઓ લાડણી આછા ઘુંમટ વહુને વાલેરા લાગે.
કહોતો વહુઆર તમને ગુથીઓ ઘડાવું પનમનીએ રત્ન જડાવું
ઓ લાડણી આછા ઘુંમટ વહુને વાલેરા લાગે.

ગીત ૨૫ મું.

લાડણો પાન ચાવેને રસ ઢોળે, લાડણો તો વળી વળી પાછું જુવે;
જાણે મારા બાપા સાથે આવે, જાણે મારા સસરાનો રંગ રાખે
લાડણો પાન ચાવેને રસ ઢોળે; લાડણો વળી વળી પાછુ જુવે;
જાણે મારી માડી સાથે આવે, જાણે મારી સાસુનો રંગ રાખે;
લાડણો પાન ચાવેને રસ ઢોળે, લાડણો તો વળી વળી પાછુ જુવે,
જાણે મારા વીરા સાથે આવે, જાણે મારા સાળાનો રંગ રાખે.

ગીત ૨૬ મું.

ઘોડી તારા મુખડે રતન જડયારે બાઇ,
રતન જડયારે નંદલાલ શેરો અજબ બનીરે બાઇ;
વર બાપા તે વર બાપા કોણ સરાય કેહેવાયરે બાઇ;
જાણ સુંહાણી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ.
વર બાપા તે વર બાપા આત્મારામ કેહેવાયરે બાઇ,
જાન સુંહાણી આગળ શેરો અજબ બનીરે બાઇ,
ઘોડી તારે મુખડે રતન જડયારે બાઇ,
રતન જડયારે શેરો અજબ બનીરે બાઇ;
વરમાડી તે વરમાડી કોઇ બાઇ કેહેવાયરે બાઇ,
જાન સુંહાણી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ.
વરમાડી તે વરમાડી જીવકોર બાઇ કેહેવાયરે બાઇ;
જાન સુંહાણી આગળ જાય શેરો અજબ બનીરે બાઇ.

ગાયન ૨૭ મું.

લીલી ઘોડીયે પીળો ચાબખો ઘોડી ઘણું નાચે;
લીલડાં જરીન પાલણુ, કેહેવાણુ મારી છ દે નાચે,

છદે ઘુંઘરાએ ઘુંઘરાં ઘોડા પણ ગાજે.
હોંશે રંગાવ્યા કાળા દાંત, વ્હેવાણુ મારી છદે નાચે,
ઘોડી ચડી જીયાવર સંચરય, ઘોડી ઘણું ગાજે;
મોડી રણ્યા ચારે દેવ વ્હેવાણુ ચંદે નાચે.
પેહેલેને વિશ્વનાથરે મોહી રણ્યા; ઘોડી ગણુ ગાજે.
ગયાગાં ગદાધર દેવ વ્હેવાણુ મારી છંદે નાચે.
ચોથલે મ્હોળેશ્વર દેવ, વ્હેવાણુમારી છંદે નાચે.
ગારોએ મોહીને શું કીધાં ઘોડી ઘણું ગાજે.

ગીત ૨૮ મું.

કુંવર હેલ દઇ ઘોડે ચડીયા તારા વેરીને ધાસકા પડીયા,
કુંવર દહીયના ગોરસ ખાટાં, ત્હારા વેરીનાં કઇયડાંલાં ફાટા,
કુંવર દહીના ગોરસ મીઠાં, ત્હારા વ્હલાએ અચરત દીઠાં.
કુંવર ખુંચે છે અસરો ને મસરો; જોવા આવ્યા તે સાસુ ને સસરો,
કુંવર ખુંબ તે જડીઆરે ખાપ; સાજનમાં સોહયે જીયા વરના બાપ.
કુંવર ખુંભ તે જડીયારે હીરા. સાજનમાં સોહગે જીયા વીરના વીરા.
કુંવર ઘોડે છે ફુલની પાખર તારે સભા સાંતુરે સાજન
કુંવર ઘોડે છે ફુલની વાડી, કરવડી ઝાલે જીયાવરની માડી
કુંવર ઘોડા પાછળ કામબેન રથે બેસે જીયાવરની બ્હેન.

ગીત ૨૯ મું.

નો કમરયો કમળો આવે છે. બેનો લંકાપટ વાણુ પુરાવે છે;

એનો એનડી ઝાલ ઘડાવે છે; એનો ઉમલ્યો ઉમલ્યો આવે
એનો સુરતપટ વાણુ પુરાવે છે; એનો ત્યાં થકી સોની તેડાવે છે,
એનો એનડીની ઝાલ ઘડાવે છે; એનો ઉમલ્યો ઉમલ્યો આવે છે
એનો બન્ચન્દ્ર વાણુ પુરાવે છે; અને ત્યાં થકી જડીયા તેડાવે છે
એનો એનડીની ઝાલ જડાવે છે એનો ઉમલ્યો ઉમલ્યો આવે છે
એનો અમદાવાદ વાણુ પુરાવે છે; તેનો ત્યાં થકી પટવા તેડાવે છે
એનો એનડીની ઝાલ ગંઠાવે છે; તેનો ઉમલ્યો ઉમલ્યો આવે છે
એની નગરીમાં ધુમ મચાવે છે. એનો ઉંઘતા લોક જગાડે છે.

ગીત ૩૦ મુ.

હાંરે બના મેરી ગલી મત આવો, મોતીલાલ બના છજ્જકી
ભોઠ છોડદો.
હાંરે બના છોડદોરે દીલ ખોલ દો. હાંરે બના મેરી૦
હાંરે બના લંકાપટ વ્હાણુ પુરાવીએ.
હાંરે બના તાંથકાં સોનાં અણાવીએ,
હાંરે બના બનકીકી ઝાવ ઘડાવો, મોતીલાલ બના છજ્જે.
હાંરે બના હડમચપડ વહાણુ પુરાવીએ;
હાંરે બના તાં થકા હીરા અણાવીએ;
હાંરે બના બનડીકી ઝાલ જડાંવો. મોતીલાલ બના છજ્જે.
હાંરે બના સીંધડપડ વ્હાણુ પુરાવીએ.
હાંરે બના તાં થકા મોતી અણાવીએ;
હાંરે બના બેનડીકી ઝાલ પરોવારો મોતીલાલ બના છજ્જે

ગીત ૩૧ મું.

હાંરે બના કિન્ને બતાઇ તુંને મેરી ગલીયાં;

મેરી ગલીયારે ગુલાબી છડીયા, હાંરે બના કિન્ને.
હાંરે બના ચીરાનો તેવા લાલ બનીયા;
લાલ બનીયારે ગલાલ બનીયા, હાંરે બના કિન્ને. ૧
હાંરે બના નીમા નો તેરા લાલ બનીયા;
હારે બનીયારે ગુલાબ બનીયા, હારે બના કિન્ને. ૨
હાંરે બના મોજાં તો તેગ લાલ બનીયાં,
લાલ બનીયાંરે ગુલાલ બનીયાં. હાંરે બનાં કિન્ને. ૩

ગીત ૩૨ મું.

એક લીલી તે લીલી લીલડી,
એક લીલુડાં જડીત્ર પાલણુરે જગલીલડી;
મારા સોય ઘોડાને બે હાથીઆ,
મારા હાથી દેખીને વેવાઇ બી ગયો;
મારી કેમ કરી રહેશે લાજરે જગ લીલડી.
મારા કીઆ ભાઇએ સાનમાં સમજાવીયાં,
મારા લલુભાઇએ સાનમાં સમજાવીયાં.
તમારી ભલેરી રાખીશું લાજરે જગલીલડી;
એક લીલી તે લીલડી.
એક લીલડી જડીત્ર પલાણુરે જગલીલડી;
મારા સોય ઘોડાને બસે હાથીઆ.
મારા ઘોડા દેખીને વેવાઈ બી ગયો;
મારી કેમ કરી રહેશે લાજરે જગલીલડી.
મારા કીયા ભાઇએ સાનમાં સમજાવીયાં;
મારા મણીભાઇએ સાનમાં સમજાવીયાં,

તમારી ભલે રાખીશું લાજરે જગલીલડી.

ગીત ૩૩ મું.

આજ મારૂ વાજીંત્ર કરે ઝમકારતો જેમરે વાગેને સાજન મળેરે
વાગતુ વાગતુ પોળમાં પેઠું તોયરે વેવાઇનાં ઘર કયાં છેરે.
ઉંચલા અવાસને નીચલા દરવાજા ત્યાં મોતી જડયાં તોરણુ બારણેરે
ચોકમાં ચપો પરસાળે નાગરવેલનો ગોરીએ દીવા અજવાળીયાંરે
સાત દીકરડા તુજણુ મોરી ગોરી તો જેમ દ્રવ્ય ખરચુ નેરવ
એક દીકરડી તુજણુ મોરી ગોરી તો સાજન જમાડુ ઘર આપણેરે
બાપે માહેરામાં આપીરે બેઠી, તો માડીએ આપી જોટડીરે
રાસ રચુ બેનને સાસરે આપો તો બંસ દોના તામડીરે
ચીરના ચંદરવા જાડરના ગલેયા, તો મછલો બંદરના ચોરસારે
બરાનપુરી ગોરી નીજાપુરી ઝારી નો નવા નગરના વાડકારે
ત્રાંબાના તકીયા પીતળના અબાળીયાનો નકીરે સુખડના પાટલારે
એટલું લઈ બેન સાસરે જાજો, તો લાજ વધારજો આપણીરે
આગ નવલા વેવાઇ તને વીનવુ, તારી સાંકડી શેરીવ ળાવને,
મારૂ મોટાનું સાજન આવશે; તારા ઉકરડા દેખીને લાજસે,
તારા છબયાં છોકરાંને મારશે; તારાં બધડાં બુઢાને દાટશે.
તને નકટને નહી લાજરે, તને નીરલજને શું કહીએરે.
વરતો બહુરે હાંશીલો વરતો બહુરે ખાંતીલો,
એની મરઘા નથણી જુવે વાટરે નગારાં વાગે ધીમે ધીમે,
વર તો સોનીડાની શેરી વચ્ચે સંચર્યોરે,
વરને [illegible] વસાવતાંલાગી વારરે નગારાં વાગે ધીમે ધીમે
વર તો માળીડાની શેરી વચ્ચે સંચર્યોરે,

વરને ખુબ વસાવતાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે
વર તો ગાંધીડાસું શેરી વચ્ચે સંચર્યોરે,
વરને શ્રીફળ વસાવતાં લાગી વારરે, નગારાં વાગે ધીમે ધીમે
વર તો ડોશીડાની શેરી વચ્ચે સંચર્યોરે,
વરને સરબંદ વસાવતાં લાગી વારરે, નાગરાં ધીમે ધીમે
વરતો તંબોળીડાની શેરી વચ્ચે સંચર્યોરે,
વરને પાન વસાવતાં લાગી વારરે નગારાં વાગે ધીમે ધીમે

ગીત ૩૪ મું.

શેરી શેરી ઘુઘરડા વાગેછે કોઇ ઉમરાવ જાદો આવેછે,
કો૦ જાણુ પીછાણુ કરો પેલા નવલા વેહેવાઇને જાણુ કરો,
પેલા કોડીલા વેહેવાઇને જાણુ કરો તારી સેરી છે સુગાળી.
તારી ઘર ધણીઆણી કાળીરે મારી જાનમાં આવ્યા મોટા,
વેહેવણ જણ ભરી લાવો લોટારે; વેહેવણ લેજોરે કંકાવટી.
તારે બારણે આવ્યો નાણાવટી વેહેવાણ લેજોરે સોપારી,
તારે બારણે આવ્યો વેપારી વેહેવણ ભેજોરે સુપલકુ,
તારા ભવનુ તે ભાગ્યુ દુખડુ તારા ચુલાની પછાડે ગારોરે.
તારે દીકરી જણ્યાનો વારોરે, તારા ચુલા પાછળ ઇંટરે.
તારે દીકરી જણ્યાની રીતરે, તુતો દીકરી જણી જણી થાકીરે,
આંબા કેરીની પેઠે પાકીરે.

ગીત ૩૫ મું.

સુરત શેહેર વસે એક સોનીરે શોની ઘડજે લાકડાની પોચીરે
એની પોચીએ ઝાઝા હીરારે પોચી લાવે લાકડાના હીરારે
બાજુબંધના સરખી પોચીરે મુબાઇ શેહેર વસે એક જડીઓરે

જડીયા જડજેએક લાકડાની પોચીરે એની પોચીએ ઝાઝા આંબારે
પોંચી લાવે લાકડાના મામારે બાજુબંધના સરખી પોચીરે
ભરૂચ શેહેર વસે એક પટવોરે પટવા ગાંઠ લાડકડાની પોચીરે
એની પોંચીએ ઝાઝી ખાપરે. પોચી લાવે લાડકડાના બાપરે
બાજુબંધના સરખી પોંચીરે. અમદાવાદ વસે એક ઝવેરીરે.
ઝવેરી પારખ લાડકડાની પોચીરે એની પોંચીએ ઝાઝા મોતીરે
પોંચી લાવે લાડકડાની માશીરે બાજુ બંધના સરખી પોંચીરે
તાંતો નવરંગ માંડવા રચ્યાઆરે તાંતો નેટવર ચઢીયા ઘોડેરે
૧૨ કન્યા પરણીને ઉઠયારે.

રાગ ધનાશ્રી.

સનમુખ શ્રીજી દેખાય હો સજની સનમુખ શ્રીજી૦ ટેક.
લક્ષ્મી બાગમાં વૈષ્ણવની સાથે, તાળીબજાવીનેગાય,
હો સજની ૧
પુષ્પતણા શ્રંગારસજીને, જુગતીબંદ જણાય; હો સજની૦ ૨
આજની નવલખ છબી નિરખતાં; આનંદ ઉરના સમાય;
હો સજની૦ ૩
શ્રીજીસબંધીસીતળથાય. વાયુધીમેધામેવાય;
હો સજની૦ ૪
જન્મ ધરીનેજેણે શ્રીજી ના નીરખ્યા, ધીક પડયો અવતાર,
હો સજની૦ ૫
ચાલે દયાળુમાં રાજની ચાલે, મલક મલક મુખ થાય;
હો સજની૦ ૬
પ્રેમાનંદ કહે છે દાસ હરીનો; ચરણ કમળ ચીત ચાય,
હો સજની૦ ૭

રાગ પુનમ ચાંદનીનો.

સખીઓ ચાલો તો જઇએ શ્રીજી સહેરમાંરે
નવનીત લાલજી બીરાંજે સુખ પાલમાંરે,
ગોરધન નાથજી બીરાજે મોતી મેહેલમાંરે ટેક.
પહેલાં દરશન મંગળ સમય સાંભળોરે સખીઓ ૧
બીજાં શંગાર વાલે બહુ ધર્યારે સખીઓ ૨
ત્રીજાં દરસન ગોવાળ બાલ ખેલનારે સખીઓ ૩
ચોથાં દરશન રૂડાં રાજભોગનાંરે
નીત્ય નીત્ય નવીન સામગ્રી આરોગતારે સખીઓ ૪
પાંચમાં દરસન ઉત્થાપન હરખીયારે
શંખ વાગ્યોને વૈષ્ણવ થયા ઉતાવળારે
બીડ ભારીને વૈષ્ણવ થયા ઉતાવળારે સખીઓ ૫
છઠા દરસન ભોગ સમયનાં સાંભળોરે
દરસન કરીને હઇયે સંતોખીઆંરે સખીઓ ૬
સાતમાં દરસન સેન સમયનાં સાંભળોરે
નીત્ય નીત્ય આરતી ઉતારે જીવણ લાલજીરે સખીઓ ૭

સીતાની કાંચળીનો ગરબો.

(પરમેશ્વરીને પાએ પડી હો બહુચરી કહું કળીયુગના કર્મ) એ રાગ
ક્રૈકે ક્રોધમાં બાલીયાં હો બહુચરી રામ લક્ષમણ વન જાય.
પેહેલું તે વન રામે મેલીયું હો બહુચરી સીતાએ રોપ્યાં વૃક્ષ;
અમરોને ડમરો રોપીઓ હો બહુચરી, રોપ્યાં છે દાડમ દ્રાક્ષ. ૨
રાજા રાવણનો મરઘલો હો બહુચરી, વનફળ ચરી ચરી જાય;
ચરતાં સીતાએ ભાળીયો હો બહુચરી, કાંચળડી સીવડાય, ૩

સાવ સોનાનો કંચવો હો બહુચરી, ચાંમડામાં શો સાર,
નહીં કાકાના કટમમાં હો બહુચરી, નહીં મામાને મોસાળ ૪
નહીં મઇયરમાં બંધવો હો બહુચરી, કોને ચડાવું પાડ,
સીતા મહીયરનાં પાતળાં હો બહુચરી કોણ લડાવે લાડ. ૫
સીતાના બોલ સાંભળ્યા હો બહુચરી, ધનુષ્ય લીધું હાથ,
પેહેલું તે બાણ રામે ફેંકીયું હો બહુચરી, જઇ પડયું દરીયા પાસ.
બીજે તે બાણે મૃગ મારીયો હો બહુચરી, ધાજો હો લક્ષમણ વીર,
સીતા કહે જાઓ દીએર હો બહુચરી, હણ્યા તમારા વીર. ૭
ઘેલી સીતા ઘેલું ન બોલીયે હો બહુચરી, રામ હણ્યા કેમ જાય,
આણ આપી છે શ્રી રામની હો બહુચરી, લક્ષમણ વાંસે ધાય. ૮
રાવણ આવ્યો જોગી વેશથી હો બહુચરી, ભીક્ષા દો સીતામાય,
આણો આપી છે શ્રીરામની હો બહુચરી, ભીક્ષા આપી નવ જાય.
એક પગ મુકો આણમાં હો બહુચરી, બીજો તે આણ્યો બહાર,
ખાંધે મુકીને રાવણ ચાલીયો હો બહુચરી, હરી છે સીતા નાર. ૧૦
મૃગ મારીને રામ લાવીયા હો બહુચરી, નાખ્યો મઢીની બહાર,
સુનાં મંદીર દીસે માળીયાં હો બહુચરી, કયાં ગઇ સીતા નાર. ૧૧
રામ રૂવે લક્ષમણ રીઝવે હો બહુચરી, ઘેલા ન રોશો રામ,
સીતા સરીખી પરણાવીશું હો બહુચરી સીતા ધરાવીશું નામ. ૧૨
જળ જળ કમળ ના નિપજે હો બહુચરી, વનવન અગર ના હોય,
ઘેર ઘેર સીતા ના નીપજે હો બહુચરી બંધવ વીચારી જોય. ૧૩
તુમે તે પાન બીડાં ફેરવ્યા હો બહુચરી, કોઇ છે બળીયો જોધ,
બીડું ઝીલે હનુવો જતી હો બહુચરી, લાવું સીતાની શોધ. ૧૪
રામ પેઠી ઉપડયો હો બહુચરી, ગયો લંકા મોઝાર,
જોયા ચોરાશી ચોટડાં હો બહુચરી, જોઇ જોઇ બાવન બજાર. ૧૫

જોયાં મંદિર જોયાં માળીયાં હો બહુચરી, જોયું રાવણનું રાજ,
કંઇ સીતા દીઠાં નહિ હો બહુચરી, ગયો પાણીયારીને બાર. ૧૬
બાઇ પાણીયારી તને વીનવું હો બહુચરી, ક્યાં છે સીતા માય,
અશોક વાડીને ઝાડવે હો બહુચરી, ત્યાં છે નવ તું જાય. ૧૭
ત્યાં થકી હનુમંત ઠેકીયો હો બહુચરી, આસો પાલવને ડાળ,
પડતી મહેલી પવિત્રી હો બહુચરી, મેહેલી તે સીતા નાર. ૧૮
મુદ્રીકા મારા રામની હો બહુચરી, કયાંથી લાવ્યો હનુમાન,
કોને તને જોવા મોકલ્યો હો બહુચરી, કોણે આલ્યાં એંધાણ. ૧૯
રામે તે જોવા મોકલ્યા હો બહુચરી, લક્ષ્મણે આલ્યાં એંધાણ,
બાળ લેવા હું આવીગો હો બહુચરી, પંચવટીથી પ્રમાણ. ૨૦
તરશો તે હડશ બાઈ સાવજા હો બહુચરી, ટાઢાં તે નીર પીજા,
ભુખ્યો તે હડશ બાઇ સાવજા હો બહુચરી, પડયાં જ વનફળ ખા.
ઝીઝોટેને ઝપાટે હો બહુચરી, ખખેરે ને ખાય,
માળી તે આવ્યો માથુ કુટતો હો બહુચરી, રાવણ પાસે જાય. ૨૨
રાવણ બળથી બોલીયો હો બહુચરી, મારો બળીને બાણ,
મારજો લોઢેને લાકડે હો બહુચરી, મારજો એરણને ઘાણ. ૨૩
કુંભકરણે બાથ્યા ભીડીયા હો બહુચરી, માર્યું બળીને બાણ,
ઇંદ્રજીતે બાથા ભીડીયા હો બહુચરી, કે હું વાળું એનો ઘાણ. ૨૪
નહી મરૂ લોઢેને લાકડે હો બહુચરી, નહી મરૂ એરણને ઘાણ,
સાચુ તે બોલ બાઇ સાવજા હો બહુચરી, સેણે તજે તું પ્રાણ. ૨૫
બધી લંકાના ગોદડાં હો બહુચરી, સહસ્ર ઘાણીનું તેલ,
મારે તે પુછડે બાંધજો હો બહુચરી, અગ્ની તેમાં મેલ. ૨૬
મોત વાંદરાનું તે બળ હો બહુચરી, ચીતજો મનમાં જાણ,
ત્યાં થકી ઉપડયો ઠેકડે હો બહુચરી, જઇ બેઠો લંકાગઢ. ૨૭

બાળ્યાં ચોરાશી ચઉટડા હો બહુચરી, બાળ્યાં છે બાવન બજાર,
રાખ્યાં વિભિષણ ખોલડાં હો બહુચરી, આસોપાલવને ડાળ. ૨૮
લંકા બાળે અતુલની હો બહુચરી હનુમાનને હસતું થાગ,
જુનાગઢને ગાંદરે હો બહુચરી, નાગર નરસઇયો ગાય. ૨૯

કાળકાનો ગરબો.

જુગદેશીરે જશ ગાઉંછું મહાકાળીરે,
છત્રછાએ વસજો માત પાવા વાળીરે,
સેવક જાણી તાહરો માહારા શીર ઉપર ધરજો હાથ. પાવા ૨
હોંશ હઇયામાં થાયછે મા, ગુણ ગાવાનું છે મન, પાવા ૩
દયા કરો તમ દાસને મા, તેથી ઉપજે બુદ્ધી પાવન. પાવા. ૪
ગુણ ગંભીર છે તાહારો મા, કહેતાં ન આવે પાર, પાવા. ૫
બાળક બુદ્ધિ શું કરો, મા, જો હોય તારો આધાર, પાવા. ૬
નવનેરી નગરી વિશે મા, ચંપાવતી ચતુર સુજાણ, પાવા. ૭
રામ સરખું રાજ છે મા, માંહી વસે અઢારે વરણ. પાવા. ૮
ત્યાં ચતુર નારીઓ અતી ઘણી મા નીરમળ છે તેનું મન. પાવા, ૯
ગરબો ખેલે ચોકમાં, મા નવરાત્રી કેરે દીન, પાવા. ૧૦
શણગાર સરવે શોભતા મા, નારી કુંજરના ચીર, પાવા. ૧૧
ગુણવતી ગરબે રમે મા, રાખીને મનશું ધીર, પાવા. ૧૨
તાળીની ઝડીઓ પડે મા, ત્યાં શોભા નોતમ થાય, પાવા. ૧૩
કોકીલ શબ્દ શોહામણા મા, નવરંગી નારી ગાય, પાવા. ૧૪
તે પળે માતા આવીયાં મા, વીજળીના સરખુ રૂપ, પાવા. ૧૫
સુરજ સરખાં શોભીતા મા, માએ રૂપ ધર્યું અદ્ભુત પાવા. ૧૬
નારીઓ સરવ આંખી રહી મા, તેજ તણો અંબાર, પાવા. ૧૭

રાણીઓ મનમાં એમ ધરે મા, બાઇ આ નવશી કોણ નાર
રૂપ રંગે આગળી મા, જેની સોના સરખી કાય, પાવા. ૧૯
અંધ રાત્રે રાણીઓ પરવરી મા, જઇને વીનવીયો રાય, પાવા. ૨૦
રાણીઓ રાય આગળ કહે મા, સાંભળજો પ્રાણ આધાર, પાવા. ૨૧
એક રામા આવીયાં મા, જ્યાં બાવનમો બજાર, પાવા. ૨૨
બત્રીશ લક્ષમણ આગળી મા, તેતો પદમનીનો અવતાર, પાવા. ૨૩
તેને જોઇ ત્રીભોવન મોહી રહે મા, તે આગળ નહીકો નાર.
રાજાને નારી ગમી મા, વળી સુરજ થયો પ્રકાશ, પાવા. ૨૫
તે દિવસ ગયો અતિ દોહલો મા, ગનડામાં મોટી હામ, પાવા. ૨૬
વળી રાત પડી દીન આથમ્યો, ચોઘડીયાં ઠમકે બાહાર, પાવા. ૨૭
ઘેરઘેરથી સઉ નીસર્યા મા, ગરબે ગાવા સઉ નાર, પાવા. ૨૮
રંગ મચ્યો સાહેલડી મા, એવામાં આવ્યાં માત, પાવા. ૨૯
ત્યાં રાણીએ દાશી મોકલી મા, રાય આગળ કહેવા વાત,
ત્યાંથી પતાઇ રાવળ ઉઠીયો મા, જોવાને નવલી નાર, પાવા. ૩૧
આવી નિરખી નયણે ભરી મા, વીરહ વધ્યો અપાર, પાવા. ૩૨
નખ શીશ સુધી નીરખીયાં મા, મુરછાએ પડીઓ રાય, પાવા. ૩૩
રાજા રંગે મોહી રહ્યો મા, નારી શું લાગ્યો નેહ, પાવા. ૩૪
રમતાં રજની વહી ગઇ મા, સઉ વળ્યા પોતાને ઘેર, પાવા. ૩૫
ત્યારે માત ચાલ્યા એકલાં મા, પતાઇની જાણી પેર, પાવા. ૩૬
પાપી પુંઠે પરવર્યો મા, માતાનો ઝાલ્યો હાથ, પાવા. ૩૭
મામમાગ મુખથી કહ્યું મા, એવું મુખથી બોલ્યા માત, પાવા. ૩૮
તારૂં તપ વસ્યું હૈયા વિષે મા, હું રાખીશ મારે ઘેર, પાવા. ૩૯
ત્યાં મહેલ ચણાવું માણેકના મા, તેની કોઇ ન જાણે પેર
મારે મોહોલે રાણીઓ અતિ ઘણી મા, તેના પટરાણી આપ,

ખાઓ પીઓ ખુશી કરો મા, રૂડી રાજ્ય સરખી રીત, પાવા. ૪૨
ત્યારે ક્રોધ કરીને બોલીયાં મા, તારૂ પ્રગટ્યું રાજા પાપ,
તારૂ રાજ્ય જશે જડમુળથી મા, આવી મળશે તારો હોમ,
ચેત ચેત તું અભાગીઆ મા, ત્યાં રોપ્યો રણ સ્થંભ, પાવા. ૪૫
પોઠ ચલાવી પાધરી મા, બુડીયો દરવાજે બંધ, પાવા. ૪૬
સુરદાસે રહીને પુછ્યું મા, શું ભરયું છે માલ રસાળ, પાવા. ૪૭
ત્યારે બુડી ગારા કરી મા, નિકળ્યા મોગલા હઠીત, પાવા. ૪૮
ત્યારે સળીયેવાકળીયે સત્ય મુકીયું મા, જઇ પતાઇને કહી પેર
જુધ મચ્યું જેમ જોરથી મા, તારે થઇ રહ્યો ઉતપાત, પાવા. ૫૦
તારે એવું દળ સઘળું રહ્યું મા, તે જુધ થયું છે વરસ બાર,
લેઇ લશ્કર આગળ થયો મા, પછી ભેળવીઓ ચંડાળ, પાવા. ૫૨
લોહી તણી નદીઓ વહી મા, ત્યાં વરત્યો હાહાકાર, પાવા. ૫૩
તારે પતાઇ રાવળનું પત ગયું મા, ત્યાં જાણી જુગમાં વાત,
તારે પતાઇ મનમાં સમજીઓ મા, મુજ ઉપર કોપ્યાં માત,
કરગરનો રાજા શરણે ગયો મા, બેઉ બેઉ કર જોડી હાથ,
મુજ ઉપર માતા મહેર કરો મા, દળ સઘળું પાછું જાય,
મહાકાળી મનમાં એમ ધરે મા, સુઆને આપું સુખ, પાવા. ૫૮
મા તું અનામી રાજીયો મા, પતાઇનું ટાળ્યું દુઃખ, પાવા. ૫૯
જે ગાય શીખેને સાંભળે મા, તેની માતા પુરે આશ, પાવા. ૬૦
મા તું ગુણવંતી કાળકા મા, ગુણ ગાય એ ગોકળદાસ. પાવા. ૬૧

શ્રી રણછોડજીની આરતી.

જે રણછોડરાયા, પ્રભુ જે રણછોડરાયા.
અગર કપુરે કર આરતી, ગોપીવર ગાયા જે રણછોડ. ૧

સુરતરૂ કામ ધેનુ ચીંતામણી, જે કો જન સેવે પ્રભુ૦
ત્રિવિધી તાપ ન વ્યાપે તનમાં, ઇચ્છાફળ દેવે જે રણછોડ ૨
ચતુરા તન પંચાનન અખંડાનંદ, શેશાનંદ સમરે
પર પંકજ રજ શિશ ચઢાવે, તે નિશ્ચેનામરે જે રણછોડ ૩
ઇશ્વર રજસુજસ શ્રીસંગે અંગે રંગરાજે
ગાન વૈરાગ વસે પુરણ ભવ સંકટ ભાજે જે રણછોડ ૪
રિધિ સિધિ નવનિધી મુકતી, ચતુર ધા ચરણ તળે લોટે;
આનંદ મુની પરમ સુખ પામ્યો, કેમ બીજુ ગોઠે જે રણછોડ ૫
નખશીખ રૂપ રસિકવર કેરૂ જે હૃદયે ધરશે
કહે પ્રીતમ ગોપદની પેરે ભવસાગર તરશે જે રણછોડ ૬

સમાપ્ત

સ્ત્રી વર્ગને ઉપયોગી વાંચવા લાયક વાર્તાના પુસ્તકો.

સતીભદ્રા કવી કાળીદાસ	૦—૪—૦
સુગુણ સવીતા	૦—૬—૦
કુંદન કુસુમ ભાગ ૧ લો	૦—૧૨—૦
ભાગ ૨ જો	,,
ભાગ ૩ જો	,,
ભાગ ૪ થો	,,
ભાગ ૫ મો	,,
નરસીહ મહેતો	૦—૮—૦
મીરાંબાઇ	૦—૮—૦
દેવી પુત્ર બાલામંજી પરમાર	૦—૮—૦
મીઠી મધુરી વાતો	૦—૮—૦
લતા લલીતા ભાગ ૧ લો	૦—૨—૦
,, ભાગ ૨ જો	૦—૧૨—૦
સ્વર્ગની સુંદરી	૦—૪—૦
મલ્યા સુંદરી	૦—૧૦—૦
રાજાને માનવતી રાણી	૦—૮—૦
ગી	૦—૧૦—૦
ાથે	૧—૮—૦

કામીની ચરીત્ર	૦—૧—૦
મોહીની ચંદ્ર	૦—૬—૦
લાલા વાઘેલી	૦—૪—૦
રમણુ નારા	૦—૮—૦

ભાશણ સાથેનાં નાટકો.

બરથરી ચીત્રો સાથે	૦—૬—૦
બીલ્વમંગળ ઉર્ફે સુરદાસ	૦—૬—૦
હરીશ્ચંદ્ર–તારામતી	૦—૬—૦
રાણકદેવી	૦—૬—૦
સુદામાજી	૦—૨—૦
જગદેવ પરમાર	૦—૮—૦
ચાંપરાજ હાંડો	૦—૬—૦
ગોપીચંદ	૦—૪—૦
હોથલ પદમણી	૦—૫—૦
છેલ જરાર રાણી સુમના	૦—૫—૦

આ સિવાય ઘણી જાતનાં પુસ્તકો મળે છે. અમારૂં છાપેલું લીસ્ટ મંગાવી માહીતગાર થવું.

મુ. અમદાવાદ.
ઠે. રીચીરોડ

વેચનાર.
જેશીંગભાઈ મોતીલાલ
ની કં.